દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૫ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 170 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ સુદ-૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 20 July 2026, Monday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
સોમવાર, ૨૦ જુલાઈ ૨૦૨૬, (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સીએનજીનો ભાવ ફરી વધ્યો, બે રૂપિયાનો વધારો થતાં કિલોનો ભાવ ₹ ૯૦એ પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અદાણી સીએનજી દ્વારા ફરી એકવારમાં સીએનજીના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. સીએનજીમાં કિલોદીઠ રૂ. ૨નો વધારો ઝીંકવામાં આવ્યો છે, જેના લીધે હવે કિલોનો ભાવ રૂ. ૮૮.૨૦માંથી ૯૦.૨૦એ પહોંચ્યો છે.

અદાણી સીએનજી દ્વારા રવિવારે ફરી રૂ. બે વધારવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે અદાણી સીએનજી દ્વારા વર્ષ ૨૦૨૬માં લગભગ પાંચેકવાર ભાવમાં વધારો કર્યો હતો, જ્યારે માત્ર એકવાર ઘટાડો કરવામાં આવ્યો હતો. હવે ફરી જુલાઈ મહિનામાં વધારો થતાં અમદાવાદમાં કિલોદીઠ રૂ. ૯૦.૨૦ થશે.

સીએનજીનો ભાવ વધતા રીક્ષાચાલકો ખાસ પરેશાનીનો સામનો કરી રહ્યા છે. સરકારે થોડા સમય પહેલા તેમના ભાડામાં વધારો મંજૂર કર્યો છે, પરંતુ તે લાગુ કર્યો ન હોવાથી તેઓ ગ્રાહકો પાસેથી નવા દર પ્રમાણે ભાડું વસૂલી શકતા નથી, તેમ સૂત્રો જણાવે છે. જ્યારે બીજી બાજુ સીએનજી ફરી મોંઘો થતા તેમના પર વધારે બોજ પડશે, તેમ અમુક રીક્ષાચાલકોએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું. ■

## કાશ્મીરમાં કુદરત વીફરી: વાદળો ફાટ્યાં, ૧૬નાં મોત





જમ્મુ: જમ્મુ અને કાશ્મીરમાં વાદળ ફાટવાથી ભારે તબાહી મચી ગઈ છે. અનેક સ્થળોએ ભારે વરસાદ અને વાદળ ફાટવાના કારણે ૧૬થી વધુ લોકોનાં મોત થયા છે, જ્યારે ડઝનેક લોકો હજુ પણ ગુમ છે. પૂંછ અને રાજૌરીના સરહદી જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે આવેલાં પૂર અને ભૂસ્ખલનમાં રવિવારે મૃત્યુઆંક વધીને ૧૬ થયો છે, જેમાં અનેક લોકો હજુ પણ ગુમ છે. બચાવ ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચવા માટે પ્રતિકૂળ હવામાન વચ્ચે પ્રયાસો કરી રહી છે.

સૌથી વધુ નુકસાન સુરનકોટમાં થયું છે, જ્યાં એક પરિવારના આઠ સભ્યો સહિત નવ લોકોએ જીવ ગુમાવ્યા છે. બે વર્ષના બાળકનો મૃતદેહ મળી આવ્યો છે. હવેલીમાં એક વ્યક્તિનું મોત થયું છે અને અનેક લોકો ગુમ છે.

રાજૌરીમાં ભૂસ્ખલન, અચાનક પૂર અને ભારે વરસાદથી એક વ્યક્તિનું મોત થયું છે. પ્રતિકૂળ હવામાનને કારણે પૂંછના હવેલી વિસ્તારમાં સાત ઘરોને નુકસાન થયું હતું. ભારે વરસાદને કારણે રાજૌરીમાં પણ ધારહાલ નદીનું જળસ્તર વધી ગયું છે. ન્યૂ બસ સ્ટેન્ડ બેલા વિસ્તારમાં આવેલા પૂરમાં ૨૦૦ થી ૨૫૦ વાહનો તણાઈ ગયાં હતાં.

સુરનકોટ અને પૂંછ જિલ્લાના અન્ય ભાગો સૌથી વધુ પ્રભાવિત થયા હતા, ભૂસ્ખલન, અચાનક પૂર અને ઘર ધરાશાયી થવાથી જાનમાલનું ભારે નુકસાન થયું હતું. જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ, એસડીઆરએફ અને અન્ય એજન્સીઓ દ્વારા બચાવ અને રાહત કામગીરી દિવસભર રહી હતી.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે જિલ્લામાં મૃત્યુઆંક વધીને ૧૬ થઈ ગયો છે, જ્યારે ઘણા લોકો હજુ પણ ગુમ છે. તેમણે કહ્યું હતું કે અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ ટીમો તૈનાત કરવામાં આવી છે અને ગુમ થયેલા લોકોને શોધવા, ફસાયેલા રહેવાસીઓને બહાર કાઢવા અને અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક રાહત આપવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે સુરનકોટના લોઅર મુર્રામાં રવિવારે વહેલી સવારે ભૂસ્ખલનમાં એક ઘર દટાઈ ગયું હતું, જેમાં એક આખો પરિવાર દટાઈ ગયો હતો. બચાવ ટીમોએ કેટલાક મૃતદેહો બહાર કાઢ્યા હતા, જ્યારે કાટમાળ નીચે ફસાયેલા લોકોની શોધ ચાલુ છે.

અલગ અલગ ઘટનાઓમાં અવિરત વરસાદને કારણે ઘરો તૂટી પડતાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા, જ્યારે એક સગીર છોકરી નદીમાં ડૂબી ગઈ. પૂંછ અને રાજૌરી જિલ્લામાં નદીઓ અને નાળાઓમાંથી પણ મૃતદેહો મળી આવ્યા હતા

રાજૌરીમાં રાતોરાત ભારે વરસાદને કારણે નદીઓ અને નાળાઓ છલકાઈ ગયાં, જેના કારણે પૂર આવ્યું હતું. નીચાણવાળા વિસ્તારો પાણીમાં ડૂબી ગયા, જેના કારણે સેંકડો રહેવાસીઓને સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. દરમિયાન, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભારે વરસાદને પગલે જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લામાં પૂરની સ્થિતિની સમીક્ષા કરી હતી. તેમણે જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા અને મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લા સાથે ફોન પર વાત કરીને પરિસ્થિતિ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. ■

## ભાવનગરમાં ચાંદીપુરા વાઈરસથી ૭ વર્ષના બાળકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જામનગરમાં ચાંદીપુરાના બે કેસ બાદ ભાવનગરમાં પણ એક બાળકનું મોત ચાંદીપુરા વાઇરસને લીધે થયાના અહેવાલો મળ્યા હતા. ભાવનગર જિલ્લામાં ચાંદીપુરા વાઇરસના કારણે પ્રથમ મૃત્યુનો સત્તાવાર કેસ સામે આવતા આરોગ્ય વિભાગમાં દોડધામ મચી ગઈ હતી. અહીંના વલ્લભીપુર તાલુકાના મેલાણા ગામમાં રહેતા એક ૬ વર્ષીય માસૂમ બાળકનું આ ઘાતક વાઇરસના સંક્રમણને કારણે મોત નીપજ્યું હોવાની પુષ્ટિ સરકારી લેબોરેટરીના રિપોર્ટમાં કરવામાં આવી છે. આ કેસ સાથે જ રાજ્યમાં ચાંદીપુરા વાઇરસથી સત્તાવાર રીતે મૃત્યુ પામનાર બાળકોની સંખ્યા ચાર પર પહોંચી ગઈ છે, જ્યારે અન્ય નવ જેટલાં બાળકોનાં મોત શંકાસ્પદ લક્ષણોના કારણે થયા હોવાનું બહાર આવ્યું છે, જેના લીધે સમગ્ર રાજ્યના આરોગ્ય તંત્રને તાકીદની અસરથી હાઈ એલર્ટ પર મૂકી દેવામાં આવ્યું છે.

ભાવનગર જિલ્લા આરોગ્ય અધિકારી કે. એમ. સોલંકીએ આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, મૃતક બાળક મૂળ મધ્ય પ્રદેશનો વતની હતો અને તે ગત ૬ જુલાઈના રોજ જામનગરથી વલ્લભીપુર તાલુકાના મેલાણા ગામે આવ્યો હતો. ગામમાં આવ્યા બાદ બાળકને અચાનક તીવ્ર તાવ આવવાની સાથે-સાથે ચાલવામાં ભારે તકલીફ થવા લાગી હતી. બાળકની તબિયત બગડતા જ પરિવારજનો તેને તાત્કાલિક સારવાર માટે વલ્લભીપુર ખાતે લઈ ગયા હતા, જ્યાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. જોકે, બાળકની સ્થિતિમાં કોઈ સુધારો ન થતા અને તબિયત વધુ લથડતા તેને ૮ જુલાઈના રોજ ભાવનગરની સર. ટી. હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. હૉસ્પિટલના સ્પેશિયલ વૉર્ડમાં સારવાર ચાલી રહી હતી તે દરમિયાન જ, ૯ જુલાઈના રોજ ગણતરીના કલાકોમાં આ બાળકે અંતિમ શ્વાસ લીધા હતા. બાળકમાં જોવા મળેલા શંકાસ્પદ લક્ષણોને પગલે તબીબોએ તેના બ્લડ સેમ્પલ લઈને તાત્કાલિક ગાંધીનગર ખાતેની સ્ટેટ લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલી આપ્યા હતા. ગઈકાલે મોડી રાત્રે આ સેમ્પલનો લેબ રિપોર્ટ પોઝિટિવ આવતા, બાળકનું મોત ચાંદીપુરા વાઇરસથી જ થયું હોવા પર સત્તાવાર મહોર લાગી હતી.

આ જીવલેણ વાઇરસે અત્યાર સુધીમાં ગુજરાતના જુદા જુદા જિલ્લાઓને પોતાની ઝપેટમાં લીધા છે, જેમાં ખાસ કરીને ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં તેનો પ્રકોપ વધુ જોવા મળી રહ્યો છે. સરકારી આંકડાઓ મુજબ અત્યાર સુધીમાં પંચમહાલ જિલ્લામાં સૌથી વધુ ૧૭ કેસ અને સાબરકાંઠા જિલ્લામાં ૧૩ કેસ નોંધાઈ ચૂક્યા હોવાના અહેવાલો છે, ત્યારે હવે વાઇરસ સૌરાષ્ટ્રમાં પણ ફેલાયો હોવાનું બહાર આવી રહ્યું છે. ■

## ખરાબ હવામાન: અમરનાથ પછી વૈષ્ણોદેવી યાત્રા પણ અટકાવાઈ

જમ્મુ: માતા વૈષ્ણોદેવીની યાત્રાને પણ હાલ સ્થગિત કરી દેવામાં આવી છે. જમ્મુ-કાશ્મીરમાં સતત ખરાબ હવામાન અને ભારે વરસાદની ચેતવણી વચ્ચે પ્રશાસને આ યાત્રાને ગઈ કાલથી સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. આ પહેલા અમરનાથ યાત્રાને પણ અટકાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પ્રશાસને જણાવ્યું છે કે શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ સાવચેતીનું પગલું ભરવામાં આવ્યું છે. હવામાન સામાન્ય થવા પર અને યાત્રાનો માર્ગ સુરક્ષિત જણાશે ત્યાર બાદ જ યાત્રા ફરી શરૂ કરવામાં આવશે.

પ્રશાસને જણાવ્યું કે ભારત હવામાન વિજ્ઞાન વિભાગે આવા બુધવાર સુધી જમ્મુ-કાશ્મીરમાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. આ બાબતને ધ્યાનમાં રાખીને શ્રદ્ધાળુઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ આગામી આદેશ સુધી યાત્રા પર ન નીકળે અને માત્ર સત્તાવાર માહિતી પર જ ભરોસો રાખે. અધિકારીઓએ જણાવ્યું કે યાત્રીઓની સુરક્ષા એ સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

તેમણે જણાવ્યું કે આ નિર્ણય વિસ્તારમાં ખરાબ હવામાનની ચેતવણી બાદ લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. શ્રદ્ધાળુઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ પ્રશાસનને સહયોગ કરે અને આગામી આદેશ સુધી યાત્રા પર ન જાય.

અગાઉ અમરનાથ યાત્રાને અટકાવી દેવાઈ હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, વર્તમાન અમરનાથ યાત્રા દરમિયાન અત્યાર સુધીમાં ૩.૭૬ લાખથી વધુ શ્રદ્ધાળુઓ પવિત્ર ગુફામાં બાબા બર્ફાનીના દર્શન કરી ચૂક્યા છે. પ્રશાસને જણાવ્યું છે કે હવામાનની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને યાત્રા ફરી શરૂ કરવા સંબંધિત તમામ માહિતી સત્તાવાર માધ્યમો દ્વારા શેર કરવામાં આવશે. ■

## અમિત શાહે બંગાળમાં અમૂલના પ્લાન્ટનો કર્યો શિલાન્યાસ, આશરે ૭૦૦ કરોડનો થશે ખર્ચ

કોલકાતા : કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે રવિવારે કહ્યું કે બંગાળમાં જે પરિવર્તન જોવા મળ્યું છે તે સ્વતંત્રતા પછી દેશમાં કોઈ પણ બીજા રાજ્યમાં જોવા મળેલા રાજકીય પરિવર્તનથી વિપરીત છે. તેમણે અહીં અમૂલ બંગાળ ડેરી પ્રોજેક્ટ હેઠળ દહીં ઉત્પાદન પ્લાન્ટનો શિલાન્યાસ કરતી વખતે રાજ્યની ભાજપ સરકારની પ્રશંસા કરી હતી.

શાહે પૂર્વ કોલકાતાના ન્યૂ ટાઉન વિસ્તારમાં બિસ્વા બાંગ્લા કન્વેન્શન સેન્ટર ખાતે હાવડામાં બની રહેલા વિશ્વના સૌથી મોટા દહીં ઉત્પાદન પ્લાન્ટનો વર્ચ્યુઅલી શિલાન્યાસ કર્યો હતો. મુખ્ય પ્રધાન શુભેન્દુ અધિકારી, વરિષ્ઠ પ્રધાનો અને અધિકારીઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

સભાને સંબોધતા શાહે કહ્યું હતું કે, બંગાળમાં આવેલું પરિવર્તન સ્વતંત્રતા પછી દેશભરમાં કોઈપણ રાજ્યમાં જોવા મળેલા કોઈપણ રાજકીય પરિવર્તનથી એકદમ અલગ છે. પહેલા બંગાળમાં ત્રણ દાયકા સુધી ડાબેરીઓની વિદેશી વિચારધારાનું શાસન રહ્યુ પછી ૧૫ વર્ષ સુધી ભ્રષ્ટ અને વૈચારિક રીતે નાદાર ટીએમસીનું શાસન રહ્યું હતું.

પશ્ચિમ બંગાળની તેમની ત્રણ દિવસીય મુલાકાતનો ઉલ્લેખ કરતા શાહે કહ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકારે મુખ્ય શાસન મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરી હતી અમે છેલ્લા બે દિવસમાં ઘૂસણખોરી રોકવા, કાયદો અને વ્યવસ્થા મજબૂત કરવા અને મહિલાઓની સુરક્ષા સુધારવા માટે ચર્ચા કરી છે અને અનેક પગલાં લીધા છે.

કેન્દ્રીય ગૃહપ્રધાને જણાવ્યું હતું કે પ્રસ્તાવિત અમૂલ બંગાળ ડેરી પ્રોજેક્ટ રાજ્યના ડેરી ક્ષેત્ર માટે એક સીમાચિહ્નરૂપ બનશે અને દૂધ ઉત્પાદકોની આવકમાં નોંધપાત્ર સુધારો કરશે. આશરે ૭૦૦ કરોડ રૂપિયાના રોકાણ સાથેનો આ પ્રોજેક્ટ દરરોજ ૩૦ લાખ લિટર દૂધનું પ્રોસેસિંગ કરશે અને દરરોજ ૧૦ લાખ કિલો દહીં અને અન્ય સંવર્ધિત ડેરી ઉત્પાદનોનું ઉત્પાદન કરશે. તેનાથી પશ્ચિમ બંગાળના ૧.૨૫ લાખથી વધુ ડેરી ખેડૂતોને ફાયદો થવાની અપેક્ષા છે, જેમાં ૩૦,૦૦૦થી વધુ મહિલાઓનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય પૂર્વ ભારતમાં સહકારી ડેરી નેટવર્કને મજબૂત બનાવવાનો છે. સાથે સાથે રાજ્યમાં દૂધ ઉત્પાદકો માટે ટકાઉ બજાર બનાવવાનો છે. ■

## દુબઈ અને અબુ ધાબી ઍરપૉર્ટ પર હુમલાનો ભય

દુબઈ: ઇરાને સંયુક્ત આરબ અમીરાત (યુએઇ)ના આંતરિક માળખા પર વ્યાપક હુમલા કરવા ચેતવણી આપી હોવાથી દુબઈ અને અબુ ધાબી ઍરપૉર્ટ તેમ જ ફુજૈરાહ અને જેબેલ અલી બંદર તાત્કાલિક ખાલી કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવે એવી શક્યતા હોવાનો દાવો તહેરાનની એક સમાચાર સંસ્થાએ કર્યો હતો.

યુએઇના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમે હાલમાં બહુ જ સંયમ રાખી રહ્યા છીએ. યુએઇના નાગરિકોના આંતરિક માળખા પર હુમલા કરાશે, તો તેનો જડબાતોડ જવાબ આપીશું.

છ દેશની ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલના મહામંત્રી જાસેમ મોહમ્મદ અલ-બુદૈવીએ જણાવ્યું હતું કે ઇરાન નાગરિકોના આંતરિક માળખા પર હુમલા કરીને યુદ્ધને લગતો ગુનો (વૉર ક્રાઇમ્સ) કરી રહ્યું છે.

દરમિયાન, જોર્ડનમાંની અમેરિકાની ટ્રૂપ્સ પર હુમલો કરીને ભારે જાનહાનિ પહોંચાડનારા ઇરાનના રિવૉલ્યુશનરી ગાર્ડને લક્ષ્ય બનાવીને અમેરિકાએ રવિવારે હુમલા કર્યા હતા. અમેરિકાએ ઇરાનના પુલ, વીજ મથકો અને અન્ય પ્લાન્ટ્સ પર હુમલા ચાલુ રાખ્યા હતા. તેના જવાબમાં કુવૈતનાં વીજ મથકો, તેલ અને દરિયાનું પાણી પીવાલાયક બનાવવાના પ્લાન્ટ્સ પર હુમલા કર્યા હતા. ઇરાને કુવૈત પર રવિવારે મિસાઇલ્સ અને ડ્રોન્સની મદદથી હુમલા કર્યા હતા. ઇરાને જોર્ડન પર કરેલા હુમલામાં અમેરિકાના બે સૈનિક માર્યા ગયા હતા, ચાર ઘાયલ થયા હતા અને એક સૈનિક ગુમ થયો હતો. અમેરિકાએ આ લડાઇમાં અત્યાર સુધીમાં ૧૬ સૈનિક ગુમાવ્યા હતા અને ૪૩૦થી વધારે સૈનિક ઘાયલ થયા હતા. ઇરાન દ્વારા અખાતના મોટા ભાગે બધા દેશ પર હુમલા કરાઇ રહ્યા છે. સઉદીમાં પણ મિસાઇલ હુમલાની ચેતવણી આપતી સાઇરન અવારનવાર વગાડાઇ હતી. (એજન્સી) ■

## સુરેન્દ્રનગરના ₹ ૧૫૦૦ કરોડના જમીન કૌભાંડમાં એસીબીની વધુ એક મોટી કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર: જિલ્લાના બહુચર્ચિત અંદાજે રૂ. ૧૫૦૦ કરોડના જમીન કૌભાંડ મામલે ભ્રષ્ટાચાર વિરોધી બ્યૂરો (એસીબી)એ વધુ એક મહત્ત્વપૂર્ણ કાર્યવાહી હાથ ધરી હતી. સુરેન્દ્રનગર એસીબી પોલીસ મથકે તત્કાલીન પૂર્વ કલેક્ટર ડૉ. રાજેન્દ્રકુમાર પટેલના તત્કાલીન પી.એ. તથા નાયબ મામલતદાર જયરાજસિંહ હરપાલસિંહ ઝાલા સામે અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધવામાં આવ્યો હતો. એસીબીની તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે, જયરાજસિંહ ઝાલાએ પોતાની કાયદેસરની આવક કરતાં વધુ સંપત્તિ એકત્ર કરી હતી. તપાસ મુજબ તેમની પાસે કુલ રૂ. ૧,૩૪,૭૮,૮૨૭ની અપ્રમાણસર મિલકત હોવાનું બહાર આવ્યું હતું. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ સરકારી હોદ્દાનો ગેરકાયદેસર લાભ લઈ પોતાના તેમ જ સગા-સંબંધીઓના નામે સ્થાવર અને જંગમ મિલકતોમાં રોકાણ કર્યું હતું. તપાસમાં તેમની કાયદેસરની આવકની સરખામણીએ ૫૩.૬૦ ટકા વધુ અપ્રમાણસર મિલકત મળી આવતા એસીબીએ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સુરેન્દ્રનગર જિલ્લાના કરોડો રૂપિયાના જમીન કૌભાંડમાં પૂર્વ અને સસ્પેન્ડ કલેક્ટર ડૉ. રાજેન્દ્રકુમાર પટેલ તેમ જ નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી હાલ જેલ હવાલે છે. હવે પૂર્વ પી.એ. જયરાજસિંહ ઝાલા સામે અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધાતા સમગ્ર જમીન કૌભાંડમાં આગામી સમયમાં વધુ નવા ખુલાસા અને કાર્યવાહી થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ■

## ૫૦ પ્રયાસ છતાં નોકરી ન મળતાં બી. ટેક. ગૉલ્ડ મેડલિસ્ટની આત્મહત્યા

કાનપુર: ઉત્તર પ્રદેશના કાનપુરમાં સરકારી નોકરી મેળવવા માટે લગભગ ૫૦ વખત પ્રયાસો કર્યા પછી નિષ્ફળતા મળતાં એક ૨૩ વર્ષીય બી.ટેક. ગોલ્ડ મેડલિસ્ટે તેના ભાડાના ઘરમાં આત્મહત્યા કરી લીધી હતી.

એક હૃદયદ્રાવક સુસાઇડ નોટમાં તેણે વારંવાર તેના પિતાની માફી માગતા લખ્યું છે કે સોરી પપ્પા, મેં સરકારી નોકરી માટે ૫૦ વખત પ્રયાસ કર્યા પરંતુ સફળ થઇ શક્યો નહીં. પ્લીઝ મને માફ કરશો.

આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી જ્યારે ઘરમાં કામ કરનાર મહિલાને દરવાજો અંદરથી બંધ હોવાની જાણ થઇ હતી. ઘરમાંથી કોઇ જવાબ ન મળતા તેણીએ તેના પરિવાર અને ગોવિંદ નગર પોલીસને જાણ કરી હતી.

પોલીસને આનંદ કુમારનો મૃતદેહ છતના પંખા સાથે લટકતો મળી આવ્યો હતો. ઘટના સમયે આનંદના પિતા અને દાદા તેના મોટા ભાઇના લગ્ન નક્કી કરવા માટે બિહાર ગયા હતા. બિહારના બક્સરના રહેવાસી અને લોહિયા પ્રાઇવેટ લિમિટેડના નિવૃત્ત કર્મચારી રાજકુમારને બે પુત્રો અને એક પુત્રી છે. રાજકુમાર અને આનંદ ગુજૈનીમાં ભાડાના મકાનમાં રહેતા હતા. જ્યારે તેમના ભાઇ-બહેન બિહારમાં સરકારી શાળામાં શિક્ષક છે.

રાજકુમારે પોલીસને જણાવ્યું કે તે પાંચ દિવસ પહેલા બિહાર જવા રવાના થયા હતા. આનંદ પણ તેની સાથે જવાનો હતો, પરંતુ તેણે છેલ્લી ઘડીએ ના પાડી દીધી હતી. આનંદે ૨૦૨૪માં કાનપુરની એક જાણીતી એન્જિનિયરિંગ કોલેજમાંથી ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં બી.ટેક. પૂર્ણ કર્યું હતું. રાજ્યમાં ત્રીજો ક્રમ મેળવ્યા બાદ ૧૩ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ કોલેજમાં આયોજિત એક કાર્યક્રમમાં રાજ્યપાલ દ્વારા તેને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો.

પોલીસે જણાવ્યું કે વારંવાર પ્રયાસ કરવા છતાં પરીક્ષામાં પાસ ન થવાથી તે તણાવમાં હતો. પોલીસને રૂમમાંથી પાંચ લીટીની સુસાઇડ નોટ મળી આવી હતી. નોટમાં સાત-આઠ વખત 'સોરી' શબ્દ લખાયેલો હતો. મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. તેમજ વધુ તપાસ ચાલી રહી છે. ■

## રામમંદિર ટ્રસ્ટને સાર્વજનિક ટ્રસ્ટ બનાવો: નિર્મોહી અખાડાની સુપ્રીમમાં અરજી

નવી દિલ્હી: નિર્મોહી અખાડાએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી અને માગ કરી છે કે રામ મંદિરનું સંચાલન કરતા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને ફરીથી બનાવવામાં આવે અને તેને સંપૂર્ણપણે એક સાર્વજનિક ટ્રસ્ટ જાહેર કરવામાં આવે. નિર્મોહી અખાડાએ કહ્યું હતું કે વર્તમાન ટ્રસ્ટનું માળખું અને કામ કરવાની રીત એક ખાનગી ટ્રસ્ટ જેવી જ છે.

આ સુપ્રીમ કોર્ટના નવેમ્બર ૨૦૧૯ના ઐતિહાસિક ચુકાદાની મૂળ ભાવનાની વિરુદ્ધ છે. અખાડાએ માંગ કરી છે કે કેન્દ્ર સરકારને નિર્દેશ આપવામાં આવે કે આ ટ્રસ્ટમાં ફેરફાર કરે અને ટ્રસ્ટીઓની નિમણૂક માટે સ્પષ્ટ નિયમો બનાવવામાં આવે.નિર્મોહી અખાડાના મહંત રામચંદ્રાચાર્ય અતીત ગુરુ રઘુનાથ દાસે અરજી કરી હતી.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે રામ મંદિરમાં તમામ ધાર્મિક વિધિઓ, સેવાઓ, પ્રસાદ અને પૂજા રામાનંદી સંપ્રદાય અને નિર્મોહી અખાડાની વર્ષો જૂની પરંપરાઓ અનુસાર થવી જોઈએ. અખાડાએ માગ કરી છે કે રામાનંદી બૈરાગી સંપ્રદાયના સંતોને ટ્રસ્ટના નિર્ણયો પર દેખરેખ રાખવાનો અધિકાર આપવામાં આવે.

અખાડાએ સુપ્રીમ કોર્ટને ૫ જાન્યુઆરી, ૧૯૫૦ અને ૧૬ ફેબ્રુઆરી, ૧૯૮૨ના રોજ જપ્ત કરાયેલી મૂળ રામલલ્લા મૂર્તિઓને ગર્ભગૃહમાં ફરીથી સ્થાપિત કરવા વિનંતી કરી છે. તેમની દલીલ છે કે ટ્રસ્ટ પાસે મૂળ મૂર્તિઓને બદલવાનો કોઈ કાનૂની અધિકાર નથી.

અખાડાએ માગ કરી છે કે ટ્રસ્ટના તમામ નાણાકીય અને મિલકતોની ફોરેન્સિક તપાસ કરાવવામાં આવે. સાથે જ એક સ્વતંત્ર સમિતિ બનાવવામાં આવે જે ૨૦૧૯ના કોર્ટના આદેશોનું યોગ્ય રીતે પાલન થયું છે કે નહીં તે ચકાસે. ■

મુંબઈ સમાચાર

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સોબર્સની છ બોલમાં છ સિક્સરને કોઈ ના ભૂલ્યું

**ભારતમાં** હમણાં જંતર મંતર પર સોનમ વાંગચૂકના આમરણાંત ઉપવાસની ધાંધલ ધમાલ જોરશોરથી ચાલી રહી છે તેથી વેસ્ટ ઈન્ડિઝના મહાન ઓલરાઉન્ડર ગારફિલ્ડ સોબર્સ ઉર્ફે ગેરી સોબર્સનું ૮૯ વર્ષની ઉંમરે નિધન થયું તેની બહુ નોંધ ના લેવાઈ. સોબર્સ ઘણાં વરસોથી જાહેરમાં દેખાતા નહોતા તેથી લાઈમલાઈટમાં નહોતા એ કારણ હોઈ શકે.

સોબર્સ ૫ દાયકા પહેલાં ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્ત થઈ ગયેલા તેથી નવી પેઢી માટે બહુ જાણીતું નામ નહોતું ને સમય પ્રમાણે સમાચારોની પસંદગી બદલાઈ છે તેથી એ પણ એક કારણ હશે પણ તેના કારણે એ વાસ્તવિકતા નથી બદલાતી કે, સોબર્સના નિધન સાથે વિશ્વ ક્રિકેટના એક સુવર્ણ પ્રકરણનો કાયમ માટે અંત આવી ગયો.

વેસ્ટ ઈન્ડિઝ વતી ૧૯૫૪થી ૧૯૭૪ દરમિયાન ૯૩ ટેસ્ટ રમનારા ગેરી સોબર્સને લગભગ તમામ ક્રિકેટ વિવેચકો ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી મહાન ઓલરાઉન્ડર તરીકે સ્વીકારે છે. તેનું કારણ એ કે, બેટ્સમેન તરીકેનો રેકોર્ડ સોબર્સને વિશ્વના મહાનતમ બેટ્સમેનમાં સ્થાન અપાવે છે જ્યારે બોલર તરીકેનો રેકોર્ડ મહાનતમ બોલરો અને સેકન્ડ કેટેગરીના બોલરોની વચ્ચે છે. સોબર્સ પહેલાં પણ વિશ્વ ક્રિકેટમાં ઘણા ઓલરાઉન્ડર આવ્યા. ઓસ્ટ્રેલિયાના કીથ મિલર, ભારતના વિનુ માંકડ, ઈંગ્લેન્ડના મૌરીસ ટેટ વગેરે સારા ઓલરાઉન્ડર હતા પણ સોબર્સ અમીટ છાપ છોડી ગયા તેનું કારણ તેમની જબરદસ્ત બેટિંગ હતી.

સોબર્સ રમતા એ જમાનામાં વિશ્વમાં ટેસ્ટ ક્રિકેટ જ રમાતું અને ટેસ્ટ ક્રિકેટ રમતા દેશોની સંખ્યા પણ ગણીને હતી. ભારત, પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, વેસ્ટ ઈન્ડિઝ અને ન્યૂ ઝીલેન્ડ એ દેશો જ ટેસ્ટ ક્રિકેટ રમતા. સોબર્સે વેસ્ટ ઈન્ડિઝ સામેના બાકીના પાંચેય દેશો સામે ટેસ્ટ સદી ફટકારી હતી. બહુ ઓછા ક્રિકેટરો આ પરાક્રમ કરી શક્યા છે.

ગેરી સોબર્સે ૯૩ ટેસ્ટમાં ૫૭.૭૮ રનની એવરેજથી કુલ ૮૦૩૨ રન બનાવ્યા કે જેમાં ૨૬ સદી અને ૩૦ અડધી સદી ફટકારી છે. ભારતના ક્રિકેટ ઈતિહાસના સૌથી મહાન ૪ બેટ્સમેન સચિન તેંડુલકર, સુનિલ ગાવસકર, રાહુલ દ્રવિડ અને વિરેન્દ્ર સેહવાગ છે. આ ચારમાંથી કોઈની એવરેજ સોબર્સની નજીક પણ નથી. સચિને ૨૦૦ ટેસ્ટની ૩૨૯ ઇનિંગ્સમાં કુલ ૧૫,૯૨૧ રન બનાવ્યા અને તેની એવરેજ ૫૩.૭૮ રનની છે. રાહુલ દ્રવિડની એવરેજ ૫૨.૬૩ રનની છે જ્યારે સુનિલ ગાવસકરની એવરેજ ૫૧.૧૨ રનની છે. વિરેન્દ્ર સેહવાગ તો ૪૯.૫૩ રનની એવરેજ ધરાવે છે.

સોબર્સ કન્સિટન્સી એટલે કે સાતત્યમાં પણ ભારતના ચારેય મહાન બેટ્સમેનથી આગળ છે. સોબર્સે ૯૩ ટેસ્ટની ૧૩૯ ઈનિંગ્સમાં ૨૬ સદી અને ૩૦ અડધી સદી ફટકારી છે. મતલબ કે, સાડા ત્રણ ટેસ્ટમાં એક સદી ફટકારી છે અને દર ૨.૬૨ ઈનિંગમાં ફિફ્ટી પ્લસ સ્કોર કર્યો. સચિને ૨૦૦ ટેસ્ટની ૩૨૯ ઇનિંગ્સમાં ૫૧ સદી અને ૬૮ અડધી સદી ફટકારી છે. મતલબ કે સચિનની દર ૪ ટેસ્ટમાં એક સદી છે અને સરેરાશ ૨.૭૬ ઈનિંગમાં ફિફ્ટી પ્લસ સ્કોર છે. બીજા બેટ્સમેન તો તેનાથી પણ પાછળ છે. સચિન, સુનિલ, રાહુલ કે વિરાટની મહાનતા સામે શંકા કરવાનો ઈરાદો નથી પણ સોબર્સ આ મહાન બેટ્સમેન કરતાં પણ સારો રેકોર્ડ ધરાવે છે એ હકીકત છે.

સોબર્સ તો વિશ્વના મહાનતમ ટેસ્ટ બેટ્સમેનમાં પણ ટોપ ફાઈવમાં આવે છે. વિશ્વમાં ૫૦ કરતાં વધારે ટેસ્ટ રમ્યા હોય ને સોબર્સ કરતાં સારી એવરેજ ધરાવતા હોય એવા માત્ર ૪ બેટ્સમેન છે. ઓલ ટાઈમ ગ્રેટેસ્ટ ડોન બ્રેડમેન (ઓસ્ટ્રેલિયા), હર્બર્ટ સર્ટક્લિફ (ઈંગ્લેન્ડ), કેન બેરિંગ્ટન (ઈંગ્લેન્ડ) અને વોલી હેમંડ (ઈંગ્લેન્ડ). સોબર્સ આ તમામ મહાન બેટ્સમેન કરતાં વધારે ટેસ્ટ રમ્યા ને છતાં તેમની એવરેજ ૫૮ રનની આસપાસ છે એ મોટી વાત કહેવાય.

ક્રિકેટ વિવેચકો સોબર્સને ડોન બ્રેડમેન પછી બીજા નંબરના મહાનતમ ક્રિકેટર માને છે કેમ કે બીજા બેટ્સમેનની એવરેજ ભલે સારી હોય પણ એ બધા બોલિંગ નહોતા કરી શકતા. સોબર્સ જોરદાર બેટિંગની સાથે સાથે સારી બોલિંગ પણ કરી શકતા હતા. સોબર્સે ૯૩ ટેસ્ટમાં ૨૩૫ વિકેટ ઝડપીને બોલિંગથી પણ વેસ્ટ ઈન્ડિઝને ઘણી જીત અપાવી હતી. વેસ્ટ ઈન્ડિઝ ૧૯૫૨માં પહેલી ટેસ્ટ રમ્યું અને સોબર્સ પહેલી ટેસ્ટ ૧૯૫૪માં રમ્યા તેથી વેસ્ટ ઈન્ડિઝ હજુ વિશ્વ ક્રિકેટમાં બેબી જ હતું ત્યારે સોબર્સની એન્ટ્રી થઈ ગયેલી.

વિશ્વ ક્રિકેટમાં ૧૯૮૦ના દાયકાથી ફાસ્ટ કે મીડિયમ બોલર હોય ને સારી બેટિંગ કરી શકતા હોય એવા ઓલરાઉન્ડર્સનો યુગ શરૂ થયો. કપિલદેવ, ઈમરાન ખાન, રિચાર્ડ હેડલી અને ઈયાન બોથમ એ ચાર મહાન ઓલરાઉન્ડર્સ આ યુગમાં આવ્યા. એ પછી તો સ્ટીવ વો, જેક્સ કાલિસ, વસિમ અકરમ, શૌન પૌલોક, બેન સ્ટોક્સ વગેરે ઘણા ફાસ્ટ બોલિંગ કરી શકતા ઓલરાઉન્ડર્સ આવ્યા પણ સોબર્સ આ બધાથી આગળ હતા.

ક્લાઈવ લોઈડે ૧૯૭૦ના દાયકામાં ટીમમાં ચાર-ચાર ખતરનાક ફાસ્ટ બોલરોને રમાડીને સામેની ટીમના બેટ્સમેનોમાં ખૌફ ફેલાવવાની વ્યૂહરચના અપનાવી એ પહેલાં સોબર્સ રીટાયર્ડ થઈ ગયેલા. મતલબ કે વેસ્ટ ઈન્ડિઝમાં ફાસ્ટ બોલરોનો ફાલ ઉતરવાની શરૂઆત થઈ એ પહેલાં સોબર્સ રમતા હતા.

એ જમાનામાં સોબર્સ મીડિયમ ફાસ્ટ અને સ્પિન એમ બંને પ્રકારની બોલિંગ નાખતા. ઘણી વાર તો બોલિંગની શરૂઆત જ સોબર્સે કરવી પડતી. સોબર્સે એ ભૂમિકા પણ સારી રીતે નિભાવી હતી એ જોતાં કપિલ સહિતના ફાસ્ટ બોલિંગ કરી શકતા મહાન ઓલરાઉન્ડર્સની પરંપરા સોબર્સથી થઈ એમ કહી શકાય. મતલબ કે, સોબર્સ બધા ઓલરાઉન્ડરના બાપ હતા. આ બધા ઓલરાઉન્ડર્સ બોલિંગમાં સોબર્સ કરતાં સારા હતા પણ બેટિંગમાં સોબર્સની નજીક પણ આવી શકે તેમ નથી.

સોબર્સને સૌથી વધારે યાદ વરસો લગી અડીખમ રહેલા ટેસ્ટની એક ઈનિંગમાં અણનમ ૩૬૫ રનના સ્કોર અને ફસ્ટ ક્લાસ ક્રિકેટમાં સળંગ ૬ બોલમાં ૬ સિક્સર ફટકારનારા ખેલાડી તરીકે થાય છે. સોબર્સે ૧૯૫૮માં પાકિસ્તાન સામેની કિંગસ્ટન ટેસ્ટમાં અણનમ ૩૬૫ રન ફટકારીને બનાવેલો વર્લ્ડ રેકોર્ડ વરસો સુધી ટક્યો હતો.

સોબર્સ પછી ટેસ્ટ ક્રિકેટમાં સુનિલ ગાવસકર, ગ્રેગ ચેપલ, વિવિયન રિચાર્ડ્સ, ઝહીર અબ્બાસ, જાવેદ મિયાંદાદ સહિતના મહાન બેટ્સમેન આવી ગયા પણ વરસો સુધી સોબર્સનો અણનમ ૩૬૫ રનનો સ્કોર રેકોર્ડ કોઈ ના તોડી શક્યું. વેસ્ટ ઈન્ડિઝના જ બ્રાયન લારાએ ૧૯૯૪માં ઈંગ્લેન્ડ સામે ૩૭૫ રન ફટકારીને આ રેકોર્ડ તોડ્યો હતો.

સોબર્સે ૩૧ ઓગસ્ટ ૧૯૬૮ના રોજ સ્વાનસીના સેન્ટ હેલેન્સ મેદાન પર ગ્લેમોર્ગન સામે નોટિંગહામશાયરના કેપ્ટન તરીકે રમતાં માલ્કમ નૅશની એક જ ઓવરમાં છ છગ્ગા ફટકારીને ઈતિહાસ રચ્યો હતો. ફસ્ટ ક્લાસ ક્રિકેટમાં સળંગ ૬ બોલમાં ૬ સિક્સર ફટકારનારા સોબર્સ પહેલા ક્રિકેટર હતા.

રવિ શાસ્ત્રીએ ૧૯૮૫માં વડોદરાના તિલકરાજની ઓવરમાં ૬ બોલમાં ૬ સિક્સર ફટકારીને બરાબરી કરી પણ ફસ્ટ ક્લાસ ક્રિકેટમાં આ પરાક્રમ કરનાર તરીકે હજુય સોબર્સને જ યાદ કરાય છે. ટી-૨૦માં તો ૧ ઓવરમાં ૩૯ રનનો વર્લ્ડ રેકોર્ડ છે પણ એ ભાગ્યે જ કોઈને યાદ હશે જ્યારે સોબર્સની ૬ બોલમાં ૬ સિક્સર કદી ના ભૂલાઈ ને કદી ભૂલાશે પણ નહીં. મજાની વાત એ છે કે, આ જ સોબર્સ પોતે રમેલી એક માત્ર વન ડે મેચમાં ઝીરો રનમાં આઉટ થયેલા પણ એ વખતે તેમની ઉંમર ૩૭ વર્ષ હતી.

સોબર્સના રેકોર્ડની વાતો માંડીશું તો પાર નહીં આવે. ૨૦ વર્ષમાં આ માણસે અનેક રેકોર્ડ બનાવી નાખેલા ને તેના કારણે જ આજેય સોબર્સ વિશ્વના મહાનતમ ઓલરાઉન્ડર ગણાય છે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, સોમવાર, તા. ૨૦-૭-૨૦૨૬, નક્ષત્ર અને વાર મુજબ શિવજીએ ધારણ કરેલ ચંદ્રમાના પૂજનનો આજ રોજ મહિમા છે

ભારતીય દિનાંક ૨૯, માહે આષાઢ, શકે ૧૯૪૮
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, આષાઢ સુદ -૭
જૈન વીર સંવત ૨૫૫૨, માહે આષાઢ, તિથિ સુદ-૭
પારસી શહેનશાહી રોજ ૧૦મો આવા, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સ ને ૧૩૯૫
પારસી કદમી ૫મો સ્પેન્દાર્મદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
મુસ્લિમ રોજ ૫મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
મીસરી રોજ ૬ઠ્ઠો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
નક્ષત્ર હસ્ત રાત્રે ક. ૧૯-૦૯ સુધી, પછી ચિત્રા
ચંદ્ર કન્યામાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૭, સ્ટા.ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૫, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

ભરતીઃ સાંજે ક. ૧૬-૦૫, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૫૭ (તા. ૨૧)
ઓટઃ સવારે ક. ૦૯-૫૪, રાત્રે ક. ૨૨-૫૧
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, આષાઢ શુક્લ - સપ્તમી.વિવસ્ત સપ્તમી, સૂર્ય મહાનક્ષત્ર પુષ્યમાં સવારે ક. ૧૧-૨૯, વાહન ઉંદર (સંયોગિયું નથી) ભદ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૦૨ થી સાંજે ક. ૧૬-૩૩.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ ચંદ્ર-સૂર્ય દેવતાનું પૂજન, જુઈના પુષ્પથી ભગવાન વિષ્ણુ-લક્ષ્મીનું પૂજન કરવું,શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, પરદેશનું પસ્તાનું, નિત્ય થતાં દુકાન-વેપાર, પશુ લે-વેંચના કામકાજ, નવાં વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, વિદ્યારંભ, હજામત, પ્રથમ વાહન, નૌકા બાંધવી, બી વાવવું, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા.
આચમનઃ ગુરુ-નેપ્ચૂન ત્રિકોણ સાહિત્યમાં નામના મેળવે, ચંદ્ર-શનિ પ્રતિયુતિ આધ્યાત્મિક વિચારો, ચંદ્ર-મંગળ ત્રિકોણ પ્રવૃત્તિમય જીવન, ચંદ્ર-બુધ ચતુષ્કોણ ભાષાનો શોખ.
ખગોળ જ્યોતિષઃ ગુરુ-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-શનિ પ્રતિયુતિ, ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ.
ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-વૃષભ, વક્રી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## રામમંદિરમાં ચંદા-ચોરીની નિષ્પક્ષ તપાસ કરાવોઃ રાહુલ-ખડગેનો મોદીને પત્ર

નવી દિલ્હીઃ અયોધ્યા રામ મંદિરમાં દાનમાં કથિત ઉચાપત મામલે કોંગ્રેસના નેતાઓ રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને નિષ્પક્ષ તપાસની માગ કરી છે.

કોંગ્રેસના નેતાઓએ પત્રમાં જણાવ્યું કે જે લાખો ભક્તોએ શ્રદ્ધા સાથે પોતાની મહેનતની કમાણી દાન કરી હતી તેઓ આ ચોરી દ્વારા છેતરાયા હોવાનું અનુભવી રહ્યા છે. આ મુદ્દે વડા પ્રધાનનું મૌન અસ્વીકાર્ય છે. તેમજ જવાબદારી નક્કી કરવા અને નુકસાનની ભરપાઇ સુનિશ્ચિત કરવા વિનંતી કરી હતી. ગાંધીએ સોશ્યલ મીડિયા પર કહ્યું કે તમારી સરકારની વિશ્વસનીયતા હવે તમારા કાર્યો પર નિર્ભર છે.

ખડગેએ રવિવારે એક પોસ્ટમાં કહ્યું કે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના નાણાકીય બાબતોની નિષ્પક્ષ અને વ્યાપક તપાસની માગ કરતો પીએમ મોદીને અમારો સંયુક્ત પત્ર. જે લાખો ભક્તોએ શ્રદ્ધા, ભક્તિ અને વિશ્વાસ સાથે તેમની મહેનતની કમાણી દાન કરી હતી તેઓ આ ચોરીથી છેતરાયાનું અનુભવી રહ્યા છે. તેમણે ૧૮ જુલાઇના રોજ લખેલો પત્ર પણ પોસ્ટ કર્યો હતો.

રાહુલ ગાંધીએ પણ વડા પ્રધાનને લખેલો પત્ર શેર કરતાં કહ્યું કે વડા પ્રધાન, કરોડો ભક્તોએ શ્રી રામ મંદિરમાં શ્રદ્ધા સાથે પોતાની મહેનતની કમાણી દાન કરી છે-ત્યાં દાનની ચોરી હવે કોઇથી છુપી નથી. તમારી જ સરકારે ટ્રસ્ટના દરેક સભ્યની પસંદગી કરી હતી. દાનની આ ચોરી પર તમારું મૌન અસ્વીકાર્ય છે. રાહુલે તાત્કાલિક નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી હતી. તેમણે કહ્યું કે સંપૂર્ણ હિસાબ જાહેર કરો અને દોષિતોને ન્યાયના કઠેડામાં લાવો. તમારી સરકારની વિશ્વસનીયતા હવે તમારા કાર્યો પર નિર્ભર છે. ■

## આગામી ૧૮ મહિનામાં એર ઈન્ડિયાને મળશે ૫૦થી વધુ નવાં વિમાનો

અબુ ધાબી : એર ઈન્ડિયા ગ્રૂપ આગામી ૧૮ મહિનામાં તેના કાફલામાં ૫૦ થી ૬૦ નવા વિમાનો સામેલ કરવાની તૈયારી કરી રહ્યું છે. કંપનીના એક વરિષ્ઠ અધિકારીએ આ જાણકારી આપતા કહ્યું હતું કે એરલાઈનની મહત્ત્વાકાંક્ષી પરિવર્તન યોજના યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. જોકે ઉડ્ડયન ક્ષેત્રે અનેક અણધાર્યા પડકારોનો સામનો કરવો પડ્યો છે. એર ઈન્ડિયાના ચીફ કોમર્શિયલ ઓફિસર અને એર ઈન્ડિયા એક્સપ્રેસના ચેરમેન નિપુણ અગ્રવાલે જણાવ્યું હતું કે કંપનીએ છેલ્લા કેટલાંક વર્ષોમાં ઘણા મહત્ત્વપૂર્ણ પાઠ શીખ્યા છે. તેમણે જણાવ્યું કે આ પરિવર્તન ઝુંબેશ જટિલ અને પડકારજનક રહી છે. નોંધનીય છે કે ટાટા ગ્રૂપે જાન્યુઆરી ૨૦૨૨માં ખોટમાં ચાલી રહેલી એરલાઈન એર ઈન્ડિયાને હસ્તગત કરી હતી. અગ્રવાલે કહ્યું કે ઉડ્ડયન ઉદ્યોગે સપ્લાય ચેઈનમાં અડચણો, એરસ્પેસની સમસ્યાઓ, ઈંધણના ભાવમાં વધઘટ અને ભૂરાજકીય ઘટનાઓ સહિત અનેક પડકારોનો સામનો કરવો પડ્યો છે. આમ છતાં એરલાઈન યોજના મુજબ આગળ વધી રહી છે. અગ્રવાલે જણાવ્યું હતું કે એર ઈન્ડિયા ગ્રૂપ પાસે આશરે ૬૦૦ વિમાનોના ઓર્ડર છે અને તેમાંથી ૧૦ ટકાથી ઓછા વિમાનો ડિલિવર થયા છે.

તેમણે જણાવ્યું હતું કે આગામી વર્ષોમાં ડિલિવરી ઝડપી બનશે. આગામી સાતથી આઠ વર્ષ સુધી દર વર્ષે આશરે ૫૦ થી ૬૦ નવા વિમાનો મળવાની અપેક્ષા છે, જેમાં ૧૦ થી ૧૫ વિશાળ આકારના વિમાનો અને ૪૫ થી ૫૦ નાના આકારના વિમાનોનો સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યું હતું કે કંપનીને જૂના વિમાનો અને જૂના કેબિનોને કારણે કામગીરીમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ હવે પરિસ્થિતિ સુધરી રહી છે. કાફલાના આધુનિકીકરણ અને વિમાન અપગ્રેડની પ્રક્રિયા ઝડપી બની છે.

એર ઈન્ડિયા એક્સપ્રેસ આવતા વર્ષે માર્ચ સુધીમાં તેના વિમાનોને એકસમાન કાફલાથી બદલવાની યોજના પર કામ કરી રહી છે. દરમિયાન, એર ઈન્ડિયાના બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર વિમાનનું અપગ્રેડ આગામી વર્ષના મધ્ય સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે, જ્યારે બોઈંગ ૭૭૭ વિમાનમાં વધુ સમય લાગી શકે છે. અગ્રવાલે જણાવ્યું હતું કે બોઈંગ મેક્સ-૮ વિમાનની ડિલિવરી સમયસર થઈ રહી છે. પ્રમાણપત્ર પ્રક્રિયા પૂર્ણ થયા પછી મેક્સ-૧૦ વિમાનની ડિલિવરી શરૂ થવાની ધારણા છે.

મધ્ય પૂર્વ કટોકટી અને ઈંધણના ભાવ દબાણને કારણે એર ઈન્ડિયાએ કેટલીક ફ્લાઇટ્સ ઘટાડવામાં આવી છે. કંપની હવે આ વર્ષના બીજા ભાગમાં શરૂ કરીને તેના નેટવર્કને મજબૂત બનાવી રહી છે. એર ઇન્ડિયાએ જણાવ્યું હતું કે તે આગામી થોડા મહિનામાં યુદ્ધ પહેલાના સ્તરે સેવાઓ ફરીથી શરૂ કરશે. ઉપરાંત, કંપની મુસાફરોના અનુભવને સુધારવા માટે ક્રૂ અને એરપોર્ટ સ્ટાફ તાલીમ, નવી સેવા પ્રક્રિયાઓ અને ટૅક્નોલૉજી સિસ્ટમ્સમાં રોકાણ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે એર ઇન્ડિયાએ તાજેતરમાં નોંધપાત્ર પડકારોનો સામનો કર્યો છે. ગયા વર્ષે એરલાઇનનું ડ્રીમલાઇનર વિમાન અમદાવાદમાં ક્રેશ થયું હતું, જેમાં ૨૬૦ લોકો માર્યા ગયા હતા. ■



**શ્રદ્ધાઃ** વારાણસીના મણિકર્ણિકા ઘાટ ખાતે ભારે વરસાદને લીધે અંશતઃ ડૂબેલા રત્નેશ્વર મહાદેવના મંદિરની નજીક પૂજા કરતો શ્રદ્ધાળુ. (પીટીઆઇ)

## બળવાખોર સાંસદોને સર્વપક્ષી બેઠકમાં કેમ બોલાવ્યા?: ટીએમસીના મોઈત્રાના સવાલ

નવી દિલ્હીઃ તૃણમૂલ કોંગ્રેસના નેતા મહુઆ મોઇત્રાએ રવિવારે સંસદના ચોમાસુ સત્ર અંગે બોલાવવામાં આવેલી સર્વપક્ષી બેઠકમાં ટીએમસીના બળવાખોર સાંસદોને બોલાવવાના સરકારના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે સરકારે તેને માન્યતા આપવા માટે હદથી વધુ પ્રયાસો કર્યા છે, જ્યારે લોકસભાના સ્પીકરે હજુ સુધી તેમના દરજજા અંગે કોઇ નિર્ણય લીધો નથી.

મોઇત્રાએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે જો સ્પીકર ઓમ બિરલા ૨૦ બળવાખોર સાંસદને ગેરલાયક ઠેરવશે નહીં તો તેમની પાર્ટી કોર્ટના શરણે જઇ શકે છે. તેમણે સર્વપક્ષી બેઠક બાદ પત્રકારોને જણાવ્યું કે આજે ટીએમસીના નેતૃત્વમાં તમામ વિપક્ષી દળોએ સંસદીય બાબતોના પ્રધાનના એનસીપીઆઇને આમંત્રણ આપવાના નિર્ણયના વિરોધમાં બેઠકમાંથી વોકઆઉટ કર્યું હતું. એનસીપીઆઇ એ ટીએમસીના ૨૦ બળવાખોર સાંસદનો એક એવો પક્ષ છે કે જેને માન્યતા મળી નથી.

તેમણે કહ્યું કે લોકસભા સ્પીકરે કોઇપણ વિલીનીકરણને મંજૂરી આપી નથી. ટીએમસીએ ગેરલાયકાતની ૨૦ અરજીઓ દાખલ કરી છે, જે હજુ પણ પેન્ડિંગ છે. તેના પર હજુ સુધી કોઇ નિર્ણય લેવામાં આવ્યો નથી. અત્રે ઉલ્લેખનીય છે કે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં પરાજય બાદ ટીએમસીના ૨૮માંથી ૨૦ સાંસદે પાર્ટી નેતૃત્વ સામે બળવો કર્યો હતો અને નેશનાલિસ્ટ સિટિઝન્સ પાર્ટી ઑફ ઇન્ડિયા(એનસીપીઆઇ)માં જોડાયા હતા.

બળવાખોર ટીએમસી સાંસદ સુદીપ બંદોપાધ્યાય અને કાકોલી ઘોષ દસ્તીદારે સર્વપક્ષી બેઠકમાં હાજરી આપી હતી, જેનો વિરોધ પક્ષોએ વિરોધ કર્યો હતો અને પ્રતીકાત્મક વોકઆઉટ કર્યું હતું. બાદમાં વિપક્ષી સભ્યો બેઠકમાં ભાગ લેવા પાછા ફર્યા હતા. ■

## વંદે માતરમ્‌નું અપમાન કર્યું તો ત્રણ વર્ષની જેલઃ આજે ખરડો રજૂ કરાશે

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકાર સોમવારથી શરૂ થઇ રહેલા સંસદના શિયાળુ સત્રમાં અનેક મહત્વના ખરડાઓ રજૂ કરવાની છે. સંસદના પ્રથમ દિવસે જ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ રાષ્ટ્રગીત વંદે માતરમને સંબંધી એક ખરડો રજૂ કરવાના છે. આ ખરડા મુજબ જો કોઇ વ્યક્તિ જાણી જોઇને રાષ્ટ્ર ગીતનું અપમાન કરશે તો તેને ત્રણ વર્ષની જેલની સજાની જોગવાઇ છે. આ બિલનું નામ પ્રીવેન્શન ઓફ ઇન્સલ્ટ ટુ નેશનલ હોનર (અમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૬ છે. આ બિલમાં વંદે માતરમને રાષ્ટ્રગીત જન ગણ મન જેટલું જ સન્માન આપવામાં આવશે. આ બિલ સરકારી અને શૈક્ષણિક સંસ્થાઓમાં રાષ્ટ્રગીત ગાવાનું ફરજિયાત બનાવશે.

જોકે, વંદે માતરમ' સંબંધિત બિલ પર વિપક્ષે આકરી પ્રતિક્રિયા આપી છે. કોંગ્રેસે તેને ગેરબંધારણીય ગણાવ્યું છે. આ દરમિયાન સમાજવાદી પાર્ટી તેને વાસ્તવિક મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવાના પ્રયાસ તરીકે જુએ છે. જ્યારે રાષ્ટ્રીય જનતા દળ તેને સરકાર તરફથી ખોટી પ્રાથમિકતા ગણાવે છે. ■

## સોનમ વાંગચૂકની સારવારમાં દખલ કરવાનો હાઇ કોર્ટનો ઇનકાર

નવી દિલ્હીઃ અહીંની વડી અદાલતે સામાજિક કાર્યકર સોનમ વાંગચૂકની સફદરજંગ હૉસ્પિટલમાં ચાલતી સારવારમાં દખલ કરવાનો રવિવારે ઇનકાર કર્યો હતો.

ન્યાયાધીશ મિનિ પુષ્કર્ણાએ જણાવ્યું હતું કે સોનમ વાંગચૂકનાં પત્ની ગીતાંજલિ જે. એન્ગમો દ્વારા આ કાર્યકરને ખાનગી હૉસ્પિટલમાં શિફ્ટ કરવા કરાયેલી અરજીમાં આ સ્તરે વચગાળાનો કોઇ આદેશ આપી ન શકાય.

આમ છતાં, વડી અદાલતે આ અરજીની વધુ સુનાવણી ૨૪ જુલાઇએ રાખી હતી.

ન્યાયાધીશ મિનિ પુષ્કર્ણા દ્વારા રવિવારે આ કેસની ખાસ સુનાવણી હાથ ધરાઇ હતી. તેમણે જણાવ્યું હતું કે દિલ્હીની સફદરજંગ હૉસ્પિટલના ડૉક્ટરો અનશન પર ઊતરેલા સોનમ વાંગચૂકની સારવાર કરી રહ્યા છે. તેમના પર કોઇ બળજબરી કરાતી હોવાનું કહી ન શકાય.

ન્યાયાધીશ મિનિ પુષ્કર્ણાએ જણાવ્યું હતું કે સોનમ વાંગચૂકનાં પત્ની, ભાઇ અને સાળો તેમને હૉસ્પિટલમાં દિવસના ૨૪ કલાક દરમિયાન ગમે ત્યારે મળી શકે છે.

તેમણે ગીતાંજલિ જે. એન્ગમોની સંબંધિત અરજી સંદર્ભે કેન્દ્ર, સફદરજંગ હૉસ્પિટલ અને શહેરની પોલીસને નૉટિસ પાઠવી હતી. એડિશનલ સૉલિસિટર જનરલ ચેતન શર્માએ જણાવ્યું હતું કે આ પ્રકરણમાં કોઇને કોઇ પણ પ્રકારની 'શંકા' ન હોવી જોઇએ. (એજન્સી)■

## સર્વપક્ષી બેઠકનો વિપક્ષ દ્વારા 'કામચલાઉ' બહિષ્કાર

નવી દિલ્હીઃ તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી)ના બળવાખોર સાંસદોને સર્વપક્ષી બેઠકમાં અપાયેલા આમંત્રણના વિરોધમાં વિપક્ષના સાંસદોએ આ બેઠકનો 'કામચલાઉ' બહિષ્કાર કર્યો હતો અને થોડા સમય બાદ બેઠકમાં પાછા ફર્યા હતા.

કેન્દ્રના સંસદીય બાબતોને લગતા પ્રધાન કિરણ રિજિજુએ સંસદના ચોમાસુ સત્રની પહેલાં યોજાયેલી સર્વપક્ષી બેઠકમાં ટીએમસીના બળવાખોર સાંસદોને આમંત્રણ આપવાના નિર્ણયનો બચાવ કરતા જણાવ્યું હતું કે દરેક સાંસદને આમંત્રણ આપવાની અમારી ફરજ છે.

સંસદનું ચોમાસુ સત્ર સોમવારે શરૂ થવાનું છે અને ૧૩ ઑગસ્ટે પૂરું થશે.

રિજિજુએ જણાવ્યું હતું કે એનસીપીઆઇ દ્વારા માન્યતા મેળવવા લોકસભાના સ્પીકરને અરજી કરાઇ હતી. તમે તેની અવગણના કઇ રીતે કરી શકો?

તેમણે જણાવ્યું હતું કે અમે બધા સાંસદને દેશના હિતાર્થે સાથે મળીને કામ કરવા વિનંતિ કરીએ છીએ. અનેક રાજકીય પક્ષે આ બેઠકમાં (સંસદની કામગીરીને લગતા) પોતાના મંતવ્ય રજૂ કર્યા હતા. અમે તેઓને સાંભળ્યા હતા અને તેઓના અભિપ્રાયની નોંધ લીધી હતી. સર્વપક્ષી બેઠકમાં સાંસદોના ભિન્ન અભિપ્રાય હોવાનું સામાન્ય છે. સંસદીય લોકશાહીમાં દરેક રાજકીય પક્ષને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની છૂટ છે.

સરકારે સોમવારે શરૂ થતાં સંસદના ચોમાસુ સત્રની પહેલાં રવિવારે સર્વપક્ષી બેઠક બોલાવી હતી, પરંતુ તેમાં તૃણમૂલ કૉંગ્રેસના બળવાખોર સાંસદોને અપાયેલા આમંત્રણના વિરોધમાં બધા વિપક્ષે આ બેઠકનો 'કામચલાઉ' બહિષ્કાર કર્યો હતો.

વિપક્ષના સાંસદોએ સર્વપક્ષી બેઠકમાં ચોમાસુ સત્ર દરમિયાન 'નીટ' પેપર લીક, રામ મંદિરના દાનની ચોરી, ઇ-૨૦ ફ્યુઅલ જેવા મુદ્દે ચર્ચા યોજવાની માગણી કરી હતી. (એજન્સી)■

## મધ્ય પ્રદેશ યુસીસીના અમલની તૈયારીમાંઃ કૅબિનેટે મંજૂરી આપી

### 'રામ અને રહિમ' સહિત બધા માટે સમાન નાગરિક ધારો બનશેઃ મોહન યાદવ

ભોપાળઃ મધ્ય પ્રદેશના કૅબિનેટે સમાન નાગરિક ધારા (યુસીસી) ખરડાના મુસદ્દાને રવિવારે બહાલી આપી હતી. તેમાં ટ્રિપલ તલાક અને નિકાહ હલાલાને ગુનો ગણવાની, બહુપત્નીત્વ પર પ્રતિબંધ મૂકવાની અને લિવ-ઇન રિલૅશનશિપ્સની એક મહિનામાં નોંધણી ન કરાવી હોય તો ત્રણ મહિનાની જેલની સજા કરવાની જોગવાઇ છે.

મધ્ય પ્રદેશ વિધાનસભાના સોમવારે શરૂ થતાં ચોમાસુ સત્રમાં આ ખરડો રજૂ કરાશે.

સૂચિત ખરડામાં પરણેલા દંપતીના તેઓ દ્વારા જન્મેલા, દત્તક લીધેલા કે સરોગસી અથવા આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટૅક્નોલૉજી (ઇન વિટ્રો ફર્ટિલાઇઝેશન - આઇવીએફ)થી જન્મેલા બધા (પરણેલા કે કુંવારા) સંતાનોને વારસામાં સમાન અધિકાર આપવાની જોગવાઇ છે. આમ છતાં, તેમાં અનુસૂચિત જનજાતિને ખરડાની આ જોગવાઇમાંથી બાકાત રખાઇ છે.

લિવ-ઇન રિલૅશનશિપ્સ દ્વારા જન્મેલા સંતાનોને કાયદેસર (સંતાન તરીકેનો) દરજ્જો આપવાની આ ખરડામાં જોગવાઇ છે. લિવ-ઇન રિલૅશનશિપ્સમાં જો પુરુષ તેની મહિલા પાર્ટનરને છોડી દે, તો મહિલા ભરણપોષણ મેળવવા અદાલતમાં અરજી કરી શકશે.

મધ્ય પ્રદેશમાંના દરેક ધર્મના લગ્ન અને છૂટાછેડાની નોંધણી ફરજિયાત બનાવાશે. આમ છતાં, તેમાં આદિવાસીઓને બાકાત રખાયા છે. મુખ્ય પ્રધાન મોહન યાદવે જણાવ્યું હતું કે મધ્ય પ્રદેશમાં હવે 'રામ અને રહિમ' સહિત બધા માટે સમાન નાગરિક ધારો બનશે.

યાદવે જણાવ્યું હતું કે આ ખરડો અનુસૂચિત જનજાતિને લાગુ નહિ પડે.

મધ્ય પ્રદેશમાં લિવ-ઇન રિલૅશનશિપ્સમાંના દંપતીએ એક મહિનામાં જ લિવ-ઇન રિલૅશનશિપ્સને સંબંધિત નિવેદનની નોંધણી કરાવવી પડશે. (એજન્સી)■

# ગુજરાતમાં મન મૂકીને નથી વરસતા મેઘરાજા, સુરત સહિત અમુક સ્થળોએ માત્ર એકથી બે ઈંચ વરસાદ

અમદાવાદ: જુલાઈ મહિનો અડધો પૂરો થઈ ગયો છે, પરંતુ ગુજરાતમાં જે સાર્વત્રિક વરસાદ થવો જોઈએ તે થયો નથી. જુલાઈના પહેલાં અઠવાડિયામાં વરસેલા વરસાદ બાદ લગભગ મોટાભાગના જિલ્લાઓમાં કોરા દિવસો જઈ રહ્યા છે. રોજ વરસાદ માત્ર હાજરી પુરાવા પૂરતો આવે છે. રવિવારે પણ સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેલના આંકડા અનુસાર રાજ્યના ૭૩ તાલુકામાં વરસાદ નોંધાયો છે, પરંતુ માંડ પાંચથી છ તાલુકામાં એકથી બે ઇંચ નોંધાયો છે. વલસાડના પારડીમાં સૌથી વધુ ૨.૯૫ઇંચ, નવસારીના જલાલપોરમાં ૧.૫૪ ઇંચ, નવસારીના નવસારીમાં ૧.૫ ઇંચ, વલસાડના કપરડામાં ૧.૫ ઇંચ, સુરત શહેરમાં ૧.૩ ઇંચ વરસાદ નોંધાયો હતો. સુરતમાં શનિવાર અને રવિવાર મળીને લગભગ ૩ ઇંચ જેટલું પાણી પડતા અમુક વિસ્તારોમાં ફરી પાણી ભરાઈ ગયું હતું. વેસુ, ઉધના જેવા વિસ્તારોમાં પાણી ભરાતા વાહનચાલકો અને સામાન્ય નાગરિકોએ ફરી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. અમદાવાદમાં પણ અમુક વિસ્તારોમાં રસ્તા ભીના થયા હતા તો અમુક વિસ્તારોમાં સામાન્ય એવા ઝાપટામાં પણ પાણી ભરાઈ ગયાં હતાં. જોકે વરસાદી માહોલને કારણે ગરમીનું પ્રમાણ થોડું ઓછું થયું હતું. અમદાવાદમાં રવિવારે ૩૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું જ્યારે ભુજમાં ૩૬ ડિગ્રી, વડોદરામાં ૩૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

જોકે મોટાભાગના જિલ્લાઓ વરસાદની રાહ જોઈને બેઠા છે. બીજી બાજુ હવામાન વિભાગની આગાહી અનુસાર આવનારા ૪-૫ દિવસોમાં હજુ છૂટાછવાયા ઝાપટાની જ શક્યતા છે. ■



**મુલાકાત:** મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વાઈબ્રન્ટ ઈન્ડિયા સ્ટેનલેસ સ્ટીલ એક્ઝિબિશન-૨૦૨૬ની મુલાકાત લીધી હતી. પ્રદર્શનના વિવિધ સ્ટોલ્સની મુલાકાત લઈને દેશભરમાંથી આવેલા પ્રદર્શકો, ઉત્પાદકો અને ઉદ્યોગસાહસિકો પાસેથી તેમના ઉત્પાદનો વિશેની જાણકારી મેળવી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. આ બીટુબી ટ્રેડ એક્ઝિબિશનમાં દેશનાં વિવિધ રાજ્યોમાંથી કિચનવેર, ક્રોકરી અને હોમ એપ્લાયન્સિસ ઉદ્યોગના આશરે ૧૦૦થી પણ વધારે અગ્રણી ઉત્પાદકો જોડાયા છે. ઉલ્લેખનીય છે કે, તા. ૨૦ જુલાઈ સુધી યોજાનારા આ ચાર દિવસીય પ્રદર્શનમાં દેશ-વિદેશની ૫૦૦થી વધુ પ્રતિષ્ઠિત બ્રાન્ડ્સનાં ઉત્પાદનો પ્રદર્શિત કરવામાં આવ્યાં છે.

# મંદિરોમાંથી ચોરી કરતી 'ગરાસિયા ટોળકી'ના ત્રણ સાગરીતો ઝડપાયા: ૧૫ ગુનાના ભેદ ઉકેલાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહેસાણા એલસીબી પોલીસે વિવિધ ગામોના મંદિરોમાં ચોરી અને ઘરફોડ લૂંટ આચરનારી 'ગરાસિયા ગૅંગ'ના ત્રણ સાગરીત મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. આ ધરપકડની સાથે જ મહેસાણા જિલ્લાના અલગ-અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલા મંદિર ચોરીના ૧૫ અનડિટેક્ટ ગુનાઓનો ભેદ ઉકેલાયો હતો. કુખ્યાત આંતરરાજ્ય 'ગરાસિયા ગૅંગ'ના સાગરીતો છેલ્લા ચાર વર્ષથી મુખ્યત્વે મંદિરોને નિશાન બનાવતા હતા.

પોલીસે ચોક્કસ બાતમીના મહેસાણાથી ઊંઝા તરફ જતા રોડ પર હેરિટેજ હોટેલ નજીક છટકું ગોઠવીને ત્રણ ઈસમોને મોટરસાઇકલ સાથે ઝડપી પાડ્યા હતા.

પોલીસે ઘટનાસ્થળેથી રાજસ્થાનના આબુરોડ જિલ્લાના પિંડવાડા તાલુકાના વલી પંચાયતના રહેવાસી પલ્લારામ હુસારામ ગરાસીયા (ઉં.વ. ૪૫), લીબારામ ઉર્ફે રીંગણા અંબારામ ગરાસિયા (ઉં.વ. ૪૪) અને લાલારામ ગંગારામ ગરાસિયા (ઉં.વ. ૩૫) ને ઝડપી લીધા હતા.

પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી ₹૧,૫૦૦ની કિંમતના ચાંદીના ત્રણ છત્તરો અને ₹૩૦,૦૦૦ની કિંમતનું સ્પ્લેન્ડર મોટરસાઇકલ કબજે કર્યું હતું. આરોપીઓની સઘન અને કડક પૂછપરછ દરમિયાન તેઓએ ચોંકાવનારી કબૂલાત કરી હતી કે, તેઓ પોતાના અન્ય સાગરીતો સાથે મળીને લાલારામની ઇકો ગાડી લઈને નીકળતા હતા અને વર્ષ ૨૦૨૨થી ૨૦૨૫ દરમિયાન મહેસાણા જિલ્લાના આજુબાજુના નાના-મોટા મંદિરોમાં લૂંટ આચરી હતી. ■

# ખેડામાં નેશનલ હાઈ વે પર બસ સ્ટોપમાં કાર ઘૂસી જતા બેનાં મોત, એકને ઈજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ખેડા જિલ્લાના કઠલાલ નજીક એક વિચિત્ર અકસ્માત થયો હતો, જેમાં બે જણના જીવ ગયા હતા તો એકને ઈજા થઈ હોવપાનું સૂત્રોએ જણાવ્યું હતું. અહીં અમદાવાદ-ઈન્દોર નેશનલ હાઈ વે પર દોડી રહેલી એક કાર પરથી ડ્રાઈવરે નિયંત્રણ ગુમાવતા કાર સીધી રોડની બાજુમાં આવેલા બસસ્ટોપમાં અથડાઈ હતી. કાર પૂરજોશમાં આવતી હતી અને એકદમ અથડાતા ધડાકા જેવો અવાજ થયો હોવાનું સ્થાનિકો જણાવે છે. આ ટક્કરમાં બસસ્ટોપર પર ઊભેલો એક માણસ અને કારમાં બેસેલો એક માણસ ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. જ્યારે અન્ય એકને ગંભીર ઈજાઓ થયાની માહિતી સૂત્રોએ આપી હતી.

અકસ્માતનો અવાજ સાંભળી ગ્રામજનો દોડ્યા હતા તેમ જ હાઈ વે પરથી નીકળી રહેલા માણસો પણ મદદે દોડ્યા હતા. સ્થાનિકોએ કારમાં ફસાયેલા એક વ્યક્તિને બહાર કાઢી સારવાર માટે હોસ્પિટલે ખસેડ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા અનુસાર ટક્કરને કારમે બસસ્ટોપનો એક ભાગ તૂટી પડ્યો હતો. જે અજાણ્યા શખ્સનું મોત થયું છે તે બસની રાહ જોઈને ઊભો હોવાનું માનવામાં આવે છે. પોલીસે બન્ને મૃતદેહને પોસ્ટમોર્ટ્મ માટે મોકલ્યા હતા અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# સાયબર ફ્રોડનો નવો કિસ્સો: ગાંધીનગરમાં ક્રિકેટ રમવા ગયેલા યુવકનું પર્સ ચોરાયું, ગણતરીના દિવસોમાં ખાતા ખાલી!

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગર: પાટનગર ગાંધીનગરના જમીયતપુરામાં આવેલા એક ક્રિકેટ ગ્રાઉન્ડ બહારથી એક એન્જિનિયરનું પર્સ અને મોબાઈલની ચોરી થવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી હતી. ન્યુ રાણીપમાં રહેતા અને ખાનગી કંપનીમાં એન્જિનિયર તરીકે નોકરી કરતા દીપક શર્મા ગત ૨૭ જૂનના રોજ ક્રિકેટ રમવા માટે ગયા હતા. તેમણે પોતાનું સ્કૂટર ગ્રાઉન્ડની બહાર પાર્ક કર્યું હતું અને તેની ડેકીમાં પર્સ તથા મોબાઈલ મૂક્યો હતો. તેઓ બે કલાક બાદ પરત આવીને જોતા ડેકીમાંથી પર્સ અને ફોન ગાયબ હતા.

આ પર્સમાં રોકડ રકમ ઉપરાંત વિવિધ બેન્કોના અઝખ અને ક્રેડિટ કાર્ડ્સ હતા, જેનો ઉપયોગ કરીને અજાણ્યા ચોર ઈસમોએ તરખાટ મચાવ્યો હતો. ચોરોએ કાર્ડ્સની વિગતો અને મોબાઈલનો ઉપયોગ કરીને બેન્ક ખાતામાંથી ટ્રાન્ઝેક્શન કરવાનું શરૂ કર્યું હતું. આ બધી બાબતોથી ફરિયાદી અજાણ હતા પણ જ્યારે ફરિયાદીએ તેમનું સિમ કાર્ડ એક્ટિવેટ કરાવ્યું, ત્યારે તેમને તેમના ઈ-મેઈલ પર બેન્ક ટ્રાન્ઝેક્શનના અનેક એલર્ટ મેસેજ જોવા મળ્યા હતા.

તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે, ચોરોએ અલગ-અલગ એટીએમ મશીનનો ઉપયોગ કરીને કુલ ૧,૯૪,૦૦૦ રૂપિયા રોકડા ઉપાડી લીધા હતા. આ ઉપરાંત, વિવિધ બેન્કોના ક્રેડિટ કાર્ડ્સ અને ઓનલાઈન પેમેન્ટ એપ્લિકેશન દ્વારા વધુ ૫૦,૮૨૨ રૂપિયાના ટ્રાન્ઝેક્શન કરી કુલ ૨,૬૫,૬૨૨ રૂપિયાની માતબર રકમની ચોરી કરી હતી. આ સમગ્ર મામલે પીડિત એન્જિનિયરે સાયબર ફ્રોડ હેલ્પલાઈન પર પણ જાણ કરી હતી.

આ બનાવ અંગે અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોલીસે અજાણ્યા ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. હાલમાં પોલીસ ચોરોને પકડવા માટે ટેકનિકલ સર્વેલન્સ અને સીસીટીવી ફૂટેજના આધારે કવાયત કરી રહી છે. એક તરફ પર્સ-મોબાઈલની ચોરી અને બીજી તરફ ખાતામાંથી લાખોની રકમ સેરવી લેતા આ કિસ્સાએ વિસ્તારમાં ભારે ચર્ચા જગાવી છે. ■

# સુરતમાં સગી જનેતાએ બાળકને તરછોડ્યું, પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા ભાંડો ફૂટ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત શહેરમાં પાંચ વર્ષના બાળકનો ગૂમ થવાનો કેસ એક શરમજનક ષડયંત્ર સાબિત થયો હતો. અહીં ખુદ માતાએ જ બાળકને તરછોડી દીધો હતો અને બાદમાં પોલીસ સ્ટેશનમાં જઈ બાળક ગૂમ થયાની ફરિયાદ નોંધાવી હતી. સાત મહિના પહેલાની આ ફરિયાદની તપાસ કરતા પોલીસે સમગ્ર ઘટના પરથી પદડો ઉઠાવ્યો હતો.

શહેરના વરાછા વિસ્તારમાં ૩૦ વર્ષીય રવિ દ્વારકાપ્રસાદ જાટવ અને તેમનાં પત્ની દુર્ગાદેવી ૧૬મી જુલાઈએ પોલીસ સ્ટેશન ગયા હતા અને પોતાનો દીકરો અમન ઘરની બહાર રમતા રમતા ગૂમ થઈ ગયો હોવાની ફરિયાદ રડતા રડતા કરી હતી.

બાળક ગૂમ થવાનો કિસ્સો હોવાથી પોલીસે સત્વરે તપાસ શરૂ કરી હતી અને લગભગ ૨૫ જેટલા સીસીટીવી ફૂટેજ ચેક કર્યા હતા અને અડોશપડોશમાં પૂછપરછ કરી હતી. જોકે આ દરમિયાન પોલીસને માતા-પિતાની વર્તણૂક શંકાસ્પદ લાગતી હતી.

પોલીસે શંકાને આધારે માતા-પિતાની સઘન પૂછપરછ કરતા બન્ને ભાંગી પડ્યા હતા અને હકીકત જણાવી હતી. વાસ્તવમાં અમન દુર્ગાદેવીનાં પહેલી લગ્નથી થયેલું સંતાન હતું. ત્યારબાદ દુર્ગાદેવીએ રવિ સાથે બીજા લગ્ન કર્યા હતા, પરંતુ રવિ બાળકને સાથે રાખવા તૈયાર ન હતો, આથી તેમણે પ્લાન બનાવ્યો હતો અને સાતેક મહિના પહેલા એટલે કે ડિસેમ્બર, ૨૦૨૫માં બાળકને વરાછા ચોપાટી પર એકલું છોડી દીધું હતું. થોડા સમય બાદ બાળક વિશે બધા પૂછશે અને પોતે પકડાઈ જશે તેવા ડરથી તેઓ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવા આવ્યા હતા.

પોલીસે તેમના ખુલાસા બાદ બાળકની શોધ શરૂ કરી હતી ત્યારે બાળક સદનસીબે એક ચિલ્ડ્રન્સ હોમમાં સુરક્ષિત હોવાનું જાણમાં આવ્યું હતું. પોલીસે દંપતી સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# સુરતની હૉસ્પિટલમાં હાર્ટ સર્જરી બાદ બાળકીનું મોત, પરિવારનો ડૉક્ટર પર ગંભીર આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતની એક હૉસ્પિટલમાં આઠ મહિનાની બાળકીનું હાર્ટ સર્જરી બાદ મોત થતાં ખળભળાટ મચી ગયો હતો. બાળકીના મોત બાદ પરિવારજનોમાં ભારે રોષ ફેલાયો હતો. મૃતક બાળકીના પરિવારજનોએ હૉસ્પિટલના તબીબી તંત્ર સામે અનેક ગંભીર આક્ષેપો કર્યા હતા કે, ઓપરેશન કરનાર ડૉ. વિશાલ અગ્રવાલ ઘટના બાદ તેમની સાથે સંપર્કમાં આવ્યા નહોતા અને બાળકીના મોત અંગે કોઈ સ્પષ્ટ માહિતી આપવામાં આવી નહોતી. પરિવારે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, બાળકીને તપાસવા આવેલી નર્સે સ્થિતિ ગંભીર હોવા છતાં પરિવારને તાત્કાલિક જાણ કરવાને બદલે સિક્યોરિટી સ્ટાફને બોલાવ્યો હતો અને ત્યારબાદ ત્યાંથી જતી રહી હતી. પરિવારની ફરિયાદના આધારે પોલીસે પરિવારજનોના નિવેદનો નોંધ્યા હતા અને હૉસ્પિટલના સારવાર સંબંધિત દસ્તાવેજો, મેડિકલ રેકોર્ડ તેમ જ સંબંધિત સ્ટાફની પૂછપરછ સહિતની કાર્યવાહી શરૂ કરી છે. જો કે આ સમગ્ર મામલે કિરણ હૉસ્પિટલ તરફથી આ મામલે કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, બાળકીને હૃદય સંબંધિત તકલીફ હોવાથી શહેરની કિરણ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. સારવાર દરમિયાન ડૉક્ટરોએ હાર્ટ સર્જરી કરી હતી અને તેમણે સર્જરી સફળ રહી હોવાનું પરિવારને જણાવ્યું હતું. જોકે, સર્જરીના થોડા જ સમય બાદ બાળકીની તબિયત બગડી અને અંતે તેનું મોત થયું હતું. ■

# આણંદ જિલ્લાના તારાપુર તાલુકાના ખડા ગામમાંથી નકલી તબીબ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના આંતરિયાળ ગામડાઓમાં સરકારી દવાખાનાની સુવિધા નથી. આ સ્થિતિનો લાભ લેભાગુ નકલી તબીબો લઈ રહ્યા છે. માન્ય સરકારી ડિગ્રી વગર મેડિકલ પ્રેક્ટિસ કરતા આવા નકલી તબીબો લોકોના આરોગ્ય માટે ખતરનાક બની શકે છે. રાજ્યની પોલીસે પણ નકલી તબીબોને ઝડપી પાડવા ખાસ અભિયાન હાથ ધર્યું છે. આણંદ જિલ્લાના તારાપુર તાલુકાના ખડા ગામમાંથી એક નકલી ડૉક્ટરને તારાપુર પોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી ₹૪૨,૨૧૧ની કિંમતનો દવાઓનો જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

તારાપુર પોલીસે બાતમીના આધારે ખડા ગામે દરોડો પાડ્યો હતો. આ દરોડામાં બલારામ મનોજ હીરા નામનો ઈસમ ઝડપાયો હતો. મૂળ પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણાનો વતની આ નકલી તબીબ ખડા ગામમાં મેડિકલ ડિગ્રી વગર એલોપેથિક દવાઓ દ્વારા દર્દીઓની સારવાર કરતો હતો. ■

# સગીર દીકરી સાથે દુષ્કર્મ કરવા બદલ પિતાને આજીવન કેદની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સ્પેશ્યલ પોક્સો કોર્ટે દીકરી સાથે દુષ્કર્મ કરવા બદલ ૪૪ વર્ષીય પિતાને આજીવન કેદની સજા સંભળાવી હતી, તેવી માહિતી અહેવાલો દ્વારા મળી હતી.

૧૬ વર્ષની પીડિતાએ માર્ચ ૨૦૨૪માં વટવા પોલીસમાં એફઆઈઆર નોંધાવી હતી, જેમાં જણાવ્યું હતું કે જ્યારે તેના પરિવારને તેના એક છોકરા સાથેના સંબંધની ખબર પડી ત્યારે તેનાં પિતાએ ગુસ્સામાં તેને માર માર્યો હતો. થોડા દિવસો પછી, તેણે તેની સાથે છેડતી અને દુષ્કર્મ કરવાનું શરૂ કર્યું હતું અને તેને કોઈને કંઈ ન કહેવાની ધમકી આપી હતી. તેના પિતાના આક્રમક સ્વભાવને કારણે તેની માતા આઠ વર્ષ પહેલાં ઘર છોડીને ચાલી ગઈ હતી.


પોલીસે પિતાની ધરપકડ કરી હતી. ટ્રાયલ દરમિયાન, તેણે દાવો કર્યો હતો કે તેની પુત્રીએ તેના બોયફ્રેન્ડ સાથે મળીને ખોટી ફરિયાદ નોંધાવી હતી. તેણે છોકરા સાથેના સંબંધો માટે ઠપકો આપ્યો હોવાથી તેને ફસાવવામાં આવ્યો હોવાની દલીલ પણ પિતાએ કરી હતી.


વકીલોએ ૧૨ સાક્ષી અને દસ્તાવેજો દ્વારા પિતાનો ગુનો સાબિત કરવા પ્રયત્ન કર્યો હતો. સ્પેશ્યલ કોર્ટે પિતાને દોષી ઠેરવી આજીવન કેદ અને રૂ. ૩૦,૦૦૦નો દંડ (દીકરીને ચૂકવવા)નો આદેશ આપ્યો હતો. આ સાથે રાજ્ય સરકારને રૂ. સાત લાખ વળતર તરીકે પીડિતાને ચૂકવવા આદેશ કર્યો હતો.

સજા સંભળાવતા કોર્ટે કહ્યું હતું કે એક પિતા તરીકે પોતાની દીકરીઓનું રક્ષણ કરવાને બદલે, આરોપી, પોતાના ગુસ્સાને કાબૂમાં ન રાખી શક્યો, તેને ફક્ત ઠપકો આપવા કે હળવો માર મારવાથી પણ આગળ નીકળી ગયો અને તેના વર્તનને સુધારવાનો પ્રયાસ કરવાને બદલે, પોતાની વાસના સંતોષવા માટે તેના પર જાતીય હુમલો કરીને એક ઘૃણાસ્પદ કૃત્ય કર્યું.

આવી પરિસ્થિતિઓમાં, આ પ્રકારના ગુના માટે, આરોપી કોઈ સહાનુભૂતિ કે માનવતાવાદી વિચારણાને પાત્ર નથી. ■

# દીપડા જેવા વન્યપ્રાણીઓને જંગલમાં ખોરાક મળી રહે તે માટે સુરતના જંગલોમાં ૫૦ ચિત્તલ છોડવામાં આવ્યાં





અમદાવાદ: દીપડા જેવા વન્યપ્રાણીઓને જંગલમાં તેનો કુદરતી ખોરાક મળી રહે અને માણસો અને વન્યજીવન વચ્ચેનું ઘર્ષણ ઘટે તે ઉદ્દેશ્યથી સુરત વન વિભાગ દ્વારા તાજેતરમાં માંડવીનાં જંગલમાં તૃણાહારી પ્રાણીઓને છોડવામાં આવ્યાં છે.

ગુજરાત વન વિભાગ દ્વારા તાજેતરમાં સાસણ ગીરથી ૫૦ ચિત્તલ (સ્પોટેડ ડીયર) લાવીને સુરત જિલ્લાના માંડવીનાં જંગલોમાં છોડવામાં આવ્યા છે. આ પહેલનો હેતુ એ છે કે દીપડા જેવા વન્યપ્રાણીઓને જંગલમાં કુદરતી શિકાર મળી રહે અને એ રીતે માનવ-વન્યજીવ વચ્ચેનું ઘર્ષણ ઓછુ કરી શકાય. વન વિભાગનાં અધિકારીઓએ જણાવ્યું કે, ચાલુ વર્ષનાં મે અને જૂન મહિનાની વચ્ચે ત્રણ તબક્કામાં ચિત્તલને સાસણથી લાવી માંડવીનાં જંગલોમાં છોડવામાં આવ્યાં હતા. વન વિભાગ દ્વારા ૨૩ મેના રોજ ૨૧ ચિત્તલ, ત્યારબાદ ૧૮ જૂને ૧૬ અને ૨૪ જૂને અન્ય ૧૩ ચિત્તલને જંગલમાં છોડવામાં આવ્યાં છે. આમ કુલ, ૫૦ ચિત્તલને જંગલમાં છોડવામાં આવ્યાં હોવાની માહિતી રાજ્ય સરકારે આપી હતી. ગુજરાતના વન અને પર્યાવરણ પ્રધાન અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ, ગુજરાત વન વિભાગ માનવ-વન્યજીવ સંઘર્ષ ઘટાડવા માટે વિજ્ઞાન આધારિત વન્યજીવ સંરક્ષણ માટે પગલાં લઈ રહ્યું છે. જંગલમાં વન્યપ્રાણીઓ જેવા કે દીપડા માટે કુદરતી શિકાર મળી રહે તે માટે આ પ્રયાસ થઇ રહ્યા છે. વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ની જોગવાઈઓ હેઠળ હાથ ધરવામાં આવેલું આ સ્થળાંતર, યોગ્ય વન વિસ્તારોમાં તૃણાહારી પ્રાણીઓની વસ્તી વધારીને પર્યાવરણીય સંતુલન પુનઃસ્થાપિત કરવાના રાજ્યના લાંબા ગાળાના પ્રયાસોનો એક ભાગ છે. ■

# વડોદરામાં નશાકારક સિરપની ૯૪ બોટલ સાથે મહિલા ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: યુવકો અને વિદ્યાર્થીઓ ઘણીવાર કફસિરપનો નશો કરતા ઝડપાય છે ત્યારે વડોદરામાં પ્રતિબંધિત નશાકારક કફસિરપની ૯૪ જેટલી બોટલ પોલીસે પકડી પાડી હતી અને સાથે આ વેપાર કરતી એક મહિલાને પણ ઝડપી પાડી હોવાનું બહાર આવ્યું હતું.

ઘટનાની મળતી વિગતો અનુસાર પોલીસને આજવા રોડ પર રહેણાક મકાનમાં ગુનાહિત પ્રવૃત્તિ થતી હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો ત્યારે અહીં મકાનમાંથી ૧૦૦ મિલીની કુલ ૯૪ બોટલ મળી આવી હતી જે કફસિરપની હતી અને સિલબંધ હતી. આ કફસિરપ પ્રતિબંધિત છે અને નશાકારક છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. આ જપ્ત થયેલા માલની કિંમત રૂ. ૧૬,૬૨૦ થતી હોવાની માહિતી પણ પોલીસસૂત્રોએ આપી હતી.

આ ઉપરાંત મોબાઈલ ફોન સહિતની અન્ય સામગ્રી પણ પોલીસે જપ્ત કરી હતી.

પ્રાથમિક તપાસ અનુસાર આરોપીએ છૂટક વેચવા માટે આ મેડિકલ સ્ટોરમાંથી ખરીદ્યો હતો. તેની પાસે આ માટેનું કોઈ લાઇસન્સ કે પરમિટ ન હતી. જોકે રેડ દરમિયાન પોલીસે એક મહિલાને ઝડપી લીધી હતી, પરંતુ મુખ્ય આરોપી ભાગી છૂટવામાં સફળ થયો હતો. તેને પકડવાના પ્રયાસો થઈ રહ્યા છે, તેમ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# રામોલ ફેક્ટરીમાં મૃત્યુ પામેલા કપડવંજના યુવકની અંતિમવિધિ થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના રામોલ વિસ્તારમાં આવેલી ફટાકડાની ફેક્ટરીમા શનિવારે થયેલા વિસ્ફોટમાં કપડવંજના માત્ર ૧૯ વર્ષના યુવકે પણ જીવ ગુમાવ્યો હતો. યુવકનો મૃતદેહ ગામ આવ્યા બાદ તેની અંતિમવિધિ કરવામાં આવી હતી, જેમાં ભારે હૈયે આખું ગામ જોડાયું હતું. ખેડાના કપડવંજના સૈયદવાડામાં અસરાર અલી ઈરફાનઅલી સૈયદ નામનો યુવક પિતાને આર્થિક મદદ થાય તે માટે અમદાવાદ કામ માટે આવ્યો હતો. અહીં માસીના ઘરે રહી તે રામોલ ખાતે ફેક્ટરીમાં કામ કરતો હતો. અસરારના પિતા દિવ્યાંગ છે અને રિક્ષા ચલાવી ઘણી મુશ્કેલીથી ઘરનું ગુજરાન ચલાવે છે. પિતાને મદદ થાય તે માટે અસરારે કામ કરવાનું શરૂ કર્યું હતું. જોકે શનિવારે ગેરકાયદે ચાલતી ફેક્ટરીમાં થયેલા વિસ્ફોટે અસરારનો પણ જીવ લીધો હતો. પુત્રના મોતની ખબરથી પરિવાર ભાંગી પડ્યો હતો. તેનો મૃતદેહ કપડવંજ આવ્યો હતો અને તેની અંતિમવિધિમાં સૈયદવાડા આખું જોડાયું હતું. અમદાવાદમાં બનેલી દુર્ઘટનામાં નવ નિર્દોષના જીવ ગયા હતા. પોલીસે ફેક્ટરીના માલિકને પકડી લીધો છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# છ ફૂટથી વધુ ઊંચાઈની પીઓપી મૂર્તિનું વિસર્જન આ વર્ષે પણ કુદરતી જળાશયોમાં કરવા માગણી

મુંબઈ: આ વર્ષે આગામી તમામ તહેવારો દરમિયાન નદીઓ, તળાવો અને સમુદ્ર જેવા કુદરતી જળાશયોમાં પ્લાસ્ટર ઓફ પેરિસ (પીઓપી) મૂર્તિઓનું વિસર્જન ચાલુ રાખવાની મંજૂરી આપવી જોઈએ એમ રાજ્ય સરકારે બોમ્બે હાઈ કોર્ટને જણાવ્યું છે. ન્યાયમૂર્તિ અજય ગડકરી અને ન્યાયમૂર્તિ કમલ ખાતા બે કાર્યકરો અને નવ માટીના મૂર્તિ નિર્માતાઓ દ્વારા કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ના મે ૨૦૨૦ના સુધારેલા માર્ગદર્શિકાના અમલીકરણ માટે દાખલ કરાયેલી પીઆઈએલ પર સુનાવણી કરી રહ્યા હતા. અરજીમાં કુદરતી જળાશયોમાં પીઓપી મૂર્તિઓના ઉત્પાદન, વેચાણ અને વિસર્જન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

રાજ્ય સરકારની ૧ ઓગસ્ટ, ૨૦૨૫ની વિસર્જન અંગેની માર્ગદર્શિકાને ધ્યાનમાં રાખીને, ૨૪ જુલાઈ, ૨૦૨૫ના દિવસે હાઈ કોર્ટે ૬ ફૂટથી ઉપરની મૂર્તિઓને કુદરતી જળ સંસ્થાઓમાં વિસર્જન કરવાની મંજૂરી આપી હતી. છ ફૂટથી નીચેની મૂર્તિઓને કૃત્રિમ પાણીની ટાંકીઓમાં વિસર્જન કરવાનો નિર્દેશ આપ્યો હતો. હાઈ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે તેના વચગાળાના નિર્દેશો અને રાજ્ય સરકારની માર્ગદર્શિકા માર્ચ ૨૦૨૬ સુધીના તમામ તહેવારો પર લાગુ પડશે.

રાજ્યના વલણ વિશે પૂછવામાં આવતા એડવોકેટ જનરલ મિલિંદ સાઠેએ જણાવ્યું હતું કે રાજ્ય આ વર્ષે કૃત્રિમ તળાવોમાં છ ફૂટ સુધીની મૂર્તિઓના વિસર્જનની મંજૂરી આપવા અંગે ઓગસ્ટ ૨૦૨૫ ની માર્ગદર્શિકા ચાલુ રાખવાનો ઇરાદો ધરાવે છે. પીઓપી મૂર્તિ નિર્માતાઓ દ્વારા પ્રતિબંધને પડકારતી હસ્તક્ષેપ અરજીઓ દાખલ કરવામાં આવી હતી કારણ કે તે વ્યવસાય કરવાના તેમના અધિકારનું ઉલ્લંઘન કરે છે.

મૂર્તિ નિર્માતાઓના સંગઠનનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ ઉદય વારુંજીકરે જણાવ્યું હતું કે છ ફૂટથી વધુ ઊંચાઈની મૂર્તિઓનું વિસર્જન કરવા માટે કોઈ વ્યવહારુ વિકલ્પ નથી અને માટીની મૂર્તિઓ તરફ ધીમે ધીમે સંક્રમણ માટે એક કે બે વર્ષ વધુ માગ કરી હતી. સમગ્ર મહારાષ્ટ્રમાં કૃત્રિમ તળાવોમાં વિસર્જનમાં વધારો થયો હોવાનું તેમણે જણાવ્યું હતું. ■

# રાજ ઠાકરેના ઘરે વાંદરાઓનો આતંકઃ ફાયર બ્રિગેડ બોલાવવી પડી

મુંબઈ: મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ)ના પ્રમુખ રાજ ઠાકરેના મુંબઈસ્થિત નિવાસસ્થાને સવારથી જ વાંદરાઓનું એક ટોળું આવી ચડ્યું હતું. આ વાંદરાઓ ઘરના પરિસરમાં અને બાલ્કની સુધી પહોંચી જતાં સ્ટાફ અને પરિવારમાં ગભરાટ ફેલાયો હતો. ઘટનાની ગંભીરતા જોઈને પોલીસ અને ફાયર બ્રિગેડને બોલાવવામાં આવી હતી, જેમણે કોઈને પણ ઈજા પહોંચાડ્યા વગર વાંદરાઓને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા.

આ બનાવની જાણ થયા પછી પોલીસ કન્ટ્રોલ રૂમને જાણ કરવામાં આવી હતી. પોલીસે સમગ્ર ઘટનાની ગંભીરતા જોતા તાત્કાલિક ફાયર બ્રિગેડના કંટ્રોલ રૂમ સાથે સંપર્ક સાધ્યો હતો અને વન્યજીવોને સુરક્ષિત બહાર કાઢવા માટે મદદ માગી હતી. ફાયર બ્રિગેડની ટીમે વાંદરાઓને નુકશાન પહોંચાડ્યા વગર ઘરની બહાર કાઢવાના પ્રયાસો શરૂ કર્યા હતા, જેમાં થોડો સમય મહેનત કર્યા પછી વાનરોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

મળતી વિગતો અનુસાર વાંદરાઓનું ટોળું ઘરના અલગ અલગ ભાગોમાં ફરતું રહ્યું હતું જેથી થોડા સમય માટે ત્યાં અફડાતફડીના માહોલનું નિર્માણ થયું હતું. જોકે આ ઘટનામાં કોઈ વ્યક્તિને ઇજા કે મોટા નુકસાન થયા હોવાની જાણ થઈ નહોતી. મુંબઈ જેવા મહાનગરના રહેવાસી વિસ્તારોમાં આ પ્રકારે વાંદરાઓ ઘરમાં ઘૂસી જવાની ઘટનાઓ તો ભાગ્યે જ જોવા મળતી હોય છે, પરંતુ ક્યારેક જંગલી જાનવરો પણ વસ્તી ધરાવતા વિસ્તારોમાં ભોજનની શોધમાં પહોંચી જતા હોય છે. ■

# છ મહિનામાં અમરાવતી વિભાગમાં ૪૧૫ ખેડૂતોની આત્મહત્યા

અમરાવતી : મહારાષ્ટ્રના અમરાવતી વિભાગમાં આ વર્ષે જાન્યુઆરીથી જૂન દરમિયાન કુલ ૪૧૫ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી,અધિકારીઓએ જણાવ્યું હતું. અમરાવતી વિભાગીય કમિશનરની કચેરીના આંકડાને ટાંકીને તેમણે કહ્યું કે આત્મહત્યાની સૌથી વધુ ૮૨ કિસ્સા જૂન મહિનામાં નોંધાયા હતા.

અમરાવતી વિભાગમાં જાન્યુઆરીમાં ૬૨, ફેબ્રુઆરીમાં ૬૪, માર્ચમાં ૬૮, એપ્રિલમાં ૭૬, મેમાં ૬૩ અને જૂનમાં ૮૨ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી. જાન્યુઆરીથી જૂન દરમિયાન ૧૨૮ આત્મહત્યાઓ સાથે યવતમાળ જિલ્લો મોખરે રહ્યો હતો, ત્યારબાદ અકોલા (૮૦), અમરાવતી (૭૬), બુલઢાણા (૬૯) અને વાશિમ (૬૨)નો ક્રમ આવે છે, તેમ એક અધિકારીએ જણાવ્યું હતું.આ પૈકી ૧૪૪ કિસ્સા વળતર માટે પાત્ર છે, જ્યારે ૮૮ કિસ્સા પાત્ર નથી અને ૧૮૩ કિસ્સાની તપાસ ચાલી રહી છે. અત્યાર સુધીમાં ૨૭ કિસ્સામાં સહાય આપવામાં આવી છે, એમ અધિકારીએ ઉમેર્યું હતું. (પીટીઆઈ) ■

## મુસ્લિમ મરણ

**દાઉદી વહોરા**

શેખ તૈયબઅલીભાઈ ફિદાહુશેનભાઈ જુનાગઢવાળા (ઉં.વ.૭૦) તે મોહંમદભાઈ, યુસુફભાઈ, હોજેફાભાઈના બાવાજી રાજકોટ મુકામે મરણ પામેલ છે. રવાનાઃ હુસામુદ્દીન કપાસી જસદણ.

## હિન્દુ મરણ

**હાલારી પ્રશ્નોરા નાગર**

પ્રશાંત મહેન્દ્રરાય ભટ્ટ (ઉં. વ. ૭૩) તે સ્વ. ભદ્રાબહેન મહેન્દ્રરાય અને સ્વ. મહેન્દ્રરાય ચુનીલાલ ભટ્ટના પુત્ર. કેયુર તથા પ્રિયાના પિતા. ઉર્વી કેયુર ભટ્ટ તથા જતીન અશોક પંડ્યાના સસરા. વિરેન્દ્રભાઈ, પ્રફુલ્લભાઇ, પ્રકાશભાઈ, સ્વ. ઉમાબહેનનાં ભાઈ. સ્વ. પ્રવીણ કનૈયાલાલ પંડ્યા, સ્વ, નરેન્દ્ર, સ્વ. યોગેશ તથા હિમાંશુ, રેખા અરુણ ભટ્ટ તથા નીતા મહેન્દ્ર મહેતાનાં બનેવી શનિવાર, તા. ૧૮/૭/૨૬ના વડોદરા મુકામે સ્વર્ગવાસ થયા છે. તેમની પ્રાર્થનાસભા ૨૦૧ સ્તુતિ ફ્લેટ્સ, કોરલ રેસિડેન્સીની પાછળ શેલ પેટ્રોલ પમ્પની સામે, ગોત્રી રોડ ગોત્રી, વડોદરા ૩૯૧ ૧૦૧ ખાતે સોમવાર, તા. ૨૦/૦૭/૨૬ ના રોજ સાંજે ૪ થી ૬ રાખવામાં આવેલ છે.

**દશા મોઢ વણિક**

નદીસર નિવાસી હાલ કાંદિવલી વાડીલાલ માગીલાલ દેસાઇ (ઉં. વ. ૯૩) તે સુશીલાબેનના પતિ. જયંત, અંજના, અનીતા, પીયૂષના પિતા. તે ભાવના, જીતેષ, સંજયના સસરા. તે ચીમનલાલ મગનલાલ શાહના જમાઇ. તે રાજ, દક્ષા, રીષી, આરતીના દાદા. તે ધારા, આરીવના પરદાદા તા. ૧૭-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૦-૭-૨૬ સોમવારના સાંજે ૪થી ૬. ઠે. લોહાણા બાલાશ્રમ, મથુરાદાસ એક્સટેન્શન રોડ, અતુલ ટાવર પાસે, કાંદીવલી (વેસ્ટ).

**હાલાઈ લોહાણા**

ગામ સલાયા હાલ થાણા નિવાસી સો.છાયા સુનિલ બદિયાણી (ઉં.વ.૫૨) ૧૮/૭/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સુનિલ નાથાલાલ બદિયાણીના ધર્મપત્ની. તે સ્વ.મયાબેન નાથાલાલ બદિયાણીના પુત્રવધુ. તે મયંક તેમજ દર્શનના માતૃશ્રી. તે સ્વ.હરેશ, બીપીન, નયના અશોકકુમાર ગણાત્રાના ભાભી. તે ગં.સ્વ.હર્ષાબેન, સ્વ.ભાવનાબેનના દેરાણી. બંને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર તા.૨૨/૭/૨૬ના ૪.૩૦ થી ૬. ઠે. રઘુવંશી હોલ, શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજન વાડી, ખારકર આડી, થાણા(વેસ્ટ).

**રાજપુરોહિત બ્રાહ્મણ**

સિંદરલી રાજસ્થાન હાલ મુંબઈ સ્વ. સીતાબેન મગનલાલ પુરોહિત (ઉં. વ .૯૫) સ્વ. મગનલાલ પુરોહિતના પત્ની કલ્પનાબેન, અલ્પનાબેન, પૂર્વીબેન સુશીલાબેન, દીપાબેન અને ગૌતમભાઈના માતૃશ્રી. વિશેષતા, દિલીપજી, ઓમજી અને સ્વ.શેખરજીના સાસુ. ઈશાયું અને ઈરાના દાદી. ૧૭.૭.૨૬ના શુક્રવારના શ્રીજી ચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા સોમવાર ૫ થી ૭ રાખેલ છે સ્થળ - મફતલાલ બાગ (પાટીદાર હોલ), ફ્રેન્ચ બ્રિજ, ઓપેરા હાઉસ, મુંબઈ-૭.

**લોહાણા**

અનીડા નિવાસી હાલ નાલાસોપારા હર્ષદભાઈ ગોરધનદાસ નથવાણીના ધર્મપત્ની ભારતીબેન (ઉં.વ.૬૦) તે સ્વ. ગોરધનદાસ ગોકળદાસ નથવાણીની પુત્રવધુ. સ્વ. હંસાબેન વૃંદાવનદાસ હાથીની દિકરી. આરતના માતુશ્રી. હીરાબેન - દિનેશ, શિલ્પા - હિંમત, નયના - અશોક કારિયા, સ્વ. દીપ્તિ - રાજેશ, શેતાલી - જયંતી, દિશા - સુરેશના ભાભી. રવિવાર તા. ૧૯.૭.૨૬ના શ્રીજીશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર તા. ૨૦.૭.૨૬ના ૫ થી ૭ કલાકે સ્થળઃ ગુરુકૃપા હોલ, રેલવે સ્ટેશનની સામે, નાલાસોપારા (ઈસ્ટ).

**નાઘેર દશા શ્રીમાળી વણિક**

સામતેર નિવાસી હાલ ઘાટકોપર નટવરલાલ તુલસીદાસ મહેતા (ઉં.વ ૮૯) ૧૭/૭/૨૬ શુક્રવારના શ્રીજી ચરણ પામ્યા છે. જે. મધુકાંતાબેનના પતી. જ્યોતિ શૈલેષભાઈ મહેતા, કમલેશ, સ્મિતા કમલેશભાઈ શાહ, કિરણ પ્રફુલ ચાવડાના પિતા. કામિનીના સસરા. સ્વ જયચંદ તુલસીદાસના ભાઈ. સ્વ શાંતાબેન છગનલાલ શાહ, સ્વ કાંતાબેન શાંતિલાલ કામદાર, સ્વ શારદાબેન મનોહરદાસ શાહ, સ્વ જસુબેન તારાચંદ શેઠ, સ્વ વસુબેન કાંતિલાલ કામદારના ભાઇ.

**લુહાર સુથાર**

ગામ (વડોદરા) હાલ ચુનાભટ્ટી સ્વ. રાજેશભાઈ (રાજુભાઈ) જયંતીલાલ મકવાણા (ઉં.વ.૫૯) ૧૭-૭-૨૬, શુક્રવારના સ્વર્ગવાસ પામેલ છે સ્વ. શૈલેષભાઈ જયંતીલાલ મકવાણાના ભાઈ. ગં.સ્વ. પ્રેમિલાબેન શૈલેષભાઈ મકવાણાના દિયર. ચંદ્રિકાબેન કિશોરભાઈ પરમાર અને નયનાબેન પ્રકાશભાઈ ડોડિયાના ભાઈ. વિશાલ અને ચિરાગ મકવાણાના કાકા. પ્રાર્થનાસભા તા. ૨૦-૭-૨૬, સોમવાર, સાંજે ૫ થી ૭ શ્રી લુહાર સુથાર જ્ઞાતિ હિતેચ્છક મંડળ વેલ્ફેર સેન્ટર, ત્રીજે માળે, દત્તાપાડા રોડ, કાર્ટર રોડ નં. ૩, મોટા અંબાજી મંદિર પાસે, બોરીવલી (પૂર્વ), મુંબઈ.

## પારસી મરણ

ખોરશેદ રૂસ્તમ કરકરીયા તે મરહુમ રૂસ્તમ કે. કરકરીયાના ધણીયાની. તે મરહુમ રતી તથા મીનોચેર ગડીયાલીની દીકરી. તે પરસી તથા રોશની માર્ફત્યાના માતાજી. તે યાસ્મીન પ. કરકરીયા તથા રયોમંદ દી. માર્ફત્યાના સાસુજી. તે રૂસી ગડીયાલીના બહેન. તે ઝનાઇરા તથા ઝહીલાના બપઇજી. તે ઝહાન તથા ફીયાના મમઇજી. (ઉં. વ. ૮૭) રે. ઠે. ૨૨ સ્કૂલ બિલ્ડિંગ, ખુશરૂ બાગ, મુંબઇ. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૧-૭-૨૬ના દીવસે સાંજે ૩.૪૦ એ કરાનીની અગિયારીમાં કરવામાં આવશેજી.

મહેરવાન બહેરામ પોલાર્ડ (ઉં. વ. ૭૩) તા. ૧૭-૭-૨૬ના ગુજરી ગયા છે. તે અવાનના પતિ. સિલૂ અને બહેરામના દીકરા. રિયા, ઝેનોબિયા, શાહનવાઝના પિતા. સિવા, રાયન, સાયરસના સસરા. શનાયા, ઝારા, રેહાનના ગ્રાન્ડફાધર.

## જૈન મરણ

લીંબડી નિવાસી હાલ કાંદિવલી (ઇસ્ટ) મુંબઈ સ્વ. ધનલક્ષ્મીબેન મહાસુખલાલ પરીખના સુપુત્ર. અલ્પેશભાઈ મહાસુખલાલ પરીખ (ઉં.વ.૫૫), ૧૮/૭/૨૬ના રોજ અરિહંતશરણ પામ્યા છે. તે જસ્મીના (જીની)ના પતિ. રિયા તથા સોહમના પિતાશ્રી. રોનકકુમાર શાહના સસરા. તે જ્યોતિબેન , દર્શનાબેન , રૂપેશભાઈના ભાઈ. સાસરા પક્ષઃ ગામ ટુકવાડા હાલ કાંદિવલી નિવાસી ગંગાસ્વરૂપ વિદ્યાબેન ધનસુખભાઈ દેસાઈના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી જૈન**

મોટા લીલયા નિવાસી હાલ ઘાટકોપર દીનેશભાઇ વનરાવનદાસ મહેતા (ઉં. વ. ૭૬) તે જયાબેન વનરાવનદાસ નાનાલાલ મહેતાના પુત્ર. સરોજબેનના પતિ. વિશાલ, હિમાંશુના પિતાશ્રી. ભક્તિ તથા પૂજાના સસરા. તે હિરદેશ, ખુશી, સોહમ તથા દ્રિષ્ટીના દાદા. તે ધીરજલાલ જીવરાજ રૂપાણીના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૦-૭-૨૬ના ૪થી ૬. ઠે. આનંદ મંગલ બેન્કવેટ, બીજે માળે, હિંગવાળા લેન, જૈન ઉપાશ્રય, ઘાટકોપર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૭૭ ખાતે રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભચાઉનાં પોપટલાલ માડણ ગાલા (ઉં.વ.૭૨) ૧૭-૭-૨૬ના અવસાન પામ્યા છે. માતુશ્રી ગોરીબેન માડણ અરજણ ગાલાના સુપુત્ર. પ્રેમીલાબેનના પતિ. નીરજ, રક્ષેષના પિતા. મેઘજી, નાનજી, શાંતીલાલ, હીરબાઇ, નાનબાઇના ભાઇ. ભચાઉના ભચીબેન રણધીર નાથા છાડવાના જમાઇ. પ્રાર્થના સોમવાર, તા. ૨૦-૭-૨૬ના બપોરે ૩ થી ૪.૩૦. યોગી સભાગૃહ, દાદર (ઇસ્ટ).

કારાઘોઘાના રંજન દિનેશ શેઠીયા (ઉં.વ.૬૬) ૧૭.૦૭.૨૬ના અવસાન પામેલ છે. લક્ષ્મીબાઈ વેલજી જેઠાના પુત્રવધુ. દિનેશ (ખેરનાર)ના પત્ની. ફોરમ, ઝુબીનના માતા. લુણીના જીવીબાઈ પ્રેમજી માલશી ગલીયાના સુપુત્રી. કસ્તુર, મંજુલા, ઉર્મીલા, રૂક્ષ્મણી, વિમળા, લક્ષ્મીચંદના બેન. પ્રા. શ્રી.વ.સ્થા.જૈન. શ્રા. સં. કરસન લધુ નિસર હોલ-દાદર. ટા. ૪ થી ૫.૩૦.

ગાગોદરના રતનબેન નાનજી છેડા (ઉં.વ.૮૩) ૧૬-૭-૨૬ ગુરૂવારે વલસાડ મધ્યે અવસાન પામેલ છે. સ્વ.ગંગાબેન તેજશી છેડાના પુત્રવધુ. નાનજી તેજશી છેડાના ધર્મપત્ની. સ્વ. ચુનીલાલ, ભરત, સ્વ. જયેશ, અશ્વિસ્ત્ર, રાજેશના માતુશ્રી. ભુજપુરના સ્વ. તેજબાઈ વિરજી કોરશી ભેદાના દિકરી. સ્વ. જયંતી, સ્વ. લક્ષ્મી, સ્વ. પાનબાઈ, ગં.સ્વ.ભાનુ, ગં.સ્વ. ચંચલ, સ્વ.મણીના બેન. પ્રા. સોમવાર, તા. ૨૦.૭.૨૬ સવારે ૧૦ થી ૧૧.૩૦. સ્થળ : મધુસ્મૃતિ ઓડિટોરિયમ હોલ, લોટસ-કસ્તુરબા હાસ્પિટલ પાસે, વલસાડ-૩૯૬૦૦૧. પ્રાર્થના પછી બર વિધી રાખેલ છે. નિ. નાનજી છેડા, ૨૦૩, શંખેશ્વર કોમ્પલેક્ષ, વી.પી.રોડ, ધોબીવાડ, વલસાડ-૩૯૬૦૦૧,

કપાયાના માતુશ્રી ભાનુબેન વસનજી ભાણજી ભેદા (ઉં.વ.૮૮) ૧૮-૭-૨૬ના અવસાન પામ્યા છે. ભાણબાઈ ભાણજી દેવજીના પુત્રવધુ. વસનજીના ધર્મપત્ની. ગિરીશ, અતુલ, સ્મિતા, મનીષાના માતુશ્રી. સાડાઉના વેલબાઈ/સાકરબેન હંસરાજના પુત્રી. કપાયાના જવેરબેન ધનજી, મોખાના જયવંતીબેન ભવાનજીના બેન. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. : કરશન લઘુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૨ થી ૩.૩૦.

**સોરઠ વિશાશ્રીમાળી જૈન**

ધોરાજી નિવાસી હાલ ઘાટકોપર. અશ્વિન વ્રજલાલ શાહ (ઉં.વ.૭૪), શનિવાર ૧૮.૭.૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.શાંતાબેન વ્રજલાલ શાહના સુપુત્ર. કૈલાશબેનના પતિ. રિદ્ધિ અને પ્રશાંતના પિતાશ્રી. નિર્મલ અને મમતાના સસરાજી. તે સ્વ.મહેન્દ્રભાઈ, સ્વ.ગીરીશભાઈ, સ્વ.હરેશભાઈ, લિલમબેન પ્રવિણચંદ્ર ગાંધી તથા સ્વ.રંજનબેન ચંદુલાલ વોરાના ભાઈ. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

આઠમાં પાનાનું ચાલુ

## મુંબઈના

જલદી તમામ જળાશયો છલકાઈ જશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. આ દરમ્યાન તળાવોના કેચમેન્ટ વિસ્તારોમાં થયેલા હળવા વરસાદને કારણે તળાવોની સપાટીમાં સતત સુધારો થયેલો જોવા મળ્યો છે. રવિવારે સવારના જળાશયોમાં ૫૨.૩૯ પાણી હતું, જોકે તે ગયા વર્ષની સરખામણીમાં ઓછું છે. ગયા વર્ષે આ જ સમયે જળાશયોમાં ૮૧.૮૬ ટકા પાણીનો સંગ્રહ હતો. તો ૨૦૨૪ની સાલમાં જળાશયોમાં ૩૯.૨૩ ટકા જેટલું જ પાણી હતું. ૨૦૨૪ની સાલમાં જુલાઈના છેલ્લા અઠવાડિયામાં અને ઑગસ્ટમાં મુશળધાર વરસાદ પડતા જળાશયો છલકાયાં હતાં. તે મુજબ જ પાણીપુરવઠા વિભાગે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આગામી દિવસોમાં કેચમેન્ટ એરિયામાં સારો વરસાદ પડવાની શકયતાથી બહુ જલદી તમામ જળાશયો તેની પૂર્ણ ક્ષમતાએ ભરાઈ જશે.

હાલ મુખ્ય તળાવોમાં તાનસામાં ૮૪.૩૭ ટકા લાઈવ સ્ટોક છે, ત્યારબાદ મોડક સાગર ૭૯.૧૨ ટકા છે. દરમ્યાન મિડલ વૈતરણા અને અપર વૈતરણા અનુક્રમે ૪૬.૭૮ ટકા અને ૩૧.૮૦ ટકા છે. મુંબઈને પાણી પૂરું પાડતું સૌથી મોટું તળાવ ભાતસા તેની ઉપયોગી સંગ્રહ ક્ષમતાના ૪૬.૭૯ ટકા છે. વિહાર તળાવ ૧૦૦ ટકા ક્ષમતા સાથે ભરાયેલું છે. જ્યારે તુલસી તળાવ લગભગ ૯૮.૩૩ ટકા લાઈવ સ્ટોક સાથે ભરાઈ ગયું છે.

તાજેતરના અહેવાલ મુજબ ભાતસામાં સૌથી વધુ ૧૧૨ મિ.મી વરસાદ નોંધાયો હતો, ત્યારબાદ તાનસામાં ૭૫ મિ.મી વરસાદ નોંધાયો હતો. છેલ્લા ૨૪ કલાકમાં અપર વૈતરણા અને મિડલ વૈતરણામાં અનુક્રમે ૫૫ મિ.મી. અને ૫૪ મિ.મી. વરસાદ નોંધાયો હતો. મોડક સાગરમાં ૪૪ મિ.મી., જ્યારે તુલસીમાં ૪૨ મિ.મી. અને વિહારમાં ૩૧ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

જુલાઈના પહેલા અઠવાડિયામાં મુંબઈમાં મુશળધાર વરસાદ રહ્યો હતો. એ દરમ્યાન વિહાર તળાવ સાત જુલાઈ, ૨૦૨૬ ના રાતના નવ વાગ્યે છલકાઈ ગયું હતું, ત્યારબાદ તુલસી તળાવ સાત જુલાઈના રોજ રાતના ૧૧.૪૩ વાગ્યે છલકાયું હતું.

આ વર્ષે ચોમાસાનું આગમન મોડું થતા અને જળાશયોની સપાટી તળિયે પહોંચી જતા મુંબઈ મહાનગરપાલિકાએ તકેદારીના પગલારૂપે મુંબઈમાં નાગરિકો પર ૧૦ ટકા અને કમર્શિયલ ઉપયોગકર્તા પર ૧૫ ટકા પાણીકાપ લાદેલો છે. આગામી દિવસોમાં કેવો વરસાદ પડે છે, તેના આધારે પાણીકાપ પાછો ખેંચવા બાબતે વિચાર કરવામાં આવશે એવું પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું. ■

## લશ્કરની સેવા

આરએસએસ નેતા દત્તાત્રેય હોસબોલે અને મોહન ભાગવતના નિવેદનોનો હવાલો આપતા કહ્યું, જે પાકિસ્તાન આપણા સૈનિકોના જીવનું દુશ્મન છે તેની સાથે ચર્ચા કરવા સંઘ તૈયાર છે, પરંતુ દેશ અને લશ્કર માટે અહોરાત કામ કરનારા વાંગચૂક સાથે આ સરકાર ચર્ચા કરવા તૈયાર નથી. આજે દેશમાં જે ચાલી રહ્યું છે, શું તે સંઘની કલ્પનાનું 'હિન્દુ રાષ્ટ્ર' છે? એવો સીધો સવાલ તેમણે મોહન ભાગવતને પૂછ્યો હતો.

અણ્ણા હજારેના આંદોલનની યાદ અપાવતા ઠાકરેએ કહ્યું કે, તે સમયે તત્કાલીન વડા પ્રધાન મનમોહન સિંહે અણ્ણા સાથે સન્માનપૂર્વક ચર્ચા કરવા માટે પ્રતિનિધિ મોકલ્યા હતા, કોઈએ તેમને દેશદ્રોહી નહોતા કહ્યા, પરંતુ આજની સરકાર દમન ગુજારી રહી છે. તમે ચાદર ઓઢાડીને વાંગચૂકનું આંદોલન છુપાવી નહીં શકો. જો મોદી સરકારમાં હિંમત હોય તો ચૂંટણી જાહેર કરે, અમે લડવા તૈયાર છીએ.

શિવસેના (યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ ભાજપ શાસિત કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે હવે એવી સરકાર બદલવા માટે લડાઈ શરૂ થવી જોઈએ જે જવાબદાર નથી.

મુંબઈમાં એક રેલીને સંબોધિત કરતી વખતે તેમણે સરકાર પર યુવાનોનું ભવિષ્ય ચોરી લેવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે આ સંદર્ભમાં નીટ પરીક્ષામાં કથિત ગેરરીતિઓ અને તેની સાથે જોડાયેલી વિદ્યાર્થીઓની આત્મહત્યાઓનો ઉલ્લેખ કર્યો હતો, જેને કારણે સોનમ વાંગચૂક ભૂખ હડતાળ પર ઉતર્યા હતા. તેમણે કહ્યું કે, જે સરકાર જવાબદાર નથી તેને બદલવા માટે હવે લડાઈ શરૂ થવી જોઈએ અને આ લડાઈ માત્ર સોનમ વાંગચૂક પૂરતી મર્યાદિત નથી. ■

## સોનમ વાંગચૂકના સમર્થનમાં

જરૂર કરે. જંતરમંતરથી તેમને હૉસ્પિટલ લઇ જવા પર અણ્ણા હઝારેએ પોતાની પ્રતિક્રિયા આપી હતી.

અણ્ણા હઝારેએ કહ્યું હતું કે સરકારને આ મામલે પોતાનું મૌન તોડવું જોઈએ. કોઈ પણ બાબતમાં વાતચીત કરવાનું જરૂરી છે, કોઈ પણ મુદ્દા પર વાતચીત દ્વારા જ સમાધાન થઇ શકે છે. સરકારે પોતાની વાત પણ સામે મૂકવી જોઈએ અને સામે સત્તાવાળાની વાત પણ સાંભળવી જોઈએ, ત્યારે જ એનો ઉકેલ આવી શકે છે. ■

## અમે અહીં

બેંક છે, પરંતુ તેમની પાસે દેના બેંક છે. કરોડો રૂપિયા ચૂકવીને તેઓ આ સાંસદોને લાવ્યા હોવાના આરોપોને સંબોધતા, તેમણે સ્પષ્ટતા કરી હતી કે તેઓ ખરેખર ભંડોળ ખાસ કરીને વિકાસ ભંડોળ,જનતાના લાભ માટે પૂરું પાડશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ સાંસદો વ્યક્તિગત લાભ માટે જોડાયા નથી. ■

## મહારાષ્ટ્રમાં

પશ્ચિમમાં વિલેજ રોડ ચોકી પાસે ફૂટપાથનો અમુક ભાગ ધસી પડ્યો હતો, જેને કારણે ત્યાં પાર્ક કરેલી બે ટૂ વ્હિલર નાળામાં પડી ગઈ હતી. એક ટૂ વ્હિલરને બહાર કાઢવામાં આવી હતી તો બીજી પાણીમાં વહી ગઈ હતી.

બંગાળના ઉપસાગરમાં લૉ પ્રેશર સર્જાવાને કારણે મહારાષ્ટ્રમાં તેની અસર હેઠળ હાલ વરસાદ પડી રહ્યો છે. ત્રણ-ચાર દિવસ તેની અસર હેઠળ મુંબઈ, થાણે, પાલઘર સહિત રાજ્યમાં વરસાદની શકયતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે, જેમાં ખાસ કરીને કોંકણ, ગોવા અને દક્ષિણ મધ્ય મહારાષ્ટ્રના ઘાટ પરિસરમાં મુશળધારથી અતિમુશળધાર વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

હવામાન વિભાગના અંદાજ મુજબ દક્ષિણ મધ્ય મહારાષ્ટ્રના ઘાટ પરિસરમાં વીજળીના ગડગડાટ સાથે કલાકના ૪૦થી ૫૦ કિલોમીટરની ઝડપે જોરદાર પવન ફૂંકાવાની સાથે જ મુશળધારથી અતિમુશળધાર વરસાદની શકયતા છે. કોંકણ-ગોવા વિભાગના જિલ્લામાં પણ અમુક ઠેકાણે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

મધ્ય મહારાષ્ટ્ર અને મરાઠવાડાના જિલ્લામાં અમુક ઠેકાણે વીજળીના ગડગડાટ સાથે હલકાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ અને કલાકના ૪૦થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની શકયતા છે. ઉત્તર મહારાષ્ટ્રના ઘાટ પરિસરમાં પણ અમુક ઠેકાણે વીજળીના ગડગડાટ સાથે મુશળધાર વરસાદનો અંદાજો વ્યક્ત કરવામાં આવ્યો છે. ■

## મનોરીથી

પાણીપુરવઠા વ્યવસ્થા સુધી પહોંચાડવા માટે મનોરીથી ચારકોપ પાલિકાના ઉદ્યાન અને આગળ કાંદિવલીના મહાવીર નગર સુધી વોટર ટનલ તેમ જ પમ્પિંગ સ્ટેશન બાંધવામાં આવવાનું છે. મનોરીથી ચારકોપ મહાપાલિકા ઉદ્યાન દરમ્યાન ૪.૬૩ કિલોમીટરની અને આગળ મહાપાલિકા ઉદ્યાનથી કાંદિવલી મહાવીર નગર સુધીની ૨.૫૪૫ કિ.મી.ની એમ કુલ ૭.૧૭૫ કિલોમીટર લંબાઈની ટનલ બાંધવામાં આવવાની છે.

મનોરીના ડિસાલિનેશન પ્લાન્ટના બાંધકામ સહિતના કામમાં લગભગ ૪૮ મહિનાનો સમય લાગવાનો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત મળનારા પાણીને વિતરણ વ્યવસ્થામાં સમયસર સમાવેશ કરવા માટે વોટર ટનલનું બાંધકામ પણ સમયસર પૂરું થવું આવશ્યક છે. ટનલ પ્રોજેક્ટની મુદત ૪૫ મહિનાની પ્રસ્તાવિત કરવામાં આવી છે. વોટર ટનલના બાંધકામ માટે ટીબીએમનો ઉપયોગ કરીને જમીનની નીચે ૧૦૪થી ૧૨૮ મીટર નીચે ઊંડાઈ પર ખોદકામ કરવામાં આવવાનું છે. ટીબીએમથી ખોદકામ બાદ બાંધકામ કરવામાં આવવાનું છે. એ સાથે પમ્પિંગ સ્ટેશન પર ૧૦૦ કિલોવોટ ક્ષમતાનો સૌરઊર્જા ઉત્પાદનની સિસ્ટમ પણ બેસાડવામાં આવવાની છે. તેથી મોટા પ્રમાણમાં વીજના ઉપયોગમાં બચત કરીને પૈસાની પણ બચત કરી શકાશે. ■

## સરકાર લોકશાહીને

લેશે. શનિવારે ભૂખ હડતાળના ૨૧મા દિવસે દિલ્હી પોલીસ દ્વારા વાંગચૂકને બળજબરીપૂર્વક સફદરજંગ હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. દિલ્હી પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, વાંગચુકની તબિયત લથડતાં દિલ્હી હાઈ કોર્ટના નિર્દેશો અનુસાર તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને તેમને જરૂરી તબીબી સારવાર આપવામાં આવી રહી છે.

નીટ પરીક્ષામાં કથિત ગેરરીતિઓ અને આ વિવાદ સાથે જોડાયેલા વિદ્યાર્થીઓનાં મોતના અહેવાલો અંગે કૉક્રોચ જનતા પાર્ટીની આગેવાની હેઠળના વિરોધ પ્રદર્શનના સમર્થનમાં આ આંદોલનકારી ૨૮ જૂનથી અચોક્કસ મુદતની ભૂખ હડતાળ પર છે.

મહારાષ્ટ્ર કૉંગ્રેસના પૂર્વ અધ્યક્ષે સવાલ કર્યો હતો કે, 'દિલ્હી પોલીસે લોકોને ચાદરમાં લપેટીને બળજબરીપૂર્વક હટાવ્યા. સરકાર લોકશાહીને નબળી પાડવાનું કામ કરી રહી છે. હાઈ કોર્ટ દ્વારા કયા નિર્દેશો જારી કરવામાં આવ્યા હતા?' પટોલેએ નીટ પરીક્ષામાં ભ્રષ્ટાચારમાં સામેલ લોકો માટે કડક સજાની પણ માગ કરી હતી અને કહ્યું હતું કે તેઓ મૃત્યુદંડને પાત્ર છે. તેમણે કહ્યું કે, 'હવે, માર્કશીટ કૌભાંડના પણ આક્ષેપો થઈ રહ્યા છે. ત્યાં સેના તૈનાત કરવી જોઈએ.' ■

## 'હિંદુત્વ એ

ઉમેર્યું હતું કે રામની રક્ષા વિશે વાત કરતા પહેલા, ઉદ્ધવે પોતાની પાર્ટી અને પોતાની બાકી રહેલી વિચારધારાના રક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

તેમણે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રામ મંદિરનું નિર્માણ કર્યું છે અને દેશને આગળ વધારી રહ્યા છે, તેમ છતાં ઉદ્ધવને આ બાબતનું કોઈ ગૌરવ નથી. તેમણે નોંધ્યું કે જ્યારે હાઇડ્રોજન ટ્રેનો શરૂ કરવામાં આવી રહી છે અને વિક્રમ રોકેટ લોન્ચ કરવામાં આવ્યું છે, ત્યારે રાહુલ ગાંધી વડા પ્રધાનની છબી ખરડવા માટે વિદેશ જાય છે. તેમણે તેમને રાષ્ટ્રવિરોધી ગણાવ્યા હતા. ■

## સત્તા માટે

ત્યાગ કર્યો હતો અને લોકોએ તેમને સત્તા પરથી હટાવી દીધા હતા. તેમણે ઉલ્લેખ કર્યો કે તેમની તાકાત ૪૦ ધારાસભ્યોથી વધીને આજે ૫૬થી વધુ ધારાસભ્યોની થઈ ગઈ છે. તેમણે ઉમેર્યું કે એનડીએની તાકાત સતત વધી રહી છે કારણ કે લોકો વડા પ્રધાનમાં વિશ્વાસ મૂકી રહ્યા છે. તેમણે કહ્યું કે તેઓ એવા વડાપ્રધાન છે જેમણે એક પણ દિવસની રજા લીધી નથી. તેમણે જણાવ્યું કે એનડીએને વધુ મજબૂત બનાવવી એ આપણી ફરજ છે. ■

## રાઉતે

છે અને આ એક ગંભીર ગુનો છે. આ લોકો સિરિયલ કિલર અને બળાત્કારીઓ છે.'

બંધારણની દસમી અનુસૂચિમાં જણાવાયું છે કે વિભાજન કે વિલીનીકરણની મંજૂરી નથી, તો પછી સ્પીકરે તેને કેવી રીતે મંજૂરી આપી, રાઉતે પ્રશ્ન કર્યો હતો.

રાઉતે સોનમ વાંગચૂકને હોસ્પિટલમાં ખસેડવા બદલ કેન્દ્રની પણ ટીકા કરી. રાઉતે કહ્યું કે લોકશાહીમાં તમામ પ્રકારના વિરોધ પ્રદર્શનની મંજૂરી છે. મહાત્મા ગાંધીએ અનિશ્ચિત સમય માટે ભૂખ હડતાળનો માર્ગ પસંદ કર્યો હતો અને બ્રિટિશરોને વાટાઘાટો શરૂ કરવા મજબૂર કર્યા હતા. પરંતુ વાંગચૂક ઉપવાસ કરે છે અને સરકાર કોઈ ચર્ચા કરતી નથી, ઊલટાનું તેમને વિરોધ સ્થળેથી ખેંચી જાય છે. તેમને સ્ટ્રેચર પણ મળ્યું ન હતું. તેમણે તેમના પર ઉપવાસ તોડવા માટે દબાણ કર્યું અને આની નિંદા થવી જોઈએ, તેમણે કહ્યું. ■

## એટીએમ સાથે

દુકાનદાર (૪૫) અને નમીરા અઝીમ દુકાનદાર (૨૪)નાં નામ સામે આવ્યાં હતાં. પોલીસે બન્ને મહિલાને નોટિસ બજાવી પૂછપરછ માટે હાજર રહેવાનું કહ્યું હતું.

આ પ્રકરણે બૅન્કની ભાંડુપમાં આવેલી બ્રાન્ચની મહિલા મૅનેજરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે બે દિવસમાં પાંચ ગ્રાહકે મશીનમાંથી રૂપિયા નીકળ્યા વિના જ તેમના ખાતામાંથી રૂપિયા ડેબિટ થયાના મેસેજ આવ્યાની ફરિયાદ કરી હતી. મૅનેજરે એટીએમ સેન્ટરનાં સીસીટીવી ફૂટેજ તપાસતાં આરોપીની કરતૂત પકડાઈ હતી.

આરોપી મશીનમાં પ્લાસ્ટિકની એક પટ્ટી ફિટ કરતો હતો, જેને કારણે રૂપિયા કઢાવવા આવનારા ગ્રાહક છેતરાતા હતા. મશીનમાંથી રૂપિયા આવતા નહોતા, પણ સ્ક્રીન પર ડેબિટનો મેસેજ આવતો. એ સિવાય રૂપિયા ડેબિટ થયાનો મોબાઈલ મેસેજ પણ આવતો. જોકે ગ્રાહક એટીએમ સેન્ટરમાંથી ગયા પછી તરત જ આરોપી અહમદ મશીનમાંથી પટ્ટી કાઢીને રૂપિયા ચોરતો હતો.

આરોપી અહમદને બે મહિલા સાથી સહિત ત્રણ જણ મદદ કરતા હોવાનું તપાસમાં જણાયું હતું. આરોપી પાસેથી ૩૯ હજારની રોકડ, પ્લાસ્ટિકની પટ્ટી અને બાઈક જપ્ત કરવામાં આવી હોવાનું ભાંડુપ પોલીસે જણાવ્યું હતું.

## 'અત્યારે શિક્ષણપ્રધાનનું

બોલતા આદિત્ય ઠાકરેએ ભાજપની નીતિઓ અને દેશની વર્તમાન પરિસ્થિતિ પર જોરદાર પ્રહારો કર્યા હતા. સોનમ વાંગચૂકના વિરોધનો ઉલ્લેખ કરતા આદિત્ય ઠાકરેએ કહ્યું કે, 'સોનમ વાંગચૂકે આ પહેલા પણ લદાખને વિશેષ રાજ્યનો દરજ્જો મળે તે માટે શાંતિપૂર્ણ માર્ગે આંદોલન કર્યું હતું. લોકસભા ચૂંટણી પહેલા ભાજપે લદાખની જનતાને તેવું આશ્વાસન પણ આપ્યું હતું, પરંતુ ભાજપ લદાખની જમીન ઉદ્યોગપતિ અદાણીને પધરાવવા માગે છે. આ જ કારણે સોનમ વાંગચૂકને આ પહેલા આંદોલન કરવું પડ્યું હતું.' કેન્દ્ર સરકારના વહીવટની ટીકા કરતા આદિત્ય ઠાકરેએ કહ્યું કે, આ દેશની જનતાએ ભાજપને દેશ બદલવા અને વિકાસ કરવા માટે બહુમતી આપી હતી, પરંતુ આ લોકો હવે દેશનું બંધારણ બદલવા માગે છે. ઇસરોના ૧૦૦ વૈજ્ઞાનિકોએ રાજીનામું આપ્યું હોવાની બાબત સામે આવી છે. દુનિયા ક્યાં જઈ રહી છે અને આપણે ક્યાં છીએ? ભાજપ ઇસરો જેવી મહત્ત્વની સંસ્થાઓ સંભાળી શકતી નથી, પરંતુ અન્ય પક્ષોના સાંસદો તોડવામાં વ્યસ્ત છે. ■

## રત્નાગિરિના

જ્યારે ભૂસ્તરશાસ્ત્રીઓએ સ્થળની સ્થિરતાની ચકાસણી કરી હતી. રજૂ કરવામાં આવેલા દશ્યોમાં પ્રતિકૂળ હવામાન વચ્ચે સ્થાનિક લોકો, પોલીસ અધિકારીઓ અને સત્તાધારીઓ સ્થળનું નિરીક્ષણ કરતા જોવા મળ્યા હતા. સ્થાનિકોને પણ આવી પરિસ્થિતિમાં સતર્ક રહેવાની અને સુરક્ષિત રહેવાની સલાહ આપવામાં આવી છે.

# હાઈવે પર અવરોધ દૂર કરવાની કામગીરી

દરમિયાન, એક અન્ય ઘટનામાં થોડા દિવસો પહેલા મુંબઈ-ગોવા હાઈવે પર પરશુરામ ઘાટ વિસ્તારમાં ધામણદેવી નજીક મોટા પાયે ભૂસ્ખલન થયું હતું, જેના કારણે આ વિસ્તારમાં વાહનવ્યવહારમાં કામચલાઉ વિક્ષેપ પડ્યો હતો.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લેતા, હાઈવે પર મોટી માત્રામાં માટી અને પથ્થરો ધસી આવવાથી રાહદારીઓ અને વાહનચાલકો માટે જોખમ ઊભું થતાં અધિકારીઓએ ધામણદેવી અને પરશુરામ ઘાટ વચ્ચેની એક લેન બંધ કરવી પડી હતી. વધુમાં, જિલ્લા વહીવટીતંત્ર અને હાઈવે ઓથોરિટીઝ દ્વારા કાટમાળ હટાવવા અને વાહનવ્યવહાર પૂર્વવત કરવા માટે તાત્કાલિક જેસીબી મશીનોની મદદથી સફાઈ કામગીરી શરૂ કરવામાં આવી હતી. સફાઈ કામગીરી દરમિયાન, પોલીસની દેખરેખ હેઠળ બાકી રહેલી ખુલ્લી લેનમાંથી વાહનોને સાવચેતીપૂર્વક પસાર થવાની મંજૂરી આપવામાં આવી હતી. સદ્ભાગ્યે કોઈપણ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજાના સમાચાર મળ્યા નથી. ■

## ખેડમાં

હતી. ઈન્ટરનેટ પર શેર કરવામાં આવેલા દશ્યોમાં મહિલાઓ સહિતના કેટલાક રાહદારીઓ આ વિસ્તારમાં ફસાયેલા જોવા મળ્યા હતા. આ દશ્યો એ પણ દર્શાવે છે કે આ પહાડી વિસ્તાર પ્રતિકૂળ હવામાનની સ્થિતિનો સામનો કરી રહ્યો હતો.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
| --- | --- | --- |

# ધર્મ તેજ



માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombaysamachar.com

## આપણામાં જેટલું સત્ય હશે તેટલા પ્રમાણમાં આપણે નિર્ભય રહી શકીશું



હું ‘રામકથા’ લઇ અને જગતભરમાં ફરતો રહું છું. એ ‘રામકથા’માં આપણને વિદ્યા પ્રાપ્ત થાય એ પછી દીક્ષાંત સમારોહ યોજાય છે; રામાયણ કાળમાં રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન વસિષ્ઠજીના ગુરુકુળમાં અભ્યાસ કરવા ગયા હતા. એમની વિદ્યા જ્યારે પૂર્ણ થઈ, એમનો અભ્યાસ જ્યારે પૂર્ણ થયો અને એમને ગુરુકુળમાંથી વિદાય દેવામાં આવી ત્યારે શું કહેવામાં આવ્યું? અમારી અલિયાબાડા સંસ્થામાં ડોલરભાઈ માંકડના સમયમાં દીક્ષાંત સમારોહ યોજાતો હતો ત્યારે તૈતરીય ઉપનિષદના મંત્રોનો પાઠ થતો હતો; એ પછી ઋષિ જ્યારે વાત કરતા હતા ત્યારે તેમાં એક સૂત્ર બહુ જ સરસ આવતું હતું. ઋષિ કહેતા હતા કે મારી હવે અવસ્થા થઈ છે. કાલે કદાચ હું આ ધરતી પર રહું, ન રહું; પરંતુ આજ તો જીવનનો માર્ગ છે. તમને જ્યારે જ્યારે માર્ગદર્શનની જરૂરિયાત હશે ત્યારે મારાથી પણ કોઈ તેજસ્વી તમને મળી જશે અને ત્યારે એમને પ્રણામ કરી એનું માર્ગદર્શન પ્રાપ્ત કરજો.. વિદ્યાની કોઈ સીમા નથી.

તો રામકાળમાં ક્યારે દીક્ષાંત પ્રવચનો થતા ત્યારે એમાં કયા સૂત્રો આપવામાં આવતા હતા? પાંચ સૂત્રો આપવામાં આવતા હતા. અમારે મહુવાની બાજુમાં ત્રાપજ ગામ છે. ત્યાં ત્રાપજકર કવિ થયા. એમનો એક દુહો છે-

**શાસ્ત્રવિદ્યા, વાણી વિમલ, વીરડા જલ, વિજ્ઞાન,**
**દયા, દાન અને માન એ વાપર્યા વધે વિઠલા.**

આટલી ચીજોનો તમે જેમ ઉપયોગ કરશો તેમ વધશે. એમાં પહેલી છે શાસ્ત્ર વિદ્યા. આપ જે કોઈપણ વિદ્યા શાખામાંથી પદવી પ્રાપ્ત કરો છો તો એ વિદ્યાનું વર્ધન થવું જોઈએ, પરંતુ વિદ્યાનું વર્ધન કેવી રીતે થાય? ‘રામચરિત માનસ’માં દીક્ષાંતપ્રવચનનું બીજું સૂત્ર એ છે કે તમે અહીંથી જે વિદ્યા પ્રાપ્ત કરીને નીકળો છો તેની સાર્થકતા વિનયમાં છે. જેની પાસે વિદ્યા છે પરંતુ વિનય નથી એની વિદ્યા વાંઝણી છે; એ વિદ્યાનો કોઈ અર્થ નથી. વિદ્યા વિનયથી શોભે છે. વિના વિનય વિદ્યા શોભતી નથી. એને જ વિદ્યા સદાય સુશોભિત રહેશે, જેનામાં વિનય હશે.

ત્રીજું સૂત્ર છે, નિપુણ. અહીં નિપુણતાનો અર્થ છે, યોગઃ કર્મસુ કૌશલમ. આપે જે વિદ્યા શાખામાંથી વિદ્યા પ્રાપ્ત કરી હોય તેની કુશળતા, તેની કાર્યકુશળતા એ આ દીક્ષાંત પ્રવચનનું ત્રીજું સૂત્ર છે. કાર્યમાં નિપુણતા એ ત્રીજું સૂત્ર છે. એ પછીનો ગુણ છે જેને ગીતાએ દૈવી સંપદા કહી છે અને એ દૈવી સંપદાનું પહેલું સૂત્ર છે અહિંસા. યુવાન ભાઈ બહેનો, મારી પૂરી રામાયણ યાત્રાના સારરૂપે જો મારે કંઈ કહેવું હોય તો ત્રણ સૂત્રો હું કહું છું-‘સત્ય, પ્રેમ અને કરુણા.’ સત્યને ત્યાં એક પુત્રનો જન્મ થયો જેનું નામ છે અભય, નિર્ભયતા. આપણામાં જેટલું સત્ય હશે એટલા પ્રમાણમાં આપણે નિર્ભય રહી શકીશું. ગાંધીજી શું કામ નિર્ભય રહ્યા? કારણકે એમની પાસે સત્ય હતું.

‘સત્ય’ શબ્દ કેટલો મોટો શબ્દ છે, પણ માણસ ઈચ્છે તો ખેલખેલમાં સત્ય જીવી શકે છે. થોડી મુશ્કેલી આવે તો આવશે, પણ જીવી શકે છે. સત્યં વદામિ. થોડું કષ્ટ પડે છે, જેનાં જેનાં અનુભવમાં આવું છે એને ખબર છે. પણ એ કષ્ટ પણ આનંદ આપે છે કે સત્યને કારણે મળ્યું છે, જૂઠને કારણે તો નથી મળ્યું ! અમને દુઃખ મળ્યું તો અમારા કૃષ્ણે આપ્યું છે, કંસે તો નથી આપ્યું. સત્ય કોણ છે ? કૃષ્ણ છે. દુઃખ આપ્યું તો રામે આપ્યું છે;રાવણે તો નથી આપ્યું. દુઃખ આપ્યું છે તો ધર્મે આપ્યું છે, અધર્મએ તો નથી આપ્યું. સત્ય દુઃખ આપે તો આપે. બહુ કઠિન છે, બહુ કઠિન છે. સત્યની જગ્યાએ જ્યારે અમૃત બોલીએ છીએ તો એ વાણીનું પાપ છે. થોડો પ્રયોગ કરી જુઓ, હું તમને વિનંતી કરું છું. થોડું કષ્ટ સહન કરો, અસત્ય કેમ બોલો છો? ભલે લૂંટાઈ જવાય તો લૂંટાઈ જવાય! અહીં શું હતું ? કેટલાક લોકો કહે છે, પેલો માણસ અમારા પર જૂઠો આરોપ લગાવે છે, તેથી અમને ચોટ લાગી. જુઠા આરોપથી દુનિયામાં કદી કોઈને ચોટ નથી લાગતી, સાવધાન. ચોટ સત્ય જ કરે છે. જ્યારે કોઈએ તમને કંઈક કહ્યું ને તમે વિચલિત થઈ ગયા, તો સમજજો કે તમારા વિશે એમણે તમને કંઈક સાચું કહી દીધું, જે તમે જાણો છો, દુનિયા નથી જાણતી. કોઈ જૂઠું કહે તો આપણે વિચલિત થવાનું શું કારણ છે ? જે શસ્ત્ર જ નથી, એ આપણો વધ શું કરવાનો? જે મૂલતઃ શસ્ત્ર જ નથી. ઘણીવાર શું થાય છે કે સંસારમાં સદીઓ સુધી કોઈ ને કોઈ ઊલટું દર્શન આવી જાય છે. નાસ્તિક દર્શનોએ એવી બહુ ગરબડ કરી નાંખી છે.


બીજું સૂત્ર, પ્રેમ એને ત્યાં પણ એક પુત્ર છે, જેનું નામ છે ત્યાગ. જ્યાં પણ પ્રેમ હશે ત્યાં ત્યાગ હશે. અને ત્રીજું સૂત્ર છે કરુણા. કરુણાને ત્યાં એક પુત્રીનો જન્મ થાય છે જેનું નામ છે અહિંસા. ક્યારેક આપણે ત્યાં કરુણાના સંતાનરૂપી અહિંસાનો જન્મ થાય છે ત્યારે ભગવાન પતંજલિ કહે છે કે એની પાસે શત્રુ આવશે તો પણ તેની વૈર બુદ્ધિનો ત્યાગ થશે. આપણે શત્રુનો નાશ નથી ઇચ્છતા. આ ભારતની પરંપરા છે. શત્રુબુદ્ધિનો વિનાશ થાય. શત્રુની માનસિકતા બદલે.

તો, સત્ય,પ્રેમ અને કરુણા. સત્ય બાદ અભય, પ્રેમની બાદ ત્યાગ અને કરુણા બાદ અહિંસા. જ્યાં અભય હશે ત્યાં શાંતિ હશે. ભયભીત માણસ ક્યારેય શાંત નહીં રહી શકે. ઉપર ઉપરથી ભલે ગમે તેટલી વાતો કરે પરંતુ તે શાંત નહીં હોય. નિર્ભય માણસ જ શાંત હોય છે. એટલા માટે જે અભય હોય છે એના ઘરે ફરી એક પુત્રીનો જન્મ થાય છે જેનું નામ હોય છે શાંતિ.એનો પાંચમું સૂત્ર છે શીલ. આપણામાં ગુણ અને વિદ્યા હશે પરંતુ શીલ નહીં હોય તો વિદ્યા અપૂર્ણ છે. શીલ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. શીલ આપણી બહુ મોટી સંપદા છે. આપ યુનિવર્સિટીમાંથી ડીગ્રી મેળવો છો પરંતુ તેની સાથોસાથ સારી વૃત્તિ પણ નિર્મિત થવી જોઈએ. વૃત્તિનું નિર્માણ એટલે શીલનું સર્જન.

- સંકલનઃ જયદેવ માંકડ ■

ચિંતન
હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

## વ્યવહારિક - પ્રતીતિભાસિક- પરમાર્થિક



સનાતની સંસ્કૃતિમાં, તેમાં પણ ખાસ કરીને અદ્વૈત વેદાંતમાં ત્રણ પ્રકારના ‘સત્ય’ની વાત જોવાં મળે છે; વ્યવહારિક સત્ય, પ્રતીતિભાસિક સત્ય અને પરમાર્થિક સત્ય. આ ત્રણેય પ્રકારનાં સત્યનું જે તે પરિસ્થિતિમાં, જે તે ક્ષેત્રમાં મહત્ત્વ છે, ઉપયોગિતા છે. રોજિંદા વ્યવહાર વાસ્તવિકતાની જરૂરી સમજ એટલે વ્યવહારિક સત્ય. જે દેખાય પણ વાસ્તવિક ન હોય તે પ્રતીતિભાસિક સત્ય. જે સર્વવ્યાપી નિર્વિકાર બ્રહ્મનું સ્વરૂપ છે તે પરમાર્થિક સત્ય.

વ્યવહારિક સત્ય રોજિંદા જીવનમાં સમજી શકાય, અનુભવી શકાય. અમુક વ્યક્તિ પિતા છે તો અમુક વ્યક્તિ પુત્ર, અમુક સ્થાન અમદાવાદ છે તો અમુક સ્થાન વડોદરા, આજે શનિવાર છે તો કાલે રવિવાર, આ માટીનો ઘડો છે તો તે માટીનું રમકડું; આવી સંબંધ, સ્થાન, સમય, વસ્તુ, પરિસ્થિતિ, વ્યક્તિને સંલગ્નિત વ્યવહારિક સમજ એટલે વ્યવહારિક સત્ય. આ સત્ય કાયમી ન હોય, સાંદર્ભિક હોય. ભલે તે અંતિમ સત્ય ન હોય, પણ જ્યાં સુધી જીવનચક્ર ચાલુ છે ત્યાં સુધી એનું પાલન કરવું જરૂરી છે. વ્યવહારિક સત્ય પ્રવર્તમાન પરિસ્થિતિ, નિયમ, વ્યવસ્થા, નૈતિકતાના પ્રવર્તમાન ધોરણ, સામાજિક બંધારણ, કેટલીક મર્યાદાઓ અને સંભાવનાઓ આધારિત હોય તેમ કહી શકાય. બની શકે કે આમાંની કેટલીક બાબતો લાંબા સમય સુધી પ્રવર્તમાન રહે, પરંતુ તે કાયમી ન હોય. જીવનની ધર્મ અને કર્મક્ષેત્રને લગતી કેટલીક બાબતો આ સત્યથી નિર્ધારિત થતી હોય છે. અહીં કર્મ અને પરિણામ વચ્ચેના સમીકરણનો પણ સમાવેશ કરી શકાય. જ્યારે એમ જણાવવામાં આવે કે ‘ફળની અપેક્ષા વગર કર્મ કરવું એ જ તારો અધિકાર છે’, ત્યારે કર્મ એ વ્યવહારિક સત્ય બને અને ફળ એ પરમાર્થિક.

પ્રતીતિભાસિક સત્ય એટલે એ પ્રકારની ઘટના જે પ્રતીત થાય, જે વાસ્તવિક ન હોય. અમુક બાબત અમુક સ્વરૂપે અસ્તિત્વમાં હોવાની પ્રતીતિ મનની કલ્પના, પૂર્વગ્રહ, અજ્ઞાન, માયાનો પ્રભાવ, ચોક્કસ પ્રકારની ભ્રમણા, દૃષ્ટિભ્રમ, ઇન્દ્રિયોની અક્ષમતા તથા ગ્રસિત મનોવૃત્તિને આધારિત હોય; આ પ્રતીતિને સત્ય માની લેવામાં આવે - તે પ્રતીતિભાસિક સત્ય. અદ્વૈત સિદ્ધાંત પ્રમાણે તેની પાછળનું મૂળ કારણ ‘માયાનો પ્રપંચ’ છે. જ્યારે દોરડામાં સાપ દેખાય, સ્વપનમાં ડર અનુભવાય કે રણમાં મૃગજળ દેખાય ત્યારે પ્રતીતિભાસિક સત્યનો પ્રભાવ હોય. આ બધું અજ્ઞાનને કારણે સ્થાપિત થતી મનની સ્થિતિને કારણે પ્રતીત થાય. સમજવાની વાત એ છે કે જ્યારે સાચું જ્ઞાન મળે છે ત્યારે આ સત્યની ‘અસત્યતા’ જણાય.

પરમાર્થિક સત્ય સૌથી ઊંચું, પરમ તેમજ ‘વાસ્તવિક’ સત્ય છે. અહીં માત્ર બ્રહ્મની જ સમજ તેમ જ અનુભૂતિ થઈ શકે. બ્રહ્મ અને બ્રહ્મ સાથેનું ઐક્ય એ જ અંતિમ સત્ય છે. બ્રહ્મ-સત્ય અવિનાશી છે, નિરાકાર છે, નિર્વિકલ્પ છે, સર્વત્ર છે, અખંડ છે, સનાતન છે, અજન્મા છે, આત્મજ્ઞાન સ્વરૂપ છે, પવિત્ર છે, શાશ્વત છે, એકમાત્ર છે અને મુક્તિદાતા છે. માટી જેમ ઘડામાં છે અને રમકડામાં પણ છે, સોનું જેમ હારમાં છે અને કંગનમાં પણ છે, સમુદ્રનું પાણી તરંગમાં છે અને બુંદમાં પણ છે; તેમ આ સત્ય બ્રહ્મ અને બ્રહ્માંડનું એકત્વ સૂચવે છે. સનાતની વિચારધારાની આ પરમ, ગહન તેમજ અદ્‌ભુત ઘટના છે. તેની પ્રાપ્તિ માટે જ્ઞાન જરૂરી છે. જ્ઞાન પ્રાપ્ત થતાં જ દોરડું પાછું દોરડાં તરીકે જ સમજાય છે. જગતગુરુ આદિ શંકરાચાર્ય જ્યારે એમ કહે કે ‘બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે’ ત્યારે આ પરમાર્થિક સત્યની વાત છે. અહીં ‘મિથ્યા’નો અર્થ અસત્ય નહીં પરંતુ તત્કાલ સમજમાં આવતું પ્રતીતિભાસિક સત્ય છે.

વ્યવહારિક સત્ય દુનિયાના અનુભવ પરથી, જે તે પ્રકારની પરિસ્થિતિ તેમજ પ્રવૃત્તિમાં સંલગ્ન રહેવાથી તથા જે તે બાબતને વર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં સમજવાથી સ્થાપિત થાય. પ્રતીતિભાસિક સત્ય અજ્ઞાન અને ભ્રમણાને આધારિત હોય. પરમાર્થિક સત્ય એટલે આત્મજ્ઞાન, બ્રહ્મજ્ઞાન, અંતિમ-પરમ સત્ય. આ ત્રણેય પ્રકારનાં સત્ય પરસ્પર સંકળાયેલા છે. દુનિયા સાથેનાં વ્યવહારથી કેટલીક બાબતો સમજમાં આવે, તેમાંની કેટલીક બાબતો અજ્ઞાનને આધારે પણ સમજમાં આવી હોય. એ બંને તબક્કામાંથી પસાર થયા બાદ જ્યારે વાસ્તવિક સત્ય જાણમાં આવે ત્યારે અજ્ઞાન અને વ્યવહારનો છેદ ઉડતાં પરમાર્થિક સત્ય પ્રાપ્ત થાય. પ્રતીતિભાસિક સત્યને કારણે અમુક બાબતો વિપરીત જણાય, વ્યવહારથી તેમાં કંઈક સુધારો થઈ શકે અને પરમ-અર્થથી તેમાંની દરેક પ્રકારની વિપરીતતા દૂર થાય. વ્યવહારિક સત્ય એટલે નામ, રૂપ અને સાંજોગીક નિયમો આધારિત, વાસ્તવમાં શરીર વડે સ્પર્શી શકાય તેવું જગત. પ્રતીતિભાસિક સત્ય એટલે જેને ક્યારેય પકડી ન શકાય તેવું માયાને આધારિત ભ્રમણા સમાન માનસિક સમજ. પરમાર્થિક સત્ય એટલે બ્રહ્મ, આત્મા અને બ્રહ્માંડનાં એકત્વનું જ્ઞાન. પ્રતીતિભાસિક સત્યનાં પ્રભાવમાં સ્વપનમાં ડરી જવાય. સ્વપ્ન અવસ્થામાંથી બહાર નીકળી જાગ્રત અવસ્થામાં પ્રવેશ થાય ત્યારે વ્યવહારિક સત્ય ધ્યાનમાં આવે. જાગ્રત અને સ્વપ્ન બંને અવસ્થામાંથી મુક્ત થઈ જ્યારે તુરીય અવસ્થામાં પ્રવેશ થાય ત્યારે પરમ-આત્મા, બ્રહ્મસ્વરૂપ, શુદ્ધ, ચૈતન્યની અનુભૂતિ એટલે પરમાર્થિક સત્ય. સંદેશો સ્પષ્ટ છે. ધર્મપૂર્વક વ્યવહાર નિભાવવાનો, માયા અને ભ્રમને ઓળખી તેનાંથી મુક્ત રહેવાનું અને અંતે પરમાર્થ સાધીને બ્રહ્મ-સત્યનો અનુભવ કરવાનો. એમ કહી શકાય કે પ્રતીતિભાસિક એટલે ભ્રમ આધારિત, વ્યવહારિક એટલે જે તે સમય માળખાને આધારિત અને પરમાર્થિક એટલે અંતિમ પરમ સત્ય. જે માન્યતા આધારિત છે, જે સમય અને સંજોગો અનુસાર બદલાય છે તે સત્ય નથી. અંતિમ સત્ય એ શાશ્વત, અખંડ, નિર્વિકલ્પ, અનંત, નિર્દોષ તેમજ પવિત્ર ઘટના છે. બ્રહ્મ સિવાયની દરેક બાબત અનિત્ય છે, બ્રહ્મ માત્ર નિત્ય છે અને તેથી સત્ય છે. ‘અસતો મા સત્‌ ગમય, તમસો મા જ્યોતિર્ગમય, મૃત્યોર્મા અમૃતં ગમય’ - અસત્યમાંથી સત્ય તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ, અને મૃત્યુમાંથી અમૃત તરફ લઈ જા. અર્થાત, પરમાર્થિક સત્ય એ જ્યોતિ અને અમૃતનો પર્યાય છે. ■

શિવ રહસ્ય
ભરત પટેલ
feedback@bombaysamachar.com

## માતા હવે તમારા વિરહનો અંત આવી ગયો છે હું અહીં તમારી સાથે છું



ભગવાન શિવ નંદીને કહે છે કે કુમારની વર્તણૂંકથી માઠું લગાવશો નહીં. નંદી કહે છે કે પ્રભુ કુમાર મને અત્યંત પ્રિય છે, તેમની વાતથી મને માઠું લાગવાનો સવાલ જ નથી, કુમારને એવું તો નહીં લાગે ને કે દરેક વખતે તેમની ઉપેક્ષા જ થાય છે, તેમના શબ્દની કોઈ કિંમત નથી અહીં. પ્રભુ કુમારની મનોદશા અસ્વસ્થ થઈ જશે, તમે એમને સાચવી લો. ભગવાન શિવ નંદીને સમજાવતાં કહે છે, કુમારને વસ્તુસ્થિતિની સમજ હોવી જોઈએ, અરુણાસુરની માતાને પુનઃર્જીવિત નહીં કરી શકાય એ જ સત્ય છે. નંદી ભગવાન શિવના આશિર્વાદ લઈ પોતાના કામમાં વ્યસ્ત થઈ જાય છે. બીજી તરફ માતા પાર્વતી કુમાર કાર્તિકેયને સમજાવતાં કહે છે, અરુણાસુર જે ઇચ્છે છે એ સંભવ નથી. એ વાત સાચી છે કે સૂર્યદેવ, વિનાયક અને ઋષિ માર્કંડેયને પુનઃર્જીવિત કરાયા હતા પણ એમની ઉપસ્થિતિ સંસારના કલ્યાણ માટે જરૂરી હતી પણ એક સાધારણ માનવી માટે જીવન-મરણનું સંસારચક્ર તોડવું યોગ્ય નથી. ક્રોધિત કુમાર કાર્તિકેય માતા પાર્વતીને કહે છે, ‘મેં અરુણાસુરની માતાને પુનઃર્જીવિત કરી દિર્ઘાયુ કે અમરત્વ માટે તો નથી કહ્યું, ફક્ત થોડા સમય માટે અરુણાસુર પોતાની માતાનો પ્રેમ પામી શકે, શું પિતાજી અને તમારા માટે મારા વચનનું કોઈ મૂલ્ય નથી.’ માતા પાર્વતી કાર્તિકેયને સમજાવતાં કહે છે, ‘પુત્ર તમારે વચન આપવા પહેલા વિચારવું જોઈતું હતું, કે આવું વચન આપી શકાય. આ વચન તમારા પિતા કે હું પણ ન આપી શકું એ વચન તમે કઈ રીતે આપી શકો? તમને તમારા પિતાએ પહેલાં જ ચેતવ્યા હતા તમે કરેલી ભૂલને સંતાડવા અમે સૃષ્ટિના નિયમોનો ભંગ નહીં કરી શકીએ.’ કુમાર કાર્તિકેય કહે છે ‘હા માતા મારી ભૂલ થઈ છે, પણ મારે હવે એ વિચારવું રહ્યું કે મારાથી કઈ મોટી ભૂલ થઇ છે, વચન આપવાની કે કોઈપણ સંજોગોમાં મારા માતા-પિતા મારી સાથે છે એવું સમજવાની. અહીં વાત અરુણાસુરને આસુરીશક્તિથી દૂર કરવાની, એને સારા માનવ તરીકે પરિવર્તિત કરવાની છે જો એની મા જીવિત થઈ જાય તો એ આજીવન પિતાશ્રીની ભક્તિ કરવા તત્પર છે. માતા પાર્વતી સમજાવતા કહે છે, ‘કુમાર ભક્તિ ભક્તિ હોય છે, ભક્તમાં નિર્મળ ભક્તિ હોવી જોઈએ નહીં કે કોઈ સોદાબાજી.’ માતા પાર્વતી તરફથી કોઈ સાંત્વન કે સહકાર ન મળતાં કુમાર કાર્તિકેય ત્યાંથી ચાલ્યા જાય છે. પુત્રને આમ રિસાઈને જતાં રહેતાં માતા પાર્વતીના નેત્રમાંથી આંસુ સરી આવે છે.

***

માતા પાર્વતીની આંખોમાંથી નીકળી રહેલા આંસુથી ભગવાન શિવ વ્યથિત થાય છે.

માતા પાર્વતીઃ ‘હું કુમારને સમજાવવા જાઉં છું.’

ભગવાન શિવઃ ‘થોભો પાર્વતી, આ વસ્તુસ્થિતિ યોગ્ય નથી, સંતાનોના વિકાસ માટે તેમને માતા-પિતાએ એકલા છોડવા અનિવાર્ય છે. જ્યાં સુધી કુમાર આત્મમંથન નહીં કરે ત્યાં સુધી સાચી વસ્તુસ્થિતિ કુમારને નહીં સમજાય, તેમણે ફરી રણસંગ્રામમાં ઉતરવું પડશે. તમારે ચિંતિત થવાની જરૂર નથી કુમાર તેમની પાલક માતા કૃતિકાઓ પાસે પહોંચી ગયા છે.’

***

કુમાર કાર્તિકેયને જોઈ કૃતિકાઓ(સીવા, સંભુતી, પ્રિતી, સન્નતી, અનાસુયા અને ક્ષમા) ભાવવિભોર બની જાય છે.

માતા સીવાઃ ‘પુત્ર તમે આટલા વરસો સુધી ક્યાં હતાં, માતાની યાદ ન આવી? પુત્રના વિરહમાં માતાની એક એક પળ કઈ રીતે વીતે છે એ તમને ક્યાંથી ખબર પડે?’

બધી માતાને પ્રણામ કરી આશિર્વાદ લે છે.

કુમાર કાર્તિકેયઃ ‘માતા હવે તમારા વિરહનો અંત આવી ગયો છે હું અહીં તમારી સાથે છું. તમારો સ્નેહ પામી હું પોતાને પરમ ભાગ્યશાળી હોવાની અનુભૂતિ પામી રહ્યો છું.’

માતા સંભુતીઃ ‘કુમાર તમને યાદ છે તમે નાના હતા ત્યારે મારી સાથે જ રમતા, આ બીજી માતાઓ ઈર્ષ્યાભરી લાગણી અનુભવતી, હવે તમે મારી સાથે જ રમજો.’

માતા સન્નતીઃ ‘કુમાર જ્યારે તમને જમાડવાની કોશિષ કરતાં ત્યારે તમે મારા હાથેથી જ જમતા, ત્યારે બીજી માતાઓ પણ ઈર્ષ્યાભરી લાગણી અનુભવતી.’

માતા ક્ષમાઃ ‘એ ના ભૂલો કે હું હાલરડું ગાતી ત્યારે જ કુમાર નિંદ્રામાં પોઢાતા.’

કૃત્તિકાઓ કુમાર કાર્તિકેયને ફરી લાડ લડાવવા લાગી, પણ કુમાર કાર્તિકેયના મુખ મંડલ પરની આભા જોઈ કૃત્તિકાઓ સમજી શકતી હતી કે કાર્તિકેય કોઈ તકલીફમાં છે.

માતા અનાસુયાઃ ‘પુત્ર સંકોચ ન અનુભવો, અમે તમને પ્રેમ કરીએ છીએ, તમારી માતા છીએ, તમારા મુખ મંડળની આભા જોઈ સમજી શકીએ છીએ કે તમે કોઈ પિડા અનુભવી રહ્યા છો, કહો પુત્ર શું થયું?’

કુમાર કાર્તિકેયઃ ‘માતા શું હું કંઈક ભૂલ કરી રહ્યો છું, અરુણાસુર નામે એક અસુર છે તેણે દેવતાઓને બંદી બનાવી સંસારમાં અત્યાચાર ફેલાવી રાખ્યો હતો, તેણે યમદેવનો વધ કરી પોતાની માતાને ફરી જીવિત કરવાની ઇચ્છા દર્શાવી હતી, એ યમદેવનો વધ કરવા જ જઈ રહ્યો હતો મેં તેને અટકાવ્યો, એણે કહ્યું હું મારી માતા ફક્ત પુનઃર્જીવિત કરવા માગું છું અને ત્યારબાદ આજીવન ભગવાન શિવનો સેવક બની તેમની ભક્તિ કરીશ, પણ પિતાજી અરુણાસુરની માતાને પુનઃર્જીવિત કરવા માંગતા નથી. હું ફક્ત એની માતાને ફક્ત પુનઃર્જીવિત કરવા માગું છું કોઈ અમરત્વ નથી માગતો.’

માતા સીવાઃ ‘પુત્ર આ યોગ્ય નથી, ભગવાન શિવ અને માતા પાર્વતી યોગ્ય જ કહી રહ્યા છે. સાધારણ માનવી માટે જીવન-મરણનું સંસારચક્ર તોડવું યોગ્ય નથી. તમારે આવું વચન ન આપવું જોઈએ.’

માતા સીવાની વાતથી કુમાર કાર્તિકેયને દુઃખ થતાં તેઓ ત્યાંથી વિદાય લે છે.

***

કુમાર કાર્તિકેય ભગ્ન હૃદયે ત્યાંથી વિદાય લેતાં કૃતિકાઓ (માતા સીવા, માતા સંભુતી, માતા પ્રિતી, માતા સન્નતી, માતા અનાસુયા અને માતા ક્ષમા) કૈલાસ પહોંચે છે.

માતા સીવાઃ ‘પ્રભુ! કુમાર કાર્તિકેયને મેં સમજાવ્યું કે તમારે આવું વચન ન આપવું જોઈએ, એટલે કુમારને ક્રોધ આવતાં તેઓ ક્યાંક વિહરી રહ્યા છે, અમને ચિંતા થઈ રહી છે કે કુમાર ક્રોધમાં કંઈક અનુચિત ન કરી બેસે, તમારી દરમિયાનગીરી હવે આવશ્યક થઈ ગઈ છે.’

માતા પાર્વતીઃ ‘સ્વામી તમે જો યોગ્ય સમયની રાહ જોઈ રહ્યો હોય તો અનુચિત છે પણ હું મારા પુત્રને આ અવસ્થામાં છોડી નહીં શકું.’

ભગવાન શિવઃ ‘પાર્વતી! રોકાઈ જાવ હું ફરી એકવાર કુમારને પોતાની જવાબદારીનું ભાન કરાવીશ કે તેઓ દેવ સેનાપતિ છે, એક યોદ્ધા છે.’

આટલું કહી ભગવાન શિવ અને માતા પાર્વતી કુમાર કાર્તિકેય પાસે જાય છે.

ભગવાન શિવઃ ‘પુત્ર હવે તમને જ્ઞાત થયું કે નહીં, તમારી ભાવનાઓને સંયમમાં રાખો, તમે એક દેવ સેનાપતિ છો, તમારું કર્તવ્ય શું છે એ સમજો.’

માતા પાર્વતીઃ ‘પુત્ર સંસારના કલ્યાણ માટે તમે જો વચન આપો તો અમે ક્ષણના વિલંબ વગર પૂર્ણ કરીએ પણ અહીં અરુણાસુરની નીતિ યોગ્ય નથી.’

કુમાર કાર્તિકેયઃ ‘માતા તમે લીધેલા મહત્ત્વપૂર્ણ નિર્ણયનો સંબંધ ક્યારેય મારી સાથે રહ્યો છે ખરો?’

ક્રોધિત કાર્તિકેય માતાનો હાથ છોડી ત્યાંથી ચાલી જાય છે.

***

કૃતિકા માતા સંભુતીઃ ‘પ્રભુ કુમાર કાર્તિકેયને રોકો! એ ક્યાં જશે? શું કરશે?’

ભગવાન શિવઃ ‘કૃત્તિકા માતાઓ ચિંતિત ન થાઓ, શાંતિ અને માર્ગદર્શન માટે કુમાર કાર્તિકેય કૈલાસ અને કૃત્તિકા લોકને ત્યાગીને ફક્ત ક્ષિરસાગર જઈ શકે છે. આ ત્રણ સ્થાન તેના અતિપ્રિય છે, કુમાર ક્ષિરસાગર તરફ જ પ્રયાણ કરી રહ્યા છે. હવે તેઓ સુરક્ષિત છે. મામા શ્રીહરિ એની યોગ્ય સંભાળ લેશે.’

***


બીજી તરફ અરુણાસુર પ્રકૃતિને પામવા માતા પાર્વતીની આરાધના કરવા લાગ્યો હતો, તેના શરીરમાંથી અગ્નિની જ્વાળાઓ પ્રગટ થવા માંડી.

(ક્રમશઃ)■

આતમના અજવાળે

ભાર્ગવ ઠાકર
feedback@bombay
samachar.com

# સમયના વસ્ત્ર પર ગૂંથાયેલું શાશ્વત સત્યઃ સંત તિરુવલ્લુવર



કલ્પના કરો એક એવા સાધારણ વણકરની, જે પોતાના ચરખા પર માત્ર સૂતરના દોરા જ નથી વણતા, પરંતુ માનવજાતના નૈતિક મૂલ્યોનું એક અખંડ અને શાશ્વત વસ્ત્ર વણી રહ્યા છે.

જ્યારે ઉત્તર ભારતમાં વેદ અને ઉપનિષદોના દિવ્ય મંત્રોચ્ચાર ગૂંજી રહ્યા હતા, બરાબર એ જ સમયગાળામાં દક્ષિણ ભારતમાં એક એવા દાર્શનિકનો ઉદય થયો જેમના શબ્દો આજે બે સહસ્રાબ્દી પછી પણ એટલા જ પ્રસ્તુત છે. ઇતિહાસકારો અને સાહિત્યકારોના મતે, આ 'દૈવી કવિ' સંત તિરુવલ્લુવરનો કાર્યકાળ અને સમયગાળો મુખ્યત્વે ઈ.સ. પૂર્વે ૩૧ થી ઈ.સ. ૨૦૦ની વચ્ચેનો માનવામાં આવે છે. માયલાપોર (વર્તમાન ચેન્નાઈ)માં જન્મેલા આ સંતે પોતાના જીવનથી એ સાબિત કરી બતાવ્યું કે જ્ઞાન માત્ર વિશાળ આશ્રમોમાં જ નહીં, પરંતુ એક ગરીબ વણકરની ઝૂંપડીમાં પણ પ્રગટી શકે છે.

વણાટકામ એ અત્યંત ધીરજ અને એકાગ્રતાની સાધના છે. તિરુવલ્લુવર માનતા કે જો વણાટમાં એક પણ દોરો તૂટે તો આખું વસ્ત્ર બગડે છે, તેવી જ રીતે જીવનમાં એક પણ વિચાર દૂષિત થાય તો ચરિત્ર પર ડાઘ લાગે છે. તેમની આ ધીરજ તેમના શ્વાસમાં વણાયેલી હતી. એકવાર એક ઉદ્ધત યુવાને તેમની કસોટી કરવા તેમના જ વણેલા રેશમી વસ્ત્રના ટુકડે-ટુકડા કરી નાખ્યા, છતાં કવિનો સ્વભાવ લેશમાત્ર ન ડગ્યો. આ જ ધીરજને તેમણે ક્રોધ અને સંયમ વિશેના એક અદ્ભુત કાવ્યમાં ઢાળી છેઃ

જો તમારે તમારી જાતને બચાવવી હોય, તો ક્રોધ પર કાબૂ રાખો; કારણ કે જો તમે ક્રોધને નહીં રોકો, તો તે ક્રોધ જ તમારો નાશ કરી નાખશે. તેઓ જંગલમાં જઈને સંન્યાસ લેવાને બદલે સંસારમાં રહીને જ મોક્ષ પામવાના પ્રખર હિમાયતી હતા. તેમની પત્ની વાસુકી સાથેનું તેમનું દામ્પત્ય જીવન નિઃસ્વાર્થ સમર્પણનું એક જીવંત મહાકાવ્ય હતું. તિરુવલ્લુવરની સાદગી અને અન્ન પ્રત્યેનો આદર એવો હતો કે ભોજન સમયે તેઓ હંમેશાં પોતાની થાળી પાસે એક સોય અને પાણીની વાટકી રાખતા. જો અન્નનો એક પણ દાણો નીચે પડે, તો તેને સોયથી વીંધી, પાણીમાં સાફ કરી ફરીથી ખાઈ શકાય, પરંતુ વાસુકીના અસીમ પ્રેમ અને કાળજીને કારણે આખી જિંદગી એ સોય વાપરવાનો વારો જ ન આવ્યો. પ્રેમની આ જ પરાકાષ્ઠાને તેમણે પોતાના શબ્દોમાં કંઈક આ રીતે વણી લીધી છેઃ

જેમના હૃદયમાં પ્રેમ નથી, તેઓ બધું જ પોતાનું સમજે છે; પરંતુ જેમનામાં પ્રેમ છે, તેઓ પોતાનું શરીર અને હાડકાં પણ બીજાના ભલા માટે આપી દે છે.

તેમનો આ અસીમ પ્રેમ માત્ર પરિવાર પૂરતો સીમિત નહોતો, પરંતુ આવનાર અતિથિઓ માટે પણ એટલો જ કોમળ અને આવકારદાયક હતો. અતિથિ સત્કારની નજાકત સમજાવતા તેઓ કહે છેઃ

'અનિચ્ચમ' ફૂલ માત્ર સૂંઘવાથી કરમાઈ જાય છે, પરંતુ મહેમાન તો માત્ર આપણું ચડેલું મોઢું જોઈને જ કરમાઈ જાય છે.

જ્યારે આ સંવેદનશીલ કવિએ ધર્મ, અર્થ અને કામ જેવા માનવજીવનના મૂળભૂત સ્તંભોને આવરી લેતા ૧૩૩૦ કુરલ ધરાવતા 'તિરુક્કુરલ' ગ્રંથની રચના કરી, ત્યારે શરૂઆતમાં મદુરાઈની અહંકારી પંડિત સભાએ તેનો અસ્વીકાર કર્યો હતો. પરંતુ દંતકથા છે કે જ્યારે આ ગ્રંથની કસોટી કરવા તેને મદુરાઈના સુવર્ણ કમળના તળાવમાં એક પાંખડી પર મૂકવામાં આવ્યો ત્યારે તે કોમળ પાંખડીએ આ દિવ્ય ગ્રંથનું વજન ઝીલી લીધું, જ્યારે પંડિતોના ભારેખમ અને અહંકારથી ભરેલા પુસ્તકો પાણીમાં ગરકાવ થઈ ગયા. આ ગ્રંથની સૌથી મોટી સુંદરતા એ છે કે તેમાં ક્યાંય કોઈ ધર્મ, સંપ્રદાય કે ચોક્કસ ભગવાનનું નામ નથી, તે તો માત્ર માનવતાનો નિર્મળ અરીસો છે. તેમાં વાણી અને વર્તનની શુદ્ધતા પર ભાર મૂકતા કવિ લખે છેઃ

અગ્નિથી લાગેલો ઘા રુઝાઈ જાય છે, પણ જીભથી થયેલો ઘા હૃદયમાં કાયમ માટે રહી જાય છે.

સાથે જ તેઓ જ્ઞાનની અનંત શોધને બિરદાવતા અત્યંત સચોટ ઉદાહરણ આપે છેઃ

'રેતાળ જમીનમાં તમે જેમ જેમ ઊંડું ખોદકામ કરો તેમ તેમ પાણી નીકળે છે; તેવી જ રીતે, માણસ જેમ જેમ વધુ અભ્યાસ કરે છે, તેમ તેમ તેનામાં જ્ઞાનના ઝરણાં ફૂટે છે.'

પોતાના જીવનના અંતિમ શ્વાસે, જ્યારે શિષ્યોએ તેમને સમગ્ર જીવનનો સાર પૂછ્યો, ત્યારે કવિએ કોઈ જ મોટો ઉપદેશ આપ્યા વિના માત્ર પોતાની પત્ની વાસુકી તરફ આંગળી ચીંધી. તેમનો એ શાંત ઇશારો આખી દુનિયાને કહી રહ્યો હતો કે નિઃસ્વાર્થ પ્રેમ અને સમર્પણ એ જ સાચો પરમાત્મા છે. આજે કન્યાકુમારીના ત્રિવેણી સંગમ વચ્ચે, સમુદ્રના પ્રચંડ મોજાંઓનો અડીખમ સામનો કરતી તિરુવલ્લુવરની ૧૩૩ ફૂટની ભવ્ય પ્રતિમા ઊભી છે, જે તેમના ગ્રંથના ૧૩૩ પ્રકરણોનું પ્રતીક છે. જગતમાં હજારો પુસ્તકો લખાયા અને કાળના ગર્ભમાં વિલીન થઈ ગયા, પરંતુ 'તિરુવલ્લુવર' આજેય એક તાજા ખીલેલા ફૂલ જેવું સુગંધિત છે. કારણ કે તેમાં કોઈ શુષ્ક વાદ-વિવાદ નથી, પરંતુ એક અત્યંત સંવેદનશીલ મનુષ્યનો પોતાના જ અંતરાત્મા સાથેનો એવો અતૂટ અને દૈવી સંવાદ છે, જે દરેક યુગમાં વાચકના હૃદય પર હાથ મૂકીને હળવેકથી કહે છે કે જીવનનું સાચું મૂલ્ય પ્રેમ, કરુણા અને આત્મનિરીક્ષણમાં જ સમાયેલું છે. ■




feedback@bombaysamachar.com

# પર્યાવરણનો સંરક્ષક છે સનાતન ધર્મ

અત્યાર સુધી આપણે જોયું કે સનાતન ધર્મ કેમ શાશ્વત છે અને કેટલો લોકશાહીથી ભરપૂર છે. હવે આપણે જોઈએ કે એ કેવી રીતે પર્યાવરણનું સંરક્ષણ કરવા કટિબદ્ધ છે.

આજના વિદ્વાનો અને વૈજ્ઞાનિકો પર્યાવરણને બચાવવા અને સુધારવા પર વારંવાર ભાર મૂકે છે કારણ કે વધતી વસતિ અને વાહનો તેમ જ ગ્લોબલ વાર્મિંગ અને કલાઈમેટ ચેન્જની અસર હેઠળ વાતાવરણ વધુ ને વધુ પ્રદૂષિત થતુ જાય છે. આપણું આજનું આધુનિક વિજ્ઞાન તો હવે જાગૃત થયુ છે પરંતુ વિચાર કરો કે આપણા પ્રાચીન ઋષિમુનિઓ કેટલા જાગૃત અને કેટલી દીર્ઘદષ્ટિ ધરાવતા હશે જેમણે હજારો વર્ષ પહેલાં પ્રકૃત્તિની ઉપાસના અને સંવર્ધન કરવાનું આપણને શીખવ્યું છે. એ સમયે આજના જેટલી પર્યાવરણની સમસ્યા ન હતી છતાંય આ બાબતે તેઓ કેટલા બધા સાવધ હતાં.

વિશ્વના સહુથી પ્રાચીન ગ્રંથ ઋગ્વેદમાં તો પંચમહાભૂત અર્થાત્ પ્રકૃતિના પાંચ મહત્ત્વના અંગો પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ તત્ત્વની પૂજા - પ્રાર્થના કરવાનું શીખવાડવામાં આવ્યુ છે. આ દરેક તત્ત્વોની પૂજા કરતી વખતે કેવી ઋચાઓનું પઠન કરવું એનું પણ વિસ્તૃત વર્ણન છે. આ વૈદિક જ્ઞાનને લીધે જ પથ્થર (પૃથ્વી, તત્ત્વ), જળ, અગ્નિ, વાયુ અને આકાશ તત્ત્વને પૂજા પ્રાર્થના કરવાની આદત આપણા લોહીમાં ઊતરી આવી છે. આપણે આ પાંચેય તત્ત્વોને દેવ ગણીને તેમને માન સન્માન આપીએ છીએ.

આપણે ત્યાં કુંભ મૂકવાનો હોય કે પૂજા પ્રસંગ, એક કળશમાં પાણી ભરીને વરૂણદેવ અર્થાત્ જળદેવતાનું આહવાન કરવામાં આવે છે. તેમની આગતા સ્વાગતા કરવામાં આવે છે. આપણો કોઈ પણ ધાર્મિક કે સામાજિક પ્રસંગ પછી એ વાસ્તુ હોય કે લગ્ન, દીપ પ્રાકટ્ય કે હોમ હવન વિના સંપન્ન થતો નથી. આ અગ્નિદેવનું પૂજન થયુ કહેવાય. આ ઉપરાંત આપણે પૂજા દરમ્યાન પાંચ પ્રકારના વાયુઓનો પણ આદર સત્કાર કરીએ છીએ.

આ પાંચેય તત્ત્વો ખુશ રહે તેનું અગાઉ ખૂબ ધ્યાન રખાતુ હતું.

વૈદિક યુગમાં બે ગામ વચ્ચે પડતર જમીન, પાદર, નદી કે તળાવ, ઉકરડો, ખેતર, પશુઓને ચરવા માટેની જમીન અને સીમ (જંગલ) અવશ્ય રહેતા. નાનપણ (૧૯૬૬ - ૧૯૭૬ ) માં અમે ગુજરાતના ગામડે જતા ત્યારે અમારા ગામથી ફઇના ગામ જવું હોય તો વચ્ચે ખેતર નદીઓ ઓળંગીને જવુ પડતું. પ્રવાસ ભલે લાંબો થતો પરંતુ આ વ્યવસ્થાનો ફાયદો એ થતો કે દરેક ગામવાસીને તેની આજુબાજુમાંથી જ ખાવાપીવા માટે દાણા - પાણી, દૂધ, શાક-ભાજી, મસાલા, ઈંધણ માટે લાકડા, દવા માટે જડીબુટ્ટી વગેરે મળી રહેતા.

આજે મુંબઈમાં ચર્ચગેટથી બોરીવલી વચ્ચેના અનેક ગામોના ખેતરો પર મકાનો બંધાઈ ગયા છે. ખળખળ વહેતી નદીઓ અને તળાવો ગંધાતા નાળામાં પરિવર્તિત થઈ ગયા છે. પ્રાણવાયુ આપતા વૃક્ષો કપાતા જાય છે અને અંગારવાયુ આપતા માણસોની ગીચતા વધતી જાય છે. આમ જમીન, પાણી અને વાયુ એવા દરેક ક્ષેત્રે પ્રદૂષણ વધતું જાય છે. આ ઉપરાંત ખાવા પીવાની તમામ વસ્તુઓ ખૂબ દૂરથી આવતી હોઈ ટ્રાન્સપોર્ટના નામે જે પેટ્રોલ ડિઝલના ધુમાડા થાય છે તેનાથી જીવન જરૂરી ચીજો મોંઘી થતી જાય છે અને પ્રદૂષણમાં બેફામ વધારો થાય છે એ અલગ. વિચાર કરો કે કાંદિવલી અને બોરીવલીની વચ્ચે ખળખળ પોઈસર નદી જ વહેતી હોત અને તેના કાંપથી ખેતવાડી થતી હોત, નાના વન અને પશુપાલન વિકસ્યા હોત તો આ બન્ને ઉપનગરોને નજીકમાંથી પાણી, અન્ન, તાજા શાકભાજી, ફળો અને દૂધ મળી રહેતા હોત. કેટલા પેટ્રોલ ડિઝલ બચી ગયા હોત. આવું જ બધા ઉપનગરોની વચ્ચે થયું હોત તો? આજે બૃહદ મુંબઈમાંથી ખેતવાડી, ફણસવાડી, ગાયવાડી, કેલેવાડી જેવી વાડીઓના નામ માત્ર રહી ગયા છે. વાડીઓ ગાયબ છે. સી.પી. ટેન્ક અને ગોવાલિયા ટેન્ક પરના સુંદર તળાવો કાળની ગર્તામાં ધકેલાઈ ગયા છે. માનવ વસાહતોની વચ્ચે વચ્ચે પ્રમાણસર પ્રાકૃતિક સંપત્તિ જીવિત રહેવી જોઈએ એ રહી નથી પરંતુ તેનો વિનાશ કરીને તેની ઉપર જ માણસો મકાન બાંધીને રહેવા લાગ્યા છે. બે ગામની વચ્ચે પાદર, સીમ, ઓઘાં, નદી, તળાવ, ખેતર ફરજિયાત હતા એ વ્યવસ્થાની શહેરોમાંથી કેમ બાદબાકી થઈ ગઈ એ હવે સમજાય છે. આપણે અંગ્રેજોની બનાવેલી શિક્ષણ પ્રથા હેઠળ વેદની વાણી ભૂલ્યા. પ્રકૃતિની મહત્તા ભૂલ્યા. સ્વતંત્રતા મળ્યાના પંચોતેર વર્ષ પછી પણ આપણે વેદ ઉપનિષદો શાળામાં ભણાવી શક્યા નથી.

આજના વૈજ્ઞાનિકો બૂમો પાડી પાડીને કહે છે વન વિકસાવો, વધુ ને વધુ વૃક્ષો ઉગાડો ત્યારે આપણા ઋષિ-મુનિઓએ તો વેદકાળથી જ વનો અને વૃક્ષોને મહત્ત્વ આપ્યું છે. પ્રાચીન કાળમાં ભારતના મોટા ભાગના સ્થાનોએ 'દેવરાઈ' નામે વનપ્રદેશ વૃક્ષો માટે માટે અનામત રખાતો. પ્રકૃતિને જ ભગવાન માની સ્થાનિક કુળ કે ગ્રામ દેવ - દેવીઓની પથ્થરની મૂર્તિની પૂજા કરવામાં આવતી હતી. અહીં લાકડા કાપવાની સખત મનાઈ હતી. ભાતભાતની દુર્લભ વનસ્પતિ અને પશુપક્ષીની પ્રજાતિઓ માટે આ અભય સ્થાન સાબિત થતું હતું. કોઈ કટોકટી દરમ્યાન લાકડા કે ઔષધી માટેના છોડ લેવા હોય તો તેમની પૂજા કરીને ફક્ત જરૂર હોય એટલી માત્રામાં જ લેવામાં આવતા. આ વ્યવસ્થાને કારણે વરસાદ પણ ખેંચાઈ આવતો અને ત્યાંની જમીનમાં પાણીના સ્તર ઊંચે આવતા. આ ઉપરાંત ઋષિમુનિઓએ આપણી સંસ્કૃતિ, રીત રિવાજો અને તહેવારો સાથે વનસ્પતિ અને વૃક્ષોને જોડી દીધા છે. પીપળે જવું, વડની પ્રદક્ષિણા કરવી, લીમડાનું પાણી પીવું, જવારા ઉગાડવા, ગણપતિને દૂર્વા ચઢાવવી, શિવને બીલીપત્ર ચઢાવવું કે વિષ્ણુને તુલસી ચઢાવવી એ આપણી દૈનિક પ્રક્રિયાનો ભાગ હતો. આ બહાને આપણે લીલોતરીની નજીક રહેતાં અને શુદ્ધ હવા માણતાં. વાયુ પ્રદૂષણ ઘટાડવા ઘરે - મંદિરે હોમ હવન થતાં એ બધું પણ ભૂલાતું જાય છે. વાંક આપણો જ છે. આપણે વેદોના જ્ઞાનની ઉપેક્ષા કરી. સનાતન ધર્મ એ માત્ર ઉપાસના પદ્ધતિ છે એમ જ સમજ્યા પણ એ ન સમજ્યા કે એ જીવન જીવવાની કળા પણ છે. લાભકારક સામાજિક અને પર્યાવરણીય વ્યવસ્થા પણ છે. તન, મન અને વાતાવરણને શુદ્ધ રાખતું અદ્ભુત જ્ઞાન પણ છે.

પર્યાવરણની રક્ષા માટે જે ઉપાયો આજના વૈજ્ઞાનિકો સૂચવી રહ્યા છે તેનો તો યુગો પૂર્વે આપણા ઋષિ -મુનિઓ અમલ કરી ચૂક્યા છે તો પછી મોર્ડન કોણ? આપણે કે એ લોકો? ■



પર્યાવરણની રક્ષા માટે જે ઉપાયો આજના વૈજ્ઞાનિકો સૂચવી રહ્યા છે તેનો તો યુગો પૂર્વે આપણા ઋષિ મુનિઓ અમલ કરી ચૂક્યા છે તો પછી મોર્ડન કોણ? આપણે કે એ લોકો?




ઉમેશ ત્રિવેદી
feedback@bombaysamachar.com

# તિરુપતિમાં વાળનું દાન કરવાની પ્રથા ૯૦૦ વર્ષથી ચાલી આવે છે!

તિરુપતિ બલાજી મંદિરમાં માથાના વાળનું દાન કરીને મૂંડન કરાવવાની પ્રથા પણ સદીઓ જૂની છે. અહીં જે દર્શન કરવા આવે છે એ પુરુષો અને ઘણી સ્ત્રીઓ પણ વાળ ઉતરાવી નાખે છે. વાળ એ પુરુષ અને મહિલા બંને માટે ખાસ ગણાય છે, પણ મૂંડન કરાવવાથી તેમના જીવનમાંથી અહંકાર, મિથ્યાભિમાન વગેરેનો નાશ થાય છે. માથા પરના કાળા ભમ્મર વાળ પુરુષ અને મહિલાના સૌંદર્યનું પ્રતિક છે, પણ તિરુપતિ બાલાજીમાં આ વાળનું દાન કરીને લોકો ભગવાન વેંકેટેશ્વર પ્રત્યે પોતાનો આદર અને ભક્તિભાવ દર્શાવે છે.

વાળનું દાન કરવાની પ્રથા આજથી નવ સદી એટલે કે ૧૨મી સદીની છે, તે વખતની કથા પ્રમાણે રાજકુમારી પદ્માવતી અને કેટલાક ભક્તજનોએ ભગવાન વેંકેટેશ્વર પાસે મદદ માગી હતી અને કહ્યું હતું કે 'જો મને ડાકુઓના હુમલામાંથી ઉગારશો તો હું મારા માથાના વાળ દાનરૂપે આપના ચરણોમાં ચઢાવીશ.' ભગવાન વેંકેટેશ્વરે તેમની પ્રાર્થના સાંભળી અને તેને બચાવી તેના બદલામાં પદ્માવતીએ મૂંડન કરાવ્યું અને બધાં જ વાળ પ્રભુના ચરણમાં મૂકી દીધા. આમ, મૂંડન પ્રથા અને વાળનું દાન કરવાની પ્રથા તિરુપતિ બાલાજીમાં શરૂ થઇ.

તિરુપતિ બાલાજી પ્રત્યેની આસ્થા અને ભક્તિ દર્શાવવા માટે, પોતાની ઇચ્છા પૂરી થઇ હોય એટલે મૂંડન કરાવે છે, તો ઘણા આ વાળનું દાન કરીને ધન્યતા અનુભવે છે. મંદિરની આસપાસના વિસ્તારમાં વાળનું દાન કરવા માટેની અનેક જગ્યાઓ છે. આ કેન્દ્રો અહીં આવનારને સારી વ્યવસ્થા પૂરી પાડે છે. મૂંડન કરતાં પહેલાં વાળનું દાન આપવા ઇચ્છતા ભક્તજનોના વાળ ધોવામાં આવે છે, પછી વાળ કાપવાની



શરૂઆત કરવામાં આવે છે. પણ અહીં વાળંદની સામાન્ય દુકાનની જેમ વાળ જમીન પર પડવા દેવામાં આવતાં નથી. કપાયેલા વાળને એક સ્વચ્છ કપડામાં ઝીલવામાં આવે છે અને પછી એ કપડાં સાથે જ તે વાળ મંદિરના સત્તાવાળાઓને આપવામાં આવે છે.

આ વાળ પ્રભુના ચરણ સુધી પહોંચાડવામાં આવ્યા પછી મંદિરના સત્તાવાળાઓ આ વાળ વીગ બનાવનારાઓને વિદેશમાં વેચી દે છે. આમાંથી મંદિરને સારી એવી કમાણી થાય છે. દર વર્ષે લગભગ દોઢસો ટન કરતાંય વધારે વાળની નિકાસ કરીને રૂપિયા ૧૫૦થી ૨૦૦ કરોડની કમાણી થાય છે જે મંદિરની દાનપેટીમાં જમા થાય છે.

## તિરુપતિ બાલાજીને પ્રસાદ તરીકે ચઢાવાતા લાડુ અને તેનો વિવાદ

તિરુપતિ મંદિરના શુદ્ધ ઘીમાં બનાવાતા લાડુમાં ભેળસેળ થતી હોવાની અને પ્રાણીઓની ચરબી વપરાતી હોવાના આરોપથી ખળભળાટ મચી ગયો હતો, પણ અંતે ઘીના ઠામમાં ઘી પડી ગયું હતું એટલે ભક્તજનોની આસ્થાને ઠેસ ન પહોંચે એ ધ્યાન રાખીને બધું સમુંસુતરું પાર પડ્યું હતું. તિરૂપતિ બાલાજી કે ભગવાન વેંકેટેશ્વરને ધરાવવામાં આવતા લાડુ સ્વાદિષ્ટ તો છે જ પણ તેનો ઇતિહાસ પણ ભવ્ય છે. મંદિરના ઇતિહાસ પ્રમાણે સન ૧૮૦૩થી ભગવાન વેંકેટેશ્વરને લાડુ ધરાવવાની પરંપરા શરૂ થઇ હતી, ત્યારે બુંદીનો લાડુ ધરાવવામાં આવતો હતો.

હાલમાં મંદિરમાં જે લાડુ પ્રસાદ તરીકે મળે છે, તેની શરૂઆત સન ૧૯૪૦માં થઇ છે. ચણાના લોટમાંથી પ્રથમ બુંદી તૈયાર કરવામાં આવે છે. આ બૂંદીને ધીમા તાપે ઘીમાં તળવામાં આવે છે અને પછી ગોળમાંથી બનાવેલી ચાસણીમાં તેને પલાળવામાં આવે છે, ત્યાર બાદ તેમાં બદામ, કાજુ અને પિસ્તા ઉમેરીને લાડુ તૈયાર કરવામાં આવે છે.

તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ્મ્ (ટીટીડી)નાં જણાવ્યા અનુસાર માત્ર વૈષ્ણવ કુળના બ્રાહ્મણો જ આ લાડુ બનાવી શકે છે. અનેક દાયકાઓથી આ પ્રથા ચાલતી આવી છે. હાલમાં તિરુપતિમાં દરરોજ ચાર લાખથી ૪.૫ લાખ લાડુ તૈયાર કરવામાં આવે છે. આ લાડુને ૨૦૦૯માં જીઆઇ ટેગ આપવામાં આવ્યો છે. અગાઉ એ લાડુની નકલ કરીને વેચવામાં આવતા હોવાથી જીઆઇ ટેગ આપવામાં આવ્યો છે. છતાં ભાવિકોને લાડુ મેળવવા માટે કલાકો સુધી લાઇનમાં રહેવું પડે છે.

ટીટીડીમાં જે લાડુનું પ્રસાદ તરીકે વિતરણ કરવામાં આવે છે તેને શ્રીવરી લાડુ પ્રસાદમ્ કહેવામાં આવે છે. આ લાડુ મંદિરના ખાસ રસોડામાં તૈયાર કરવામાં આવે છે. આ રસોડાને પોટુ તરીકે ઓળખવામાં આવે છે. મંદિરમાં આપવામાં આવતા દરેક મોટા લાડુનું વજન ૭૦૦ ગ્રામ હોય છે, તેમાં ૨૩.૫ ગ્રામ, કાજુ, ૧૨.૫ ગ્રામ કીસમીસ અને ૮.૨ ગ્રામ બદામ તેમજ ૬.૨ ગ્રામ સાકર હોય છે.

૨૦૦૮માં એક લાડુ ઉપરાંત પ્રસાદ સ્વરૂપે આપવામાં આવતા બે લાડુની કિંમત રૂપિયા ૨૫થી વધારીને રૂપિયા ૫૦ કરી દેવાતાં વિવાદ થયો હતો. હાલમાં દરેક લાડુની કિંમત રૂપિયા ૫૦ નક્કી કરવામાં આવી છે. આ લાડુ બ્રાહ્મણો દ્વારા જ બનાવવામાં આવે એવા નોટિફિકેશન સામે પણ હોબાળો થયો હતો. ત્યારે ટીટીડીએ એમ જણાવ્યું હતું કે, અમે વર્ષો જૂની પરંપરાને જ અનુસરીએ છીએ.


તિરુપતિ મંદિરમાં ભક્તોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને હવે લાડુ મશીન દ્વારા બનાવવામાં આવે છે, એવાં અહેવાલને પગલે લાગણી દુભાઇ હતી. તેમાંના કેટલાકે વિરોધ નોંધાવી પ્રસાદની પવિત્રતા માટે સંપૂર્ણ વિધિવત રીત અને હાથથી જ લાડુ બનાવવાં જોઇએ એવી માગણી કરી હતી. આમ, તિરૂપતિ બાલાજી મંદિર તેનાં વિવાદોને કારણે પણ 'ચમક્યા' કરે છે. ■

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombay
samachar.com


# બાયાબાઈ બાવડાકૃત વિહતઆઈની વીશી

પારેવાળા ખાતેનો વિહતઆઈનો મઢ. મારું મોટું સંભારણું. દાદા સાથે પારેવાળા (તા.જસદણ) ગયો હોઉં, એટલે પહેલા મઢે. ત્યાં ચારણ ડાયરો બેઠો હોય. ભાત-ભાતની વાતો થતી હોય. પિતાશ્રી સાથે ગયો હોઉં ત્યારે સીધો રામભા રાયખાની ડેલીએ. પહેલા સોનામાં અને પછીથી માકબાઈ ફૂઈનું આતિથ્ય પામવાનું. આખા દૂધની ચા, જર્મન કપ-રકાબીમાં મળે. ચૈત્ર માસે, ઓખાહરણ, પુરુષોત્તમ માસની કથા પણ હું કરતો. આ બધું ઈ.સ.૧૯૭૮ સુધી ચાલ્યું. પુરુષોત્તમ માસની પૂજા -વિધિ માટે પણ જવાનું બનતું. કદાચ ૧૯૭૨, ૭૩નું વર્ષ હશે. પુરુષોત્તમ માસે ચારણ નારીવૃંદ સવારમાં ગામની નદીએથી વિહતમાતાને મઢે આવે. ત્યાં કથા-વાર્તા- ધૂન-કિર્તન ચાલે. અમારે ત્યાં જઈને એકાદશી કે એવા કોઈ વ્રતના સંકલ્પ કરાવવાના અને પછી સીધુ (લોટ, ગોળ, ઘી, ખીચડી જેવી ખાદ્ય સામગ્રી) લઈને ઘરે કમળાપુર પરત થાઉં. ત્યાં અને કથામાં મારે વિહતમાની વીશી




સાંભળવાનું બનતું. એનો ઢાળ, એની હલક મને ગમતી. મેં માકબાઈ ફૂઈ (રામભા રાયખાના પુત્ર દેશળભાના પત્ની અને ગગીમાની દીકરી)ને કહેલું મને આ વીશી ઉતારી આપજો. એમણે એમની દીકરી ઈન્દુ પાસે ઉતરાવીને મને સુલભ કરાવેલી. લોકડાઉનના દિવસોમાં બધું ગોઠવતા આ સામગ્રી હાથવગી થઈ. મને લાગે છે કે આજથી પિસ્તાલિસેક વરસ પહેલા કંઠસ્થ પરંપરામાં પ્રચલિત રહીને ગવાતી રહેલી આ વીશી-ચરજ. એમાંની ભાષાને કારણે બીજા પચાસેક વરસ ગણીએ તો સોએક વર્ષ જૂની જણાય છે. પારેવાળા, ભોંયરા ગામે પરજીયા ચારણ સમાજની વસ્તી પણ ઘણી. આ બે ગામ વચ્ચે અમારું આવન-જાવન પણ ઘણું. હમણાં ઘણાંને મે આ વીશી ચરજ બતાવી. પણ બાયાબાઈ બાવડી નામછાપની કે કર્તાની કોઈને ઓળખ ન હતી. સન્મિત્ર યશવંત લાંબાને પૃચ્છા કરેલી તો કહે મૂળ અટક બાવડા હોય પણ કવિતામાં બાવડી કર્યું હોય. હોય તો એ બાજુની, અથવા બોરાણાની કે સોખડાની નહીં પણ સ્થાનિક જ હોવાની શક્યતા. હું માનું છું કે પંચાળ વિસ્તારના દુહાગીર પાલરવભા પાલિયાની સમકાલીન અને આ વિસ્તારની જ ચારણ સન્નારીએ ચરજના ઢાળમાં વીશી અંકની રચના કરી હશે. એમાં કાંટ-છાંટ કે ઉમેરણ પણ હશે. પાઠમાં ક્યાંક ન સમજાય તેવા શબ્દો છે. કેટલાક પાઠ અશુદ્ધ પણ હશે. કોઈ મિત્રો સૂચવશે તો બાયાબાઈની વાણીને અર્ઘ્ય આપ્યો ગણાશે.

મેં આ વાચનાને અવલોક્વા માટે સ્વ.શ્રી યશવંત લાંબા (ગઢવી), નિરંજન રાજ્યગુરુ અને અરવિંદ બારોટને પાઠવેલી. અરવિંદભાઈએ ઘણાં અર્થો સ્પષ્ટ કર્યા. ભાઈશ્રી યશવંતભાઈએ અનેક પાઠ માટે સંભવિત પાઠ અને અર્થો સૂચવ્યા. નિરંજનભાઈએ તો રચના વાંચીને કહ્યું કે મેં ક્યાંક વાંચેલી છે. થોડાં દિવસ પછી ફોનથી કહ્યું કે આ રચના ઊર્મિનવરચનાના નારી વિશેષાંકમાં કરશન પઢિયારે માતાજીની આરણ્ય અને ઝીલણિયા શીર્ષકના લેખમાં પાંચેક રચના પ્રકાશિત કરી છે એ અક્ષરશઃ મળતી આવે છે. પણ એમાં નામછાપ નથી. અંક મારી પાસે સંદર્ભ તરીકે ઉપલબ્ધ જ હતો એમાંના દાદુભાઈ, રતુદાનજીના લેખોના સંદર્ભો પણ લીધેલા. બીલકુલ આ જ રચના. એમાં શીર્ષક શ્રી વિહોત (વીસહથ્થી) માતાજીના દોહા. માત્ર પ્રથમ દોહો મારી વાચનામાં વધારાનો છે. ધ્રુવ પંક્તિમાં વધન તપવા વીહળીને બદલે મારી વાચનામાં વિઘન વાળવા વિહળી એમ છે કેટલાક અશુદ્ધ પાઠને બદલે મને પ્રાપ્ત વાચનામાં શુદ્ધ ગણી શકાય એવા પાઠ છે. કૃતિનું કર્તૃત્વ બાયાબાઈનું હોય કે ન પણ હોય. અજ્ઞાતકર્તા પણ ગણી શકાય. પણ યશવંત લાંબા કહે કરશનભાઈ ડાકલિયા રાવળ હતા. અમે મઢે માતાજીની સ્થાપના કરી હોય ત્યારે રાવળ આવે. એક-એક દુહો સ્વતંત્ર રીતે માતાજીની પરાક્રમી છબી, ચમત્કારોને વર્ણવતો હોયે એ કહે પણ ખરા. પણ વિસોતમા, પારેવાળાને મઢ, ચારણો સાથેનું જોડાણ તથા વળોટને કારણે એને ચરજ વીશી ગણી શકાય. કોઈ ચારણી રાવળનું કર્તૃત્વ હોય તો કરશનભાઈએ કહ્યું હોત. સંભવ છે કે વીશી-ચરજ ચારણી મહિલા વૃંદમાં વિશેષ પ્રચલિત થઈ હોય અને બાયાબાઈ બાવડાનું નામ છાપ જોડાઈ ગયું પણ હોય. ■




**એ આપણા ઘરની લક્ષ્મી છે...હું એ છોકરીને ચાહું છું. છોકરીને જ નહીં, એ સ્ત્રીને પણ ચાહું છું, જેણે મને દીકરી આપી છે. હું એમને રસ્તે રઝળતી મૂકી દઉં?**

સનત મને કોઈ વ્યક્તિનાં મૃત્યુની વાત રડાવી જાય છે. મે કમલામાની તસ્વીર જ જોઈ છે. આપણે એવા લોકોને ભાવુક અથવા ધર્મભીરુ કહી શકીએ. પણ આવા લોકો બીજાને નુકસાન કરતા હોતા નથી. એક રીતે જોઈએ તો કમલામાનાં મૃત્યુને કારણે જ મારી મમ્મીનો રસ્તો ખુલ્લો થયો. કમલામા વિશે મેં જે વાતો સાંભળી છે તે પરથી એટલું સમજી છું કે તે જુદા પ્રકારની સ્ત્રી હશે. કમલામાના મૃત્યુએ પપ્પાને અંદરથી હલબલાવી નાખ્યા હતા. દાદાને પણ સખત આઘાત લાગ્યો હતો. કમલામાના પિયરિયાં ખાસ્સા ગિન્નાયા હતા. દાદા અને પપ્પાનો રીતસર ઉધડો લીધો હતો. કમલામાના જવાથી ઘરમાં શુન્યાવકાશ છવાઈ ગયો. એમના જવાથી સૌથી મોટી અસર ઘરની વ્યવસ્થાઓ પર પડી. મારા ભાઈઓ નાના હતા. જોકે ઘરમાં નોકરો હતા. છતાં ઘરની સ્ત્રી જેવું તો કોઈ ન સાચવી શકે ને?

એક મહિનો પસાર થઈ ગયો. એ દરમિયાન મારા પપ્પા મુંબઈમાં જ રહ્યા. એવું બન્યું નહોતુ કે સળંગ એક મહિનો મારા પપ્પા મમ્મીને મળ્યા ન હોય. મમ્મીને સામેથી ફોન કરવાની ના હતી. છતાં મમ્મીને વિશ્વાસ હતો કે પપ્પા અચાનક આવશે અને મહિના પછી અચાનક જ મારા પપ્પા જયપુર આવ્યા. તે પણ સીધા નાનાના ઘેર. એમનો ઉતરેલો ચહેરો જોઈને જ મમ્મી સમજી ગઈ હતી કે કંઈક ચિંતાજનક બનાવ બન્યો છે. પપ્પાએ આવીને સીધી મને ઉંચકી લીધી હતી. હું બે વર્ષની હતી. થોડું થોડું સમજતી હતી. હું એમને પપ્પા કહેવા લાગી હતી. મારા પપ્પાને ગુલાબની ફ્લેવર બહુ જ પ્રિય છે. તે દિવસે પહેલીવાર એમના કપડાંમાંથી મને ગમતીલી સુગંધ આવી નહોતી. મારા પપ્પાએ મને ઘણી બધી કીસ કરેલી. મારી મમ્મીનો હાથ પકડી કહેલું, 'અંદર ચલ જરૂરી બાતેં કરની હૈ.' મને યાદ છે કે, મારી મમ્મીને પલંગ પર બેસાડીને મારા પપ્પા રડી પડેલા. મારી મમ્મી એમને પૂછતી રહી કે, શું થયું, શું થયું. પણ પપ્પાના હિબકા બંધ થતા નહોતા. એમને જોઈ મમ્મી પણ રડવા લાગી. એ બેયને રડતા જોઈ મેં મોટેથી ભેંકડો તાંણ્યો. મારું રડવું સાંભળી મારી નાની અંદર દોડી આવી. અંદરનું દૃશ્ય જોઈ નાની સ્તબ્ધ બની ગઈ. પણ મેં કહ્યું ને કે, મારી નાની અતિ ચતુર સ્ત્રી હતી. તે સમજી ગઈ કે અત્યારે વિશ્વાસ કેળવવાની ક્ષણ છે. તે મારા પપ્પાની બાજુમાં બેસી એમની પીઠ પર હાથ ફેરવવા લાગી. થોડીવાર પછી મારા પપ્પા શાંત થયા એટલે મારી નાનીએ રડવાનું કારણ પૂછ્યું પપ્પાએ કમલામાનાં મૃત્યુની વાત કહી.

માણસનું મન કેવું અજીબ છે. આમ તો એ મૃત્યુના ખબર હતા. પણ મારી ચતુર નાની પામી ગઈ કે એ ખબર એના માટે સારા છે. નાનીને ઊંડે ઊંડે એવું લાગ્યું હશે કે, જે સ્ત્રીને કારણે પોતાની દીકરીનો રસ્તો બંધ હતો તે સ્ત્રી મરી ગઈ છે. તેણે પપ્પાને કેટલાંય આશ્વાસન આપ્યાં. મારી મમ્મી કંઈ બોલી શકી નહોતી. તે દિવસે એક બીજી ઘટના પણ બની. બપોર પછી મમ્મી અને પપ્પા મને લઈને એક હોટેલમાં ચાલ્યા ગયા. પૂરા બે દિવસ અમે સાથે રહ્યા. આમ તો રોમાંચક વાત છે પણ મને ગમે છે એટલે કહું છું. મારા પપ્પા અત્યંત રસિક પુરુષ છે. એ રાતે તેમણે મારી મમ્મીને માટે ખરીદેલા પેન્ટ શર્ટ પહેરાવ્યા હતા. પોતાના કેમેરાથી ફોટો લીધા હતા. મારી મમ્મી શરમાતી શરમાતી પોતાને પેન્ટ શર્ટમાં જોઈ રહી હતી. મારી મમ્મીનું એ સ્વરૂપ હું આજે પણ ભૂલી નથી. ખરેખર એ કપડાંમાં મમ્મી ખૂબ જ સુંદર લાગતી હતી.

'જેમ તમે પેન્ટ શર્ટમા સુંદર દેખાઓ છો. બરાબરને?'

'ના, હું મમ્મી અને પપ્પાનું કોકટેલ છું. મારી મમ્મી અસ્સલ રણ પ્રદેશનું પુષ્પ હતી. મને ત્યારે ક્યાં ખબર હતી કે જેનાથી છૂટી પડી રહી છું તે જ મને એક દિવસ કાયમ માટે તેડવા આવશે. મારા પપ્પા અમને મળીને મુંબઈ પહોંચ્યા તો દાદા ધૂંવાંપુંવાં હતા. એમણે પપ્પાને ધમકાવી નાખેલા. એમને ખબર હતી કે મારા પપ્પા અમને મળવા જ આવ્યા હતા. પપ્પાએ સાંભળી લીધું. પણ દાદાએ જ્યારે એવું કહ્યું કે, તારા સાળાનો ફોન હતો. તારા સાળાએ પુષ્પા માટે તારી વાત કાઢી હતી. તેણે કહ્યું કે, જો મોહનલાલ હા પાડે તો સાદાઈથી કરી નાખીએ. બોલ શું કરવું છે? પુષ્પાનું નામ સાંભળી પપ્પા ચોંક્યા.'

'આ પુષ્પા વળી કોણ હતી?'

'હતી નહીં હજીયે છે. પુષ્પા કમલામાની કાકાની દિકરી છે. એ આંખે ફાંગી છે એટલે જ પૈસાદાર ઘરની હોવા છતાં કુંવારી રહી ગઈ છે. મારા પપ્પાને પુષ્પા દીઠીયે ગમતી નહોતી. આમ તો મારા દાદા પણ આ વાતમાં રસ ન લેત, પણ એમને ખબર હતી કે રાજસ્થાનમાં એક સ્ત્રી બેઠી છે, જે ગમે ત્યારે દાવો કરી શકે છે કે, હું મોહનલાલની પત્ની છું. દાદાને એવી કલ્પના પણ નહોતી કે ખુદ પપ્પા જ મારી મમ્મીને કાયદેસર પત્ની તરીકે લઈ આવવાનું વિચારી ચૂક્યા હતા.'

'સનત એક પુખ્ત છોકરી તરીકે હું કહી શકું છું કે તેમણે મારી મા ઉપરાંત બીજી સ્ત્રીઓ સાથે પણ સંબંધ રાખ્યા હશે. તેમ છતાં એમના કેટલાંક નિર્ણયો એવા હતા જે માટે હું એમને એક મર્દ ગણું છું. પોતાના ક્ષણિક આવેશને પરિણામે પેદા થયેલી છોકરીને દીકરી તરીકે સ્વીકારવી અને એ સ્ત્રીને પત્નીનો દરજ્જો આપવો તે હિંમતવાન પુરુષ જ કરી શકે. એ પુરુષના એક નિર્ણય થકી જ આજે એક યુવતી તમારી સાથે નિર્ભયપણે વાત કરી રહી છે.'

'સોનલ તમને શું લાગે છે હું તમને ભૂલી શકીશ ખરો?'

'મને લાગે છે તમારું વિમાન ફરી પર્સનલ એરપોર્ટ પર લેન્ડીંગ કરવા માડ્યું છે.'

'પણ તમને હું ભુલી નહીં જ શકું.' સનત ભીના અવાજે બોલ્યો.

ફીલહાલ એટલું સમજો કે આપણે વિચિત્ર સંજોગોમાં ભેગા થયેલા માત્ર અજાણ્યા વ્યક્તિ છીએ હું તમને નહીં પુછું કે તમે ક્યાંના છો, તમારા ઘરમાં કોણ કોણ છે.'

'મને સમજાતું નથી કે તમે લાગણીહીન છો કે સેલ્ફીશ?'

'ઓહ પણ ન તો હું સેલ્ફીશ છું, ન લાગણીહીન. વાસ્તવમાં તમે જે પ્રકારનું વર્તન મારી પાસેથી ઈચ્છો છો તે હું કરી શકું તેમ નથી. એ મારો સ્વભાવ નથી.' કહીને સોનલે સનતનો હાથ પકડી જરા દબાવ્યો. બે શક સનતને સોનલની આ હરકત ગમી. તેણે નીચલો હોઠ દાંત તળે દબાવીને ત્રાંસી આંખે સોનલ સામે જોતાં કહ્યું.

'બાય ધ વે પછી તમારા દાદા અને પપ્પા વચ્ચે શું બન્યું?'

'દાદાને પાકા પાયે શંકા હતી કે પપ્પા પુષ્પા બાબતે હા નહીં જ પાડે. પપ્પા સમજી ગયા હતા કે, આ વાતનો નિવેડો લાવવો પડશે. બાપ દિકરો બેય ઘણા સમય બાદ એક સાથે પીવા બેઠા હતા. પપ્પાને ખબર હતી કે જો આજે પોતે બેધ્યાન રહેશે તો વધેરાઈ જશે. એટલે તેમણે દાદાને વાતોમાં લપેટ્યા. તેમણે દાદાને જ પૂછી નાખ્યું, પપ્પા જો મારી જગ્યાએ તમે હો તો શું નિર્ણય લો?'

દાદા સમજી ગયા કે મોહન આજે જુદા રંગમાં છે. દાદાએ ભાવનાત્મક પાસો ફેંક્યો. તેમણે કહી દીધું, 'હું મારો વિચાર ન કરું પણ મારા છોકરાની ચિંતા જરૂર કરું.'

પપ્પા ધીમેથી બોલ્યા, 'તમને શું લાગે છે કે, મને મારા છોકરાની ચિંતા નહીં હોય? પણ એમની ચિંતાની સાથે મારોય વિચાર કરું કે નહીં? મને એની સાથે બહાર નીકળવામાંય શરમ આવે. દાદા પપ્પાનાય બાપ હતા. એ સમજી ગયા કે દીકરાને પુષ્પાની ફાંગી આંખોનું બહાનું મળી ગયું છે. તેમણે સમય ચોર્યા વગર કહી નાખ્યું.'

'તો એમ કહેને કે તને રૂપાળી બાયડી જોઈએ છે. એમા ક્યાં મોટી વાત છે. જોઈએ એટલી મળી રહેશે. હું તારા સાળાને ના પાડી દઈશ. પણ તું હવે જલ્દી ઘરમાં વહુ લાવી દે. ઘરમાં કોઈ સ્ત્રી આવશે તો ઘર ભર્યું ભર્યું લાગશે. હું તપાસ કરું છું, પણ તું ફરી ન જતો.'

પપ્પાને લાગ્યું કે હવે ખુલ્લા થવાનો સમય આવી ગયો છે. તેમણે જરા ડરતાં ડરતાં કહી દીધું, 'પપ્પા, તમે બધું જાણો છો. મારી એક પત્ની મરી ગઈ છે. પણ બીજી હજુ જીવે છે.'

દાદાનું ચાલ્યું હોત તો એ જ વખતે મારા પપ્પાને અડબોથ ચોડી દીધી હોત. ક્રોધથી ધ્રુજતા દાદાએ પીધેલો દારુ વરાળ થઈને ઉડી ગયો. પપ્પા એકદમ સ્વસ્થ હતા. દાદા એટલા ગુસ્સે થઈ ગયા હતા કે તેમને શબ્દો મળતા નહોતા. તેમણે એટલું જ કહ્યું, 'મારા જીવતા એ કોઈ કાળે નહીં બને.'

પપ્પા હસ્યા. તેમણે શાંતિથી કહ્યું, 'ઓકે. એ ન આવી શકે. હું તો એના ઘરમાં જઈ શકું ને?'

એટલે તું એ બે ટકાની બાયડી સારું તારા છોકરા અને બાપને મૂકી દઈશ એમ? દાદાનો ગુસ્સો સાતમે આસમાન પર હતો.

'ના, હું તમને નહીં મૂકી દઉં તેમ એ છોકરીને પણ નહીં મૂકી દઉં જે મારું જ લોહી છે. પપ્પા તમને કદી તમારી પૌત્રીનું મોં જોવાની ઈચ્છા નથી થતી? એ આપણા ઘરની લક્ષ્મી છે. કેટલી પેઢીઓ પછી આપના પરિવારમાં કોઈ છોકરી જન્મી છે. હું એ છોકરીને ચાહુ છું. છોકરીને જ નહીં એ સ્ત્રીને પણ ચાહું છું જેણે મને દીકરી આપી છે. હું એમને રસ્તે રઝળતી મૂકી દઉં?'

'તું ગમે તેને લઈ આવે અને કહી દે કે આ મારી છોકરી છે તો હું અપનાવી લઉં એમ?'

'પપ્પા મને શું મૂર્ખ સમજો છો? તમારે મને કાઢી મુકવો હોય તો કાઢી મૂકો. પણ હું હવે ગંગા અને સોનલ સાથે જ રહીશ. મેં નક્કી કરી લીધું છે.'

'વાહ! મણિરામ ઝવેરીનો દીકરો શું વાત કરી રહ્યો છે. એક વાત કાન ખોલીને સાંભળી લે મોહન, તું એ સ્ત્રીના મોહમાં અંધ બની ગયો છે. તને સારા નરસાનો વિચાર નથી આવતો. પણ એક બાપ તરીકે કહી દઉં છું કે, તેં જે કર્યું તેને માફ કરી દઉં છું પણ હવે જે કરવા માગે છે તે માફ નહીં કરું.' મારા દાદા પ્રશ્ન સળગતો મૂકીને જતા રહ્યા. એ રાતે પપ્પાએ નિરાંતે પીધું. તે સ્વસ્થ હતા. તે પછી તેમણે સામેથી કદી કોઈ વાત ન ઉચ્ચારી. હા, દાદા જ્યારે વાત કાઢતા પપ્પાની એક જ વાત, 'ગંગા આ ઘરમાં જ રહેશે અથવા હું આ ઘર છોડી જઈશ.'

લગભગ છ મહિના પપ્પા અને દાદા વચ્ચે ચકમક ઝરતી રહી. પપ્પા મક્કમ હતા. એમણે એક તબક્કે મુંબઈ છોડી કાયમ માટે રાજસ્થાન જવાનું નક્કી કરી લીધું હતું. આખરે દાદાએ નમતું જોખ્યું. તેમણે કેટલીય શરતો પછી મારી મમ્મી અને મને લઈ આવવાની રજા આપી બરાબર મારી મમ્મીના જન્મ તિથિએ નમતી સાંજે જયપુરથી એક વિમાન મારી અને મમ્મીની કિસ્મતને લઈને ઉડ્યું. મારી મમ્મીનો જીવ ગભરાતો હતો. વિમાનની મુસાફરીને કારણે કે બીજા કોઈ કારણથી તેની એને ખબર નહોતી. તે મારા પપ્પાનો હાથ પકડીને બેસી રહેલી.

અમે મુંબઈમાં સાવ અજાણ્યા ઘર અને વાતવરણમાં પગ મૂક્યો ત્યારે અમને આવકારવા માટે કોઈ જ નહોતું. દાદા જાણી જોઈને બહાર ચાલ્યા ગયેલા. બે છોકરા ટીકી ટીકીને મમ્મીને તાકી રહ્યા હતા. કદાચ એમને પહેલેથી જ મમ્મી વિશે સમજાવી દેવામાં આવેલ હતું. મમ્મી વિશેનું એક વિજ્ઞપ ચિત્ર એ છોકરાઓ લઈને બેઠા હતા. (ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| તાટસ્થ્ય | ઠંડક |
| તાણો | નિરર્થક |
| તાત્પર્ય | પક્ષપાત |
| તાત્કાલિક | વાણો |
| તાપ | વિલંબ |

### માતૃભાષાની મહેક

ભક્તિ એટલે પવિત્ર ભાવથી પરમેશ્વર, ગુરુ, વડીલ વગેરેની સેવા કરવી. ભક્તિનાં બે મુખ્ય લક્ષણો છે: પ્રભુનું સતત નામ સ્મરણ અને સર્વ કર્મ તેને સમર્પણ કરવાની ભાવના. ભક્તિના નવ પ્રકાર છે: શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવા, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. દયારામે ભક્તિના દસ પ્રકાર કહ્યા છે. ઉપરના નવ પ્રકાર સાથે પ્રેમલક્ષણા દસમો પ્રકાર છે.

### ગુજરાત મોરી મોરી રે

'હાથમાં દંડો બગલમાં મોઈ, હવેલી લેતાં ગુજરાત કોઈ' કહેવતમાં જે હવેલીની વાત આવે છે એ ગુજરાતના કયા શહેરમાં હતી?

અ) ધોળકા બ) અમદાવાદ
ક) વીરપુર ડ) નડિયાદ

### ઈર્શાદ

ધન ધન ગોકુળ ગામડું, ધન ધન વ્રજનો વાસ,
ધન ધન આ ભૂમિને જ્યાં વહાલો રમિયા છે રાસ.

-- નરસિંહ મહેતા

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | ૪ | ૫ | | ૬ |
| | | | | ૭ | | ૮ | | | |
| ૯ | ૧૦ | | | ૧૧ | | | | | |
| | | | ૧૨ | | | | | ૧૩ | |
| ૧૪ | | | | ૧૫ | ૧૬ | | | | |
| | | | | ૧૭ | | | ૧૮ | | |
| ૧૯ | | | ૨૦ | | ૨૧ | | | | |
| | | ૨૨ | | | | | ૨૩ | | ૨૪ |
| | | ૨૫ | | | | | | | |
| ૨૬ | | | | | | ૨૭ | | | |

### આડી ચાવી

૧. કૌતુક, નવી વસ્તુ જોવા જાણવાની ઉત્કંઠા (૪)
૩. અનાદર, તિરસ્કાર (૫)
૮. ધરાયેલું, તૃપ્ત (૨)
૯. અવસ્થા, હાલત (૩)
૧૧. વ્યાયામ (૪)
૧૨. એક તેજાનો (૨)
૧૩. ધણી, માલિક (૨)
૧૪. તપ કરનાર (૩)
૧૫. સ્મરણ (૨)
૧૭. દૂધની મલાઈ (૨)
૧૮. વિનાશ (૩)
૧૯. દાવાનળ (૨)
૨૧. અપરાધ, વાંક (૨)
૨૨. યુક્તિબાજ, પ્રપંચથી કામ સાધી લેનાર (૪)
૨૩. પિતા (૩)
૨૫. હોઠ (૨)
૨૬. તા.ક. (૫)
૨૭. એક મીઠાઈ (૪)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ કા | ૨ મિ | યા | ૩ બી | | | ૪ ભોં | ૫ ઠા | ૬ મ | ણ |
| ૭ ર | તિ | | ભ | | ૮ સં | ય | મ | ન | |
| સ્વા | | ૯ મ | ત્સ | ૧૦ ર | | રું | | ૧૧ સ્વી | ૧૨ ય |
| ૧૩ ની | ૧૪ ક | | | ૧૫ ખ્યા | ૧૬ તિ | | ૧૭ સ્વ | | ફૂ |
| | ૧૮ સુ | ૧૯ પ્ર | ત | | થિ | | ૨૦ જ | ૨૧ સ | ત |
| ૨૨ આ | ર | સ | | ૨૩ દે | | ૨૪ ત | ન | હા | |
| વે | | ન્ન | | ૨૫ હ | ૨૬ વા | | | ૨૭ ય | ૨૮ શ |
| ૨૯ શ | ૩૦ ઠ | | ૩૧ ગ | | ૩૨ સો | ૩૩ પા | ન | | બ |
| | ૩૪ પ | ૩૫ તા | વ | ટ | | રો | | ૩૬ મી | ન |
| ૩૭ કું | કો | ત | રી | | | ૩૮ ઠ | રી | ઠા | મ |

### ઊભી ચાવી

૧. યુક્તિ, ચતુરાઈ (૩)
૨. મજૂર (૩)
૪. એક જાતની કલમ (૪)
૫. આશ્ચર્ય, નવાઈ (૩)
૬. એક ફળ (૪)
૭. નોકરી કરનારું (૫)
૧૦. ઉત્સવ અને તહેવારનો દિવસ (૫)
૧૩. મલ્લ, કુસ્તીબાજ (૫)
૧૬. --- કરવું=માફ કરવું (૫)
૧૯. સમુદ્રમાંથી જન્મેલી લક્ષ્મી (૪)
૨૦. શોરબકોર (૪)
૨૨. ચલાવનાર (૩)
૨૩. લગાર, થોડું (૩)
૨૪. કામઠું, ધનુષ (૩)

### ઓળખાણ પડી?

કેન્દ્રમાં પવિત્ર નર્મદા કુંડ ધરાવતું અને તીર્થરાજ તરીકે જાણીતું અમરકંટક મંદિર કયા રાજ્યમાં સ્થિત છે એની ઓળખાણ પડે છે?



અ) ત્રિપુરા બ) પંજાબ
ક) મધ્ય પ્રદેશ ડ) ઓડિશા

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

'શત્રુને મહાત કરવા આસાન કામ નથી' પંક્તિમાં મહાતનો અર્થ શું થાય એ જણાવો.

અ) સમજાવવા બ) પરાજિત ક) મહાવત ડ) મજબૂર

### માઈન્ડ ગેમ

આંતરરાષ્ટ્રીય મુસાફરીમાં હવાઈ સફર અત્યંત મહત્ત્વની છે. 'કોન્ડોર એરલાઈન્સ' તરીકે ઓળખાતી એરલાઈન્સ ક્યા દેશમાં છે?

અ) કઝાકિસ્તાન બ) ઓસ્ટ્રિયા ક) કેનેડા ડ) જર્મની

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | ૨ | | | | | |
| | | ૨ | | ૩ | ૪ | | | |
| ૪ | | | ૫ | | | ૩ | | |
| ૮ | | ૭ | | | | | | ૪ |
| | ૯ | | ૬ | | ૩ | | ૧ | |
| ૬ | | | | | | ૫ | | ૩ |
| | | ૯ | | | ૭ | | | ૨ |
| | | | ૮ | ૨ | | ૪ | | |
| | | | | | ૧ | | | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૫ | ૧ | ૯ | ૭ | ૨ | ૩ | ૬ | ૪ |
| ૭ | ૨ | ૩ | ૪ | ૬ | ૫ | ૮ | ૧ | ૯ |
| ૬ | ૪ | ૯ | ૩ | ૮ | ૧ | ૫ | ૨ | ૭ |
| ૫ | ૭ | ૬ | ૨ | ૧ | ૯ | ૪ | ૩ | ૮ |
| ૯ | ૩ | ૨ | ૮ | ૫ | ૪ | ૧ | ૭ | ૬ |
| ૧ | ૮ | ૪ | ૬ | ૩ | ૭ | ૨ | ૯ | ૫ |
| ૨ | ૧ | ૮ | ૫ | ૯ | ૬ | ૭ | ૪ | ૩ |
| ૪ | ૬ | ૫ | ૭ | ૨ | ૩ | ૯ | ૮ | ૧ |
| ૩ | ૯ | ૭ | ૧ | ૪ | ૮ | ૬ | ૫ | ૨ |

### ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| તાકાતવાન | કમજોર |
| તાકીદ | અનુકૂળતા |
| તાજગી | સુસ્તી |
| તાજું | વાસી |
| તાજેતરમાં | અગાઉ |

**ગુજરાત મોરી મોરી રે:** વેરાવળ

**ઓળખાણ પડી?** નવી દિલ્હી

**માઈન્ડ ગેમ :** યુએસ

**ચતુર આપો જવાબ અર્થ જણાવો:** હંમેશાં

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) ધીરેન્દ્ર ઉદ્દેશી (૭) ભરત કજરીયા (૮) વિપીન શાહ (૯) નૂતન વિપીન શાહ (૧૦) નિતીન જંયતીલાલ બજરીયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) કમલ મટાલીયા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) જ્યોતી ખાંડવાલા (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) મીનળ કાડીયા (૧૭) લજીતા ખોના (૧૮) મહેશ સંઘવી (૧૯) પ્રવીણ વોરા (૨૦) નયના ગિરીશ મિસ્ત્રી (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) વીણા સંપટ (૨૩) ભાવના કર્વે (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) અંજુ ટોલીયા (૨૭) વિજય આશર (૨૮) ડાયના સંતોકે (૨૯) રમેશભાઈ દલાલ (૩૦) હીનાબેન દલાલ (૩૧) ઈનાક્ષીબેન દલાલ (૩૨) જયોત્સના ગાંધી (૩૩) અલકા વાણી (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) અરવિંદ કામદાર (૩૭) નિખીલ બંગાળી (૩૮) અમીષી બંગાળી (૩૯) સુભાષ મોમાયા (૪૦) નીતા દેસાઈ (૪૧) પુષ્પા પટેલ (૪૨) તાહેર ઔરંગાબાદવાલા (૪૩) શીરીન ઔરંગાબાદવાલા (૪૪) મહેશ દોશી

## કોસ્ટલ રોડ પર પૉર્શે કાર બેકાબૂ થઈ

# ઍરબેગ્સે ડ્રાઈવર સહિત બેને બચાવ્યા

### ડિવાઈડર સાથે ભટકાયા પછી પૉર્શે આગળ જતી કાર સાથે ટકરાઈ: બાળકને ઈજા

મુંબઈ: કોસ્ટલ રોડની ટનલમાં કાર ભડકે બળ્યા પછી અન્ય વાહનધારકોમાં મચેલી અફરાતફરી હજુ વીસરાઈ નથી ત્યાં રવિવારની સવારે સ્પીડમાં આવેલી પૉર્શે કાર બેકાબૂ બની હતી. કોસ્ટલ રોડના ડિવાઈડર સાથે ભટકાયા પછી આગળ જતી કાર સાથે ટકરાયેલી પૉર્શેની સમયસર ખૂલેલી ઍરબેગ્સે ડ્રાઈવર સહિત બેને બચાવી લીધા હતા. જોકે આગળની કારમાં બેસેલા બાળકને અકસ્માતમાં ઇજા થઈ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

કોસ્ટલ રોડ પર રવિવારની સવારે ૮.૩૦ વાગ્યે બનેલી અકસ્માતની ઘટના પ્રકરણે ગામદેવી પોલીસે પૉર્શે કારના ડ્રાઈવર વિજય પાંડે વિરુદ્ધ બેદરકારીથી વાહન ચલાવવાનો ગુનો નોંધ્યો હતો. તાબામાં લેવાયેલા ડ્રાઈવરની પોલીસે પૂછપરછ કરી હતી. તપાસને આધારે તેની વિરુદ્ધ કાનૂની પગલાં લેવામાં આવશે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

મળતી માહિતી અનુસાર પુરપાટ વેગે દોડતી પૉર્શે કાર પરથી ડ્રાઈવર પાંડેએ કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ બનેલી કાર પહેલાં ડિવાઈડર સાથે ભટકાઈ હતી અને પછી આગળ જતી કાર સાથે ટકરાઈ હતી. એ કારમાં બેસેલા આઠ વર્ષના બાળકને મામૂલી ઇજા થઈ હોવાનું પોલીસનું કહેવું છે.

દરમિયાન ડિવાઈડર સાથે ટકરાતાં જ પૉર્શે કારની ઍરબેગ્સ ખૂલી ગઈ હતી, જેને કારણે પાંડે અને કો-પેસેન્જર મોટી ઇજામાંથી બચી ગયા હતા. જોકે ડિવાઈડર સાથે જોરદાર ટક્કરને કારણે પૉર્શે કારના આગળના ભાગને ખાસ્સું નુકસાન થયું હતું.

અકસ્માતની માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. કારને રસ્તાને કિનારે ખસેડી વાહનવ્યવહાર પૂર્વવત્ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસ સૂચવે છે કે ઓવરસ્પીડને કારણે આ અકસ્માત થયો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

જોકે ખરેખર કારને કઈ રીતે અકસ્માત થયો હતો તેની વિગતો મેળવવા પોલીસ સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે. અકસ્માત સમયે કારની ગતિ કેટલી હતી તેનો પણ તાગ મેળવવામાં આવી રહ્યો છે. ■

# મનોરીથી દરિયાનું પાણી કાંદિવલી ટનલ મારફત લઈ જવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મનોરીમાં પ્રતિ દિન ૨૦૦ મિલ્યન લિટર દરિયાના પાણીને મીઠું બનાવવાના ડિસાલિનેશનના પ્રોજેક્ટ હેઠળ પાણી પર પ્રક્રિયા કર્યા બાદ તેને પમ્પિંગ સ્ટેશનથી કાંદિવલી મહાવીર નગર સુધી લઈ જવામાં આવવાનું છે, તે માટે લગભગ દોઢ હજાર કરોડ રૂપિયાના ખર્ચે વોટર ટનલ બાંધવામાં આવવાની છે. તે માટે તાજેતરમાં પાલિકા દ્વારા કન્સલ્ટન્ટ નીમવામાં આવ્યો છે. મુંબઈગરાને પ્રતિદિન ૪,૧૦૦ મિલ્યન લિટર પાણીપુરવઠો દરરોજ કરવામાં આવે છે, તેની સામે મુંબઈની પાણીની ડીમાન્ડ ૪,૬૦૦ મિલ્યન લિટરની છે. ડીમાન્ડ સામે સપ્લાય ઓછી હોવાને કારણે તેમ જ બદલાતા હવામાનને કારણે વરસાદ પર પાણી માટે આધાર રાખવાનું પ્રમાણ ઘટાડવા માટે મનોરીમાં દરિયાના પાણીને મીઠું કરવાનો ૨૦૦ મિલ્યન લિટર પ્રતિદિનની ક્ષમતાનો પ્રોજેક્ટ બાંધવામાં આવવાનો છે. ભવિષ્યમાં આ પ્રોજેક્ટની ક્ષમતા ૪૦૦ મિલ્યન લિટર પ્રતિ દિન સુધીની વધારવાનો છે.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ આ પ્રોજેક્ટ અંતર્ગત મનોરીમાં પાણી પર પ્રક્રિયા કર્યા બાદ આ પાણીને પાલિકાના હાલના અસ્તિત્વમાં રહેલા (જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્ર સરકારે આગ, ગૅસ અને વીજળીનાં જોખમો સામે સલામતીનાં પગલાં માટે નિર્દેશ જાહેર કર્યા

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે એલપીજી, પીએનજી અને આગ તેમજ વિદ્યુત શોર્ટ-સર્કિટને કારણે થતાં જોખમોને પહોંચી વળવા કડક પ્રતિબંધાત્મક સલામતીનાં પગલાં ફરજિયાત કરવાના નિર્દેશો જારી કર્યા હતા.

સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ, રિલીફ ઍન્ડ રિહેબિલલિટેશન વિભાગ દ્વારા ૧૭ જુલાઈના રોજ જારી કરાયેલ આદેશ રાજ્યના ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના ડાયરેકટર અને તમામ જિલ્લા કલેક્ટરને મોકલવામાં આવ્યો હતો. અધિકારીના જણાવ્યા મુજબ રિટ પિટિશન પર બોમ્બે હાઈ કોર્ટના તાજેતરના ચુકાદાને પગલે આ આદેશ આવ્યો છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ સૂચનાને ટાંકીને જણાવ્યું હતું કે, હાઈ કોર્ટના નિર્દેશોને અનુસરીને, ગેસ સિલિન્ડર બ્લાસ્ટ, ઇલેક્ટ્રિકલ આગ, ઔદ્યોગિક અને રાસાયણિક દુર્ઘટના અને ફટાકડાના કારખાનામાં વિસ્ફોટ જેવી પુનરાવર્તિત આપત્તિઓ રોકવા અંગેલના પગલાનું પાલન તમામ જિલ્લાઓમાં વ્યવસ્થિત રીતે પૂર્ણ થવું જોઈએ.

તેમણે કહ્યું હતું કે જાહેર સુરક્ષા કાર્યકર્તા અને બોમ્બે હાઈકોર્ટના એડવોકેટ વિકાસ બી પાટીલ-શિરગાંવકરની સતત હિમાયતને પગલે આ આદેશ જારી કરવામાં આવ્યો હતો, જેમણે મહારાષ્ટ્ર ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ 'જનસુરક્ષા યોજના' (જાહેર સુરક્ષા યોજના)ના અમલીકરણ માટે બ્લુ પ્રિન્ટ સબમિટ કરવા મુંબઈમાં તાજેતરમાં મહારાષ્ટ્ર ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્રધાન ગિરીશ મહાજન સાથે બેઠક કરી હતી.

ઉચ્ચ-સ્તરીય બેઠક દરમ્યાન પ્રધાને વિભાગીય વડાને તમામ નવા બાંધવામાં આવેલા રહેણાંક, વ્યાપારી, ઔદ્યોગિક અને જાહેર ઈમારતોમાં બ્યુરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (બીઆઈએસ) પ્રમાણિત ગેસ લીક ડિટેક્શન સિસ્ટમ્સ સ્થાપિત કરવા માટે જરૂરી દરખાસ્તની સંપૂર્ણ તપાસ કરવાનો નિર્દેશ આપ્યો હતો. (પીટીઆઈ)■

# મહારાષ્ટ્રમાં મુશળધાર વરસાદની ચેતવણી

### કોંકણ ઘાટ પરિસરમાં પણ અતિવૃષ્ટિની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ, થાણે સહિતના પડોશી જિલ્લામાં રવિવારે દિવસ દરમ્યાન હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ રહ્યો હતો. વરસાદને પગલે ફરી એક વખત વાતાવરણમાં ઠંડક વ્યાપી ગઈ હતી. હવામાન વિભાગે આજે પણ મુંબઈ સહિત થાણે રાજ્યના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગે રવિવાર માટે યલો અલર્ટ આપ્યું હતું, એ મુજબ દિવસ દરમ્યાન મુંબઈ, થાણે, નવી મુંબઈ જેવાં શહેરોમાં વરસાદના ઝાપટાં રહ્યાં હતાં. શનિવાર સવારના ૮.૩૦ વાગ્યાથી રવિવાર સવારના ૮.૩૦ વાગ્યા સુધીમાં દક્ષિણ મુંબઈમાં ૨૧.૬૫ મિ.મી., પૂર્વ ઉપનગરમાં ૩૦.૦૨ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૨૫.૧૨ મિ.મી. વરસાદ પડ્યો હતો. ગયા અઠવાડિયે વરસાદે બ્રેક લીધા બાદ છૂટક છૂટક વરસાદને પગલે જુલાઈ મહિનાનો અત્યાર સુધીનો સરેરાશ વરસાદ ૬૩.૫૬ ટકા થઈ ગયો છે. રવિવારના વરસાદ અને પવનને કારણે દિવસ દરમ્યાન ૧૬થી વધુ ઠેકાણે શોર્ટ સર્કિટના બનાવ બન્યા હતા. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન અલગ અલગ ૧૨થી વધુ જગ્યાએ ઝાડ અને તેની ડાળખી તૂટી પડી હતી. ચાર ઠેકાણે ઘરની દીવાલ તૂટી પડી હતી. સદ્‌નસીબે કોઈ જખમી થયું નહોતું. જોકે રવિવારે વહેલી સવારના ૭.૪૩ વાગ્યાની આસપાસ ભાંડુપ (જુઓ પાનું ૪) ▶▶

## રત્નાગિરિના દાપોલીમાં ભૂસ્ખલનનું જોખમ

રત્નાગિરિ: મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લાના દાપોલી તાલુકાના માલે સુતારવાડીમાં ભારે વરસાદને કારણે એક ટેકરી પર લગભગ બે કિલોમીટર લાંબી તિરાડો પડતાં ભૂસ્ખલનનું મોટું જોખમ ઊભું થયું છે. જોખમને ધ્યાનમાં રાખીને, સાવચેતીના ભાગરૂપે સ્થાનિકોને સુરક્ષિત વિસ્તારમાં ખસેડવામાં આવ્યા હતા,

(જુઓ પાનું ૪) ▶▶

## ખેડમાં ભૂસ્ખલનને કારણે વાહનવ્યવહાર ખોરવાયો

મહારાષ્ટ્રના ખેડ વિસ્તારમાં પણ આવી જ એક ઘટના સામે આવી હતી, જેમાં ભારે વરસાદને પગલે રઘુવીર ઘાટ ખાતે ભૂસ્ખલન થતાં રત્નાગિરી અને સતારા જિલ્લાઓ વચ્ચેનો વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો.

ભૂસ્ખલનના કારણે, વિદ્યાર્થીઓ અને પ્રવાસીઓને લઈ જતી એક એસ.ટી. બસ એક કલાકથી વધુ સમય સુધી ફસાઈ રહી

(જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈનાં જળાશયોમાં ૫૦ ટકાથી વધુ પાણી જમા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ સહિત થાણે અને સમગ્ર રાજ્યમાં છેલ્લા થોડા દિવસ દરમ્યાન બ્રેક લઈને વરસાદ ફરી સક્રિય થયો છે. શહેરમાં હળવોથી મધ્યમ વરસાદ પડતાં શહેરનાં સાત જળાશયોમાં પાણીનો સ્તર ધીમે ધીમે સુધરી રહ્યો છે. પાણીપુરવઠો કરનારાં સાતેય જળાશયમાં પાણીનો રવિવારે કુલ જથ્થો ૫૦ ટકાને વટાવી ગયો છે, જેમાં ૧૯ જુલાઈના રોજ સવારે છ વાગ્યા સુધીમાં જળાશયોમાં ૭,૫૮,૨૪૫ મિલ્યન લિટર (એમએલ) પાણીનો સંગ્રહ હતો. આ કુલ ઉપયોગી સંગ્રહ ક્ષમતાના લગભગ ૫૨.૩૯ ટકા થઈ ગયો છે. આગામી દિવસોમાં વરસાદ ચાલુ રહેવાના સંજોગોમાં જળાશયોમાં પણ પાણીનો સ્તર હજી વધવાની શક્યતા છે.

મુંબઈમાં લગભગ અઠવાડિયા બાદ વરસાદ ફરી શરૂ થયો છે અને આગામી દિવસોમાં રાજ્યમાં ચોમાસુ ફરી સક્રિય થવાની શકયતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. તેથી પાલિકાના પાણીપુરવઠા વિભાગે પણ જળાશયના કેચમેન્ટ એરિયામાં સારો વરસાદ પડીને

(જુઓ પાનું ૪) ▶▶

# લશ્કરની સેવા કરનારા સોનમ વાંગચૂક દેશદ્રોહી કેવી રીતે?: ઉદ્ધવ ઠાકરેનો મોહન ભાગવતને સીધો સવાલ

### જવાબદાર ન હોય તેવી સરકાર બદલવા માટે હવે લડાઈ શરૂ થવી જોઈએ: ઉદ્ધવ



મુંબઈ: આ સરકાર રોજગાર કે શિક્ષણ આપતી નથી, તેથી તેને બદલવી જ પડશે. તમે માત્ર કાર્યકરો ન રહેતા નેતા બનો, જ્યાં સુધી આ સરમુખત્યારશાહી સરકારનો અંત ન આવે ત્યાં સુધી તમારા દિલની આ આગ સળગતી રાખવી જોઈએ, કારણ કે આ લોકોએ તમારું ભવિષ્ય ચોરી લીધું છે, એવા આકરા શબ્દોમાં ઉદ્ધવ ઠાકરેએ શાસક પક્ષ પર પ્રહારો કર્યા હતા.

સોનમ વાંગચૂકના આંદોલનને સમર્થન આપવા માટે ઠાકરેની શિવસેના દ્વારા મુંબઈમાં એક વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તે સમયે ઉદ્ધવ ઠાકરેએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. તેની સાથે જ ઠાકરેએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ભૂમિકાની પણ ટીકા કરી હતી. સોનમ વાંગચૂકના કાર્યો ગણાવતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, સોનમ વાંગચૂક આ દેશને શું આપ્યું છે અને આ સરકારે દેશને શું આપ્યું છે, તેનો હિસાબ એકવાર થઈ જવા દો. બરફમાં દેશની રક્ષા કરતા આપણા સૈનિકો માટે વાંગચૂક દ્વારા 'સોલર કેમ્પ' બનાવી આપવામાં આવ્યા. લદ્દાખમાં જ્યારે પાણીની ભારે અછત હતી, ત્યારે તે જગ્યાએ કૃત્રિમ 'આઇસ માઉન્ટેન' જેમણે બનાવ્યા, આજે તે જ સોનમ વાંગચૂકને આ સરકાર દેશદ્રોહી અને ચીનના એજન્ટ ઠેરવી રહી છે.

આગળ બોલતા ઉદ્ધવ ઠાકરેએ

(જુઓ પાનું ૪) ▶▶

## 'હિંદુત્વ એ ટી-શર્ટ નથી...' ઉદ્ધવના 'રામ રક્ષા' આંદોલન પર શિંદેનો કટાક્ષ

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ યુબીટી પ્રમુખ ઉદ્ધવ ઠાકરે પર ફરી એકવાર આકરા પ્રહારો કર્યા છે. હિન્દુત્વના મુદ્દે નિશાન સાધતા શિંદેએ કહ્યું કે યુબીટી જૂથે ઘણા સમય પહેલા જ હિન્દુત્વનો ત્યાગ કરી દીધો હતો. તેમણે ટિપ્પણી કરી હતી કે હિન્દુત્વ એ કોઈ ટી-શર્ટ નથી જેને વ્યક્તિ પોતાની મરજી મુજબ પહેરી શકે. શિંદેનો આ પ્રહાર ઉદ્ધવના 'રામ રક્ષા' અભિયાનને લઈને કર્યો હતો. વાસ્તવમાં, અયોધ્યાના રામ મંદિરમાં ચઢાવા અને દાનમાં કથિત ચોરી તથા નાણાકીય ગેરરીતિઓ સામે વિરોધ કરવા માટે શિવસેનાએ સમગ્ર મહારાષ્ટ્રમાં 'રામ રક્ષા આંદોલન' શરૂ કર્યું છે. આ અભિયાન દ્વારા તેઓ આ મહત્વપૂર્ણ મુદ્દો ઉઠાવી રહ્યા છે અને સરકાર પર નિશાન બનાવી રહ્યા છે.

### 'જ્યારે ભગવા પ્રભાવમાં ઓટ આવવા લાગી, ત્યારે તેઓએ રામનું નામ જપવાનું શરૂ કર્યું

ઉદ્ધવ પર વળતો પ્રહાર કરતા શિંદેએ ટિપ્પણી કરી હતી કે રામના નામનો જાપ ત્યારે જ શરૂ થયો જ્યારે ભગવા પ્રભાવમાં ઘટાડો થવા લાગ્યો. તેમણે નિર્દેશ કર્યો કે ભગવાન રામે પિતાના વચનનું પાલન કરવા માટે ૧૪ વર્ષનો વનવાસ ભોગવ્યો હતો, જ્યારે ઉદ્ધવે ભારે વરસાદ વચ્ચે પોતાના પિતાનો સાથ છોડી દીધો હતો. તેમણે ઉમેર્યું કે જે કોઈ રામની સાથે નથી, તે કોઈ કામનો નથી.

### 'ઉદ્ધવે ઘણા સમય પહેલાં જ હિંદુત્વનો માર્ગ છોડી દીધો હતો'

નાયબ મુખ્ય પ્રધાને કહ્યું કે ઉદ્ધવે પોતે જે આંદોલનનું નેતૃત્વ કરી રહ્યા છે તેમાં મમતા બેનરજી, સોનિયા ગાંધી, અખિલેશ યાદવ અને રાહુલ ગાંધીને આમંત્રિત કરવા જોઈતા હતા. તેમણે સવાલ ઉઠાવ્યો કે ઉદ્ધવ શા માટે મુખ્ય પ્રધાન ફડણવીસને આમંત્રિત કરી રહ્યા છે, તેના બદલે તેમણે પોતાના જ લોકોને આમંત્રિત કરવા જોઈએ તેમ સૂચવ્યું હતું. ■

### 'સત્તા માટે બાળાસાહેબની વિચારધારાનો ત્યાગ કર્યો'

શિંદેએ ટિપ્પણી કરી કે તેઓ વર્ષોથી લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા હતા, પરંતુ મહારાષ્ટ્રની જનતા સમજદાર છે. સત્તા જાળવી રાખવા માટે ઉદ્ધવ ઠાકરેએ બાળાસાહેબની હિંદુત્વ વિચારધારાનો

(જુઓ પાનું ૪) ▶▶

## સોનમ વાંગચૂકના સમર્થનમાં આવ્યા અણ્ણા હઝારે: 'સરકાર ધીરજની પરીક્ષા ન કરે'

નવી દિલ્હી/મુંબઈ: સોનમ વાંગચૂક હાલમાં નીટ અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં થતા પેપરલીક કાંડમાં વિદ્યાર્થીઓ સાથે થતા અન્યાય સામે ન્યાય માટે તેમ જ ભૂતકાળમાં બનેલી પેપરલીકની ઘટનાઓ પર તપાસ અને શિક્ષણપ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ કરી હતી અને તેના માટે તેઓ ધરણા પર બેસ્યા હતા અને જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી તેઓએ અન્નનો ત્યાગ કર્યો છે. આ ભૂખ હડતાળને શનિવારે ૨૧ દિવસ પૂર્ણ થયા છે. હાલમાં તેમની તબિયત લથડતા દિલ્હી પોલીસ દ્વારા સફદરજંગ હૉસ્પિટલ લઇ જવામાં આવ્યા હતા. ત્યારબાદ તાજેતરમાં જ અન્ના હઝારેએ સરકારને વાતચીત કરવા માટેની સલાહ આપી હતી.

તેમણે કહ્યું કે સોનમ વાંગચૂક ૨૦ દિવસથી ભૂખ હડતાળ પર બેઠા છે, જેના લીધે સરકારે તેમની ધીરજની હવે વધારે પરીક્ષા ન લેવી જોઈએ. તેમના કહ્યા મુજબ સરકાર તેમની મોં માને કે ના માને, પરંતુ વાતચીત જરૂર કરે. જંતરમંતરથી તેમને હૉસ્પિટલ લઇ જવા

(જુઓ પાનું ૪) ▶▶

### 'હિંદુત્વ એ રાજકીય સુવિધાનો વિષય નથી'

શિંદેએ જણાવ્યું હતું કે બાલાસાહેબ ઠાકરે હંમેશાં 'ગર્વથી કહો કે આપણે હિંદુ છીએ' તે સૂત્રના હિમાયતી રહ્યા હતા. હવે વર્ષો પછી, ઉદ્ધવ જૂથને અચાનક આ સૂત્ર યાદ આવ્યું છે. તેમણે ટિપ્પણી કરી હતી કે હિંદુત્વ એ એવી વસ્તુ નથી કે જેને પોતાની મરજી મુજબ બાજુ પર મૂકી શકાય અને જ્યારે રાજકીય લાભ દેખાય ત્યારે ફરીથી અપનાવી શકાય. તેમણે

(જુઓ પાનું ૪) ▶▶

### 'અમે અહીં એક થવા માટે છીએ, ભાગલા પાડવા માટે નહીં'

તેમણે જણાવ્યું હતું કે છ સાંસદો આજે સત્તાવાર રીતે તેમની સાથે જોડાયા છે અને ઉમેર્યું હતું કે, 'અમે અહીં એક થવા માટે છીએ, ભાગલા પાડવા માટે નહીં.' તેમણે ટિપ્પણી કરી હતી કે ઉદ્ધવ પાસે લેના

(જુઓ પાનું ૪) ▶▶

## સરકાર લોકશાહીને નબળી પાડી રહી છે - વાંગચૂક મુદ્દે પટોલેનો કેન્દ્ર પર પ્રહાર

પુણે: આંદોલનકારી સોનમ વાંગચુકની ભૂખ હડતાળના ૨૧મા દિવસે દિલ્હી પોલીસ દ્વારા તેમને બળજબરીપૂર્વક હૉસ્પિટલ લઈ જવાયાના એક દિવસ બાદ, મહારાષ્ટ્ર કૉંગ્રેસના ધારાસભ્ય નાના પટોલેએ રવિવારે સરકાર પર 'સરમુખત્યારશાહી' વલણ દાખવવાનો આરોપ લગાવ્યો હતો અને દાવો કર્યો હતો કે લોકશાહીને નબળી પાડવામાં આવી રહી છે.

પટોલેએ એમ પણ જણાવ્યું હતું કે, સોમવારથી શરૂ થઈ રહેલા સંસદના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ યોજાનારા વિરોધ માર્ચમાં કૉંગ્રેસ ભાગ

(જુઓ પાનું ૪) ▶▶

## 'અત્યારે શિક્ષણપ્રધાનનું રાજીનામું માગીએ છીએ, આગળ વડા પ્રધાનનું માગીશું': આદિત્ય ઠાકરે

મુંબઈ: દેશના યુવાનો અને વિદ્યાર્થીઓને ન્યાય મળે તે માટે આજે આંદોલનો થઈ રહ્યા છે. અમે અત્યારે કેન્દ્રીય શિક્ષણપ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ કરી રહ્યા છીએ. આ તો માત્ર શરૂઆત છે; 'આગળ જઈને અમે સીધા દેશના વડા પ્રધાનના રાજીનામાની માગ કરવાના છીએ,' એવી આક્રમક ચેતવણી ઠાકરેની શિવસેનાના નેતા આદિત્ય ઠાકરેએ આપી હતી. 'અમને કાપી નાખવામાં આવે તો પણ અમે ભાજપ સામે ક્યારેય ઝૂકીશું નહીં,' એવો નિર્ધાર તેમણે આ સમયે વ્યક્ત કર્યો હતો. સોનમ વાંગચૂકના આંદોલનને સમર્થન આપવા અને કેન્દ્ર સરકારની દમનકારી નીતિના વિરોધમાં ઠાકરેની શિવસેના તરફથી મુંબઈમાં જાહેર આંદોલન કરવામાં આવ્યું હતું. આ આંદોલનમાં

(જુઓ પાનું ૪) ▶▶

# મહિલાની આત્મહત્યાના બે મહિના પછી મોબાઈલમાંથી મળી 'સુસાઈડ નોટ'

### નવી મુંબઈમાં રહેતા પિતા-પુત્ર વિરુદ્ધ આત્મહત્યા માટે ઉશ્કેરવાનો ગુનો

થાણે: બદલાપુરના ફ્લૅટમાં ગળાફાંસો ખાઈ કથિત આપઘાત કરનારી મહિલાના મોબાઈલ ફોનમાંથી બે મહિને એક 'સુસાઈડ નોટ' મળી આવી હતી, જેને આધારે પોલીસે નવી મુંબઈમાં રહેતા પિતા-પુત્ર વિરુદ્ધ આત્મહત્યા માટે ઉશ્કેરવાનો ગુનો નોંધ્યો હતો.

પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ મુંબઈના ચેમ્બુર વિસ્તારમાં પરિવાર સાથે રહેતી અને મેમાં કથિત આત્મહત્યા કરનારી ૪૬ વર્ષની મહિલાના પુત્રએ આ મામલે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદને આધારે ૧૬ જુલાઈએ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૮ (આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવું) હેઠળ એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો.

ફરિયાદમાં જણાવાયું હતું કે મહિલા મુંબઈની ખાનગી કંપનીમાં એક્ઝિક્યુટિવ આસિસ્ટન્ટ તરીકે કામ કરતી હતી. નવી મુંબઈમાં રહેતા આરોપી સાગર શિવાજી મોરે સાથે તેને લગ્નબાહ્ય સંબંધો હતા.

મહિલા સોમથી શુક્રવાર ચેમ્બુરમાં પરિવાર સાથે રહેતી હતી, પરંતુ વીકએન્ડ્સ તે બદલાપુરના ફ્લૅટમાં વિતાવતી. ૨૬ મેની સવારે મહિલાએ દીકરાના ફોન કૉલ્સ રિસીવ કર્યા નહોતા. પરિણામે ફૅમિલી ફ્રેન્ડ્સ અને સગા બદલાપુર ગયા હતા. ફ્લૅટનો દરવાજો અંદરથી લૉક હોવાથી તોડવામાં આવ્યો હતો. ફ્લૅટમાંથી સીલિંગ ફૅન સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

માતાના મૃત્યુ બાદ દીકરો તેના મોબાઈલમાં ખાંખાંખોળાં કરતો હતો. તે સમયે દીકરાને એક નોટ મળી આવી હતી, જેમાં માતાએ પોલીસને આગ્રહભરી વિનંતી કરી હતી કે પિતા-પુત્રની ધરપકડ કરવી, જ્યારે દીકરાની તેણે માફી માગી હતી. ફરિયાદ અનુસાર સાગર મોરેના મહિલા સાથે સંબંધ હતા અને અનેક વખત તે મહિલા સાથે રહેતો પણ હતો. મહિલાના પરિચિતો અને સહકર્મચારીઓએ પણ છેલ્લા અનેક મહિનાથી સાગર તેની સતામણી કરતો હોવાની વાતને સમર્થન આપ્યું હતું. ■

# વસઈ સ્ટેશને યુવકે કર્યો સ્ટંટ, ટ્રેનની સામે પાટા ઓળંગ્યા

મુંબઈ: સબર્બન મુંબઈ રેલવેમાં પીકઅવર્સમાં લોકલ ટ્રેનમાં ટ્રાવેલ કરવામાં પ્રવાસીઓનો જીવ પડિકે બંધાઈ જતો હોય છે, તેમાંય વળી પીકઅવર્સમાં લાંબા રૂટ (દહાણુ અથવા વિરાર-વસઈથી ચર્ચગેટ)માં ટ્રાવેલ કરનારા પ્રવાસીઓ તો જીવના જોખમે પ્રવાસ કરતા હોય છે. અવારનવાર વીડિયોમાં પણ જોવા મળે છે, જેમાં ચઢવા-ઊતરવામાં કે ટ્રેક ક્રોસ કરવામાં અકસ્માતનો ભોગ બને છે. જોકે, વસઈ સ્ટેશન પર એક પ્રવાસીનો હૃદયના ધબકારા વધારી દેનારો વીડિયો વાઇરલ થયો હતો. ફૂલ સ્પીડમાં આવતી એક્સપ્રેસ ટ્રેનની સામે પાટા ઓળંગતા એ યુવક સહેજ માટે બચી ગયો હતો.

મળતી માહિતી અનુસાર વસઈ રેલવે સ્ટેશન પર એક શખસનો જોખમી સ્ટંટનો એક વીડિયો સોશ્યલ મીડિયા પર વાઇરલ થયો હતો, વાઇરલ થયેલા વીડિયોમાં યુવક એક્સપ્રેસ ટ્રેનની સામેથી પસાર થઈને રેલવે સ્ટેશનની એક બાજુથી બીજી બાજુ જવાનો પ્રયાસ કરતો જોવા મળ્યો હતો. ■

## એટીએમ સાથે ચેડાં કરી રૂપિયા ચોરનારો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાંડુપમાં એક રાષ્ટ્રીયકૃત બૅન્કના એટીએમ સાથે કથિત ચેડાં કરી ખાતાધારકોના રૂપિયા ચોરનારી ટોળકીના સૂત્રધારને પોલીસે પકડી પાડ્યો હતો.

ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ મોહમ્મદ ઝિયાદ ઉર્ફે અયાન ઈર્શાદ અહમદ (૨૧) તરીકે થઈ હતી. ભાંડુપમાંથી પકડાયેલા આરોપી અહમદની પૂછપરછમાં તેની બે મહિલા સાથી આરિફા અઝીમ

(જુઓ પાનું ૪) ▶▶

### શિવસેના સાંસદોનું શિંદેની સેનામાં વિલીનીકરણ

# રાઉતે તેને લોકશાહી પર બળાત્કાર અને હત્યા ગણાવી

મુંબઈ: લોકસભા સ્પીકર ઓમ બિરલાએ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનામાં છ શિવસેના (યુબીટી) સાંસદોના વિલીનીકરણને મંજૂરી આપ્યાના એક દિવસ પછી, ઉદ્ધવ ઠાકરે જૂથના સંજય રાઉતે કહ્યું કે આ પગલું લોકશાહી પર ''બળાત્કાર અને હત્યા'' સમાન છે.

રાઉતે કોઈનું નામ લીધા વિના કહ્યું, 'જે સાંસદો સળગતી મશાલના પ્રતીક પર ચૂંટાયા હતા તેમને ખરીદી લેવામાં આવ્યા હતા. આ લોકશાહી પર બળાત્કાર અને તેની હત્યા (જુઓ પાનું ૪) ▶▶

## દીકરાને સરકારી નોકરીની લાલચમાં આરટીઓ એજન્ટે લાખો રૂપિયા ગુમાવ્યા

થાણે: દીકરાને સરકારી નોકરી અપાવવાની લાલચમાં ૬૦ વર્ષના આરટીઓ એજન્ટે ૧૧ લાખ રૂપિયા ગુમાવ્યા હતા. પોલીસે આરટીઓ એજન્ટની ફરિયાદને આધારે બે જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ઉલ્હાસનગરમાં રહેતા ફરિયાદીનો આરોપીએ સંપર્ક સાધ્યો હતો. દીકરાને ઈન્કમ ટેક્સ (આઈટી) ડિપાર્ટમેન્ટમાં નોકરી અપાવવાની ખાતરી આરોપીએ આપી હતી. આ માટે આરોપીએ ૧૧ લાખ રૂપિયાની માગણી કરી હતી.

જોકે રૂપિયા લીધા પછી પણ આરોપીએ ફરિયાદીના દીકરાને નોકરી અપાવી નહોતી.■




# ઍમ્બપ્પેએ રેકોર્ડ તોડ્યો, પણ ફ્રાન્સ સામે ઇંગ્લૅન્ડ ૬-૪થી જીત્યું

માયામીઃ શનિવારે રાત્રે અહીં રમાયેલી ફિફા વર્લ્ડ કપની ત્રીજા-ચોથા સ્થાન માટેની અત્યંત રોમાંચક અને હરીફ ખેલાડીઓ વચ્ચેના અભૂતપૂર્વ ઘર્ષણવાળી મૅચમાં ઇંગ્લૅન્ડે કીલિયાન ઍમ્બપ્પેના રેકૉર્ડ-બ્રેકિંગ પર્ફોર્મન્સ છતાં ફ્રાન્સને ૬-૪થી હરાવીને બ્રોન્ઝ મેડલ જીતી લીધો હતો.

## ઍમ્બપ્પેના કુલ ૨૨ ગોલ

ફ્રાન્સના સુપરસ્ટાર ઍમ્બપ્પેએ વર્લ્ડ કપના ઇતિહાસના સૌથી વધુ ૨૧ ગોલનો લિયોનેલ મેસીનો વિશ્વવિક્રમ તોડી નાખ્યો હતો. એ મૅચને અંતે ઍમ્બપ્પે કુલ ૨૨ ગોલ સાથે વિશ્વના તમામ ફૂટબૉલ ખેલાડીઓમાં મોખરે હતો.

## ઍમ્બપ્પેના આ વખતે ૧૦ ગોલ

વર્તમાન વર્લ્ડ કપમાં ઍમ્બપ્પેના નામે હવે કુલ ૧૦ ગોલ છે. તેણે ત્યારે લિયોનેલ મેસીના આઠ ગોલનો વિક્રમ તોડી નાખ્યો હતો અને ગોલ્ડન બૂટ અવૉર્ડ માટે અગ્રેસર હતો.

## ઇંગ્લૅન્ડ ૪-૦થી આગળ

શનિવારે મૅચના પોણા કલાકના ફર્સ્ટ હાફમાં ઇંગ્લૅન્ડના ખેલાડીઓએ ચાર ગોલ કર્યા હતા



અને ૪-૦ની સરસાઈ સાથે હજારો પ્રેક્ષકોના અભિવાદન વચ્ચે ટૂંકા બ્રેક માટે મેદાન પરથી વિદાય લીધી હતી.

ચારમાંથી બે ગોલ (૩૭મી અને ૪૫+૧મી મિનિટમાં) બુકાયો સાકાએ કર્યા હતા તેમ જ એક-એક ગોલ વાઇસ કેપ્ટન ડેકલેન રાઈસ (ત્રીજી મિનિટમાં) તથા એઝરી કોન્સા (૧૮મી મિનિટમાં)એ કર્યો હતો.

## સાકાની હૅટ-ટ્રિક

સેકન્ડ હાફમાં બંને ટીમ એકબીજા સામે વધુ આક્રમક બની હતી અને એમાં ફ્રાન્સે ૫૮થી ૯૬મી મિનિટ વચ્ચે કુલ ચાર ગોલ કર્યા હતા. એ પહેલાં, ૮૭મી મિનિટમાં સાકાએ વધુ એક ગોલ કરીને (ગોલની હૅટ-ટ્રિક સાથે) ઇંગ્લૅન્ડની સરસાઈ વધુ મજબૂત (૫-૪) કરી હતી. મૅચની છેલ્લી ક્ષણો પહેલાં ફ્રાન્સ ૪-૫ થી પાછળ હતું ત્યારે ૯૮મી મિનિટમાં જ્યૂડ બેલિંગમે ગોલ કર્યો હતો અને ઇંગ્લૅન્ડે છેવટે ૬-૪ના સ્કોર સાથે વિજય મેળવીને બ્રૉન્ઝ મેડલ પર કબજો કરી લીધો હતો.

## ફેવરિટ ફ્રાન્સ છેક ચોથે

ફ્રાન્સ વતી ચારમાંથી બે ગોલ ઍમ્બપ્પેએ ૪૮મી અને ૬૬મી મિનિટમાં કર્યા હતા. બાકીના બે ગોલમાંથી એક બ્રેડલી બાર્કોલાએ ૫૪મી મિનિટમાં અને ઔસમેન ડેમ્બેલેએ ૯૬મી મિનિટમાં કર્યો હતો. ફ્રાન્સ આ વખતના વર્લ્ડ કપમાં ટ્રોફી જીતવા માટે ફેવરિટ ગણાતું હતું, પરંતુ હવે ચોથા નંબર પર રહી ગયું.

આ વખતની ટૂર્નામેન્ટમાં ૬-૪ના સ્કોર સાથે એક મૅચમાં સૌથી વધુ કુલ ૧૦ ગોલનો રેકોર્ડ બન્યો છે. વર્લ્ડ કપના ૯૬ વર્ષના ઇતિહાસમાં આ છઠ્ઠા નંબરની હાઈ સ્કોરિંગ મેચ હતી. ૧૯૮૨ની સાલ પછી એક મેચમાં સૌથી વધુ ૧૦ ગોલનો પણ વિક્રમ રચાયો છે. ■

### વર્લ્ડ કપના ઇતિહાસની ટોચની છ હાઈ સ્કોરિંગ મેચ

(૧) ઑસ્ટ્રીયા ૭-૫ સ્વિટ્ઝરલૅન્ડ (૧૯૫૪) (૨) બ્રાઝિલ ૬-૫ પોલૅન્ડ (૧૯૩૮) (૩) હંગેરી ૮-૩ પશ્ચિમ જર્મની (૧૯૫૪) (૪) હંગેરી ૧૦-૧ અલ સાલ્વાડોર (૧૯૮૨) (૫) ફ્રાન્સ ૭-૩ પૅરાગ્વે (૧૯૫૮) (૬) ફ્રાન્સ ૪-૬ ઇંગ્લૅન્ડ (૨૦૨૬)

# શરમ કરો...ટીમ ઈન્ડિયા

## બ્રિટિશરો સામે ટી-૨૦ પછી વન-ડે શ્રેણીમાં પણ હાર્યાઃ રોહિતની યાદગાર સદી પાણીમાં

લંડનઃ વન-ડેના સાતમા નંબરના ઇંગ્લૅન્ડ (૩/૩૮૭) સામે વર્લ્ડ નંબર-વન ભારત (૭/૩૬૦)નો ૨૭ રનથી પરાજય થયો હતો. બ્રિટિશરોએ સિરીઝ ૨-૧થી જીતી લીધી હતી.

લૉર્ડ્સની બૅટિંગ-પિચ પર અઢળક રન બન્યા હતા અને ભારતના ટૉપ-ઑર્ડરે બ્રિટિશરોને જોરદાર લડત આપી હતી, પણ સાત બોલરના આક્રમણ વચ્ચે મિડલ-ઑર્ડરે દાટ વાળ્યો હતો અને છેવટે ભારતે મૅચમાં અને સિરીઝમાં હાર જોવી પડી. આ જ મહિનામાં ઇંગ્લૅન્ડ સામે ટી-૨૦માં ભારતનો ૦-૪થી રકાસ થયો હતો.

લૉર્ડસમાં છેલ્લી વખત રમેલા રોહિત શર્મા (૧૩૮ રન, ૧૧૦ બૉલ, પાંચ છગ્ગા, સત્તર ચોગ્ગા) સાથે ૧૪૭ રનની ભાગીદારી કરીને કૅપ્ટન શુભમન ગિલ (૭૭ રન, ૮૪ બૉલ, એક છગ્ગો, દસ ચોગ્ગા) આઉટ થયો ત્યાર પછી રોહિત સાથે વિરાટ કોહલી (૭૪ રન, ૬૦ બૉલ, ત્રણ છગ્ગા, ચાર ચોગ્ગા) જોડી જમાવી હતી. ૩૯મી ઓવરમાં રોહિત-વિરાટની ભાગીદારી ૧૧૩ રનની થઈ હતી અને વિરાટ ૩૮ રન પર હતો ત્યારે રોહિતે પોતાના ૧૩૮ રનના સ્કોર પર નૉન-રેગ્યુલર લેફ્ટ-આર્મ સ્પિનર જેકબ બેથેલના બૉલમાં સ્વીપ શૉટની લાલચમાં વિકેટ ગુમાવી હતી. કમબૅકમાં તેની યાદગાર સેન્ચુરીની સફર પૂરી થઈ હતી.

કિશન (૧૪ રન) સૅમ કરૅન (૧૦-૦-૭૫-૪)ના ધીમા બૉલમાં રેહાન અહમદને કૅચ આપી બેઠો એના બે બૉલ બાદ કરૅનના વધુ એક સ્લો બૉલમાં શ્રેયસ ઐયર (૦) પણ રેહાનને કૅચ આપી દીધો હતો. રેહાનનો આ બીજો કૅચ અદ્ભુત હતો. સૅમ કરૅનની પછીની ઓવરમાં વિરાટે તેના બૅક ઑફ અ લેન્થ બૉલમાં કૅચ આપી દીધો હતો અને ત્યારે જ ભારતની જીતની આશા પર પાણી ફરી વળ્યું હતું. કરૅને આઠ બૉલમાં પાંચ રનના ખર્ચે ત્રણ મહત્ત્વની વિકેટ લીધી હતી.

એ પહેલાં, ઇંગ્લૅન્ડે બૅટિંગ લીધા બાદ ૫૦ ઓવરમાં ત્રણ વિકેટે ૩૮૭ રન બનાવ્યા હતા. ઓપનર બેન ડકેટ (૧૪૧ રન, ૧૩૫ બૉલ, એક છગ્ગો, અઢાર ચોગ્ગા) અને જેકબ બેથેલ (૯૧ રન, ૯૩ બૉલ, બે છગ્ગા, અગિયાર ચોગ્ગા)ની જોડીએ ૧૮૧ બૉલમાં ૧૯૨ રનની ભાગીદારી કરી હતી. જસપ્રીત બુમરાહ ઈજાને કારણે આ મૅચમાં નહોતો રમ્યો. ■

# મેસીનો ફાઈનલ પહેલાં રિટાયરમેન્ટનો સંકેત હતો

ન્યૂ યૉર્કઃ ફિફા વર્લ્ડ કપની સ્પેન સામેની રવિવારની ફાઇનલ પહેલાં આર્જેન્ટિનાના સુપરસ્ટાર લિયોનેલ મેસીએ એક ઇમોશનલ પોસ્ટ શૅર કરી હતી જે વાંચ્યા પછી મોટા ભાગના લોકોને લાગ્યું હશે કે મેસી હવે આ વખતના વર્લ્ડ કપને અંતે આંતરરાષ્ટ્રીય ફૂટબૉલમાંથી નિવૃત્તિ લઈ લેશે.

૨૦૨૨ના વર્લ્ડ કપમાં મેસીએ આર્જેન્ટિનાને વર્લ્ડ કપ અપાવ્યો ત્યારે જ ચર્ચા હતી કે તે હવે વિશ્વ ચૅમ્પિયન બની ગયો એટલે નિવૃત્તિ લઈ લેશે.

જોકે તેણે ત્યાર બાદ રમવાનું ચાલુ રાખ્યું હતું અને ૨૦૨૬ના વર્લ્ડ કપમાં આગમન સાથે જ ધમાકેદાર પર્ફોર્મ કર્યું. તેણે રવિવારની ફાઇનલના ગણતરીના કલાકો પહેલાં સોશ્યલ મીડિયા પર પોતાની ટીમ માટે જે ભાવુક પોસ્ટ શૅર કરી જેમાં તેણે જણાવ્યું હતું કે 'મેં જે પણ ટ્રોફીઓ મેળવી એનાથી પણ મારા માટે અનેક ગણું વિશેષ છે સાથીઓ સાથે વીતાવેલો સમય. આપણે સૌએ ભેગા મળીને જે સંઘર્ષનો સામનો કર્યો જે યાદગાર ક્ષણો માણી એ મારા માટે સૌથી મહત્ત્વની છે.'

મેસીના આ સંદેશ પરથી તેના ઘણા ચાહકોનું એવું માનવું હશે કે તે આંતરરાષ્ટ્રીય ફૂટબૉલની કારકિર્દીના અંતની આડકતરી જાહેરાત કરી રહ્યો છે.

મેસીએ ઇન્સ્ટાગ્રામ પર આર્જેન્ટિનાની આખી ટીમ તથા સપોર્ટ સ્ટાફ સાથેનો ગ્રૂપ-ફોટો શૅર કર્યો હતો. તેણે પોસ્ટમાં લખ્યું, 'ટ્રોફીઓ કરતાં ટીમ સાથે જે સમય વીતાવ્યો એ મારા માટે વધુ મહત્ત્વનું છે.

આપણે બધાએ ભેગા મળીને મુશ્કેલીઓનો સામનો કર્યો, મુસીબતમાં એકમેકને સંભાળી લીધા અને દરેક પળની મજા માણી.'

મેસીએ સાથી ખેલાડીઓ, કોચિંગ સ્ટાફ તથા આર્જેન્ટિનાની ટીમ માટે કામ કરનાર દરેક વ્યક્તિનો આભાર માન્યો હતો. તેના મતે સૌએ ભેગા થઈને આ ટીમને એક પરિવારની જેમ જાળવી.

મેસીએ પોસ્ટમાં સ્પેન સામેની ફાઇનલ પહેલાં એવું પણ જણાવ્યું હતું કે 'ફાઇનલનું પરિણામ જે પણ હોય, આપણી ટીમે એ પહેલાં જ જે ઇતિહાસ રચ્યો એ ક્યારેય નહીં ભુલાય અને ન કોઈ ટીમ આપણી આ સિદ્ધિને ભુલાવી શકશે.' ■

# પી. વી. સિંધુ જાપાન ઓપન જીતનારી પ્રથમ ભારતીય ખેલાડી

ટોક્યોઃ ઑલિમ્પિક મેડલ વિજેતા પી. વી. સિંધુએ જાપાન ઓપન-૨૦૨૬ જીતીને ભારત માટે નવો ઈતિહાસ રચ્યો છે. રવિવારની ફાઈનલમાં સિંધુએ યજમાન રાષ્ટ્રની ત્રણ વખત વર્લ્ડ ચૅમ્પિયન બની ચૂકેલી અકેન યામાગુચીને સળંગ ગેમમાં ૨૧-૧૭, ૨૧-૧૭થી હરાવી દીધી હતી. સિંધુ જાપાન ઓપન જીતનારી સૌથી પહેલી ભારતીય શટલર બની છે, જે જીતવાને કારણે તેણે લગભગ દોઢેક વર્ષના તેના ટાઈટલ દુકાળનો અંત લાવી દીધો છે. ■

# રોહિત-કોહલી ૪૦૦ મૅચ રમનાર પ્રથમ ભારતીય જોડી

લંડનઃ ઇંગ્લૅન્ડ સામે લૉર્ડ્સની ત્રીજી અને નિર્ણાયક વન-ડેમાં રોહિત શર્મા અને વિરાટ કોહલીની જોડીએ નવો ઇતિહાસ રચ્યો છે. આ પહેલી ભારતીય જોડી છે જેઓ ૪૦૦ આંતરરાષ્ટ્રીય મૅચ એકસાથે રમ્યા છે.

તેમણે સચિન તેન્ડુલકર અને રાહુલ દ્રવિડની જોડીની ૩૯૧ મૅચની ભાગીદારીનો વિક્રમ થોડા સમય પહેલાં જ તોડી નાખ્યો હતો, પરંતુ સાથે મળીને ૪૦૦ ઇન્ટરનૅશનલ મૅચ રમનાર જોડીમાં તેઓ પ્રથમ છે.

### જોડીમાં સૌથી વધુ આંતરરાષ્ટ્રીય મૅચો રમનારાઓ

(૧) સંગકારા-જયવર્દને (શ્રીલંકા): ૫૫૦ મૅચ
(૨) દિલશાન-જયવર્દને (શ્રીલંકા): ૪૨૬ મૅચ
(૩) સંગકારા-દિલશાન (શ્રીલંકા): ૪૧૮ મૅચ
(૪) જયસૂર્યા-મુરલીધરન (શ્રીલંકા): ૪૦૮ મૅચ
(૫) કેલિસ-બાઉચર (સાઉથ આફ્રિકા):૪૦૭ મૅચ
(૬) રોહિત-વિરાટ (ભારત): ૪૦૦ મૅચ
(૭) સચિન-દ્રવિડ (ભારત): ૩૯૧ મૅચ
(૮) જયસૂર્યા-ચામિન્ડા વાસ (શ્રીલંકા): ૩૯૧ મૅચ. ■

## વેપાર વાણિજ્ય

# યુદ્ધની ભીષણતા વચ્ચે બજારમાં સાવચેતીનું માનસ રહેશે

*નિલેશ વાઘેલા*

મુંબઈઃ અમેરિકા અને ઇરાન વચ્ચે ચાલી રહેલી ભીષણ લશ્કરી અથડામણ વચ્ચે વધતી જતી ભૂરાજકીય અનિશ્ચિતતા અને ક્રૂડ તેલના ભાવ વધારાની ચિંતા વચ્ચે આ સપ્તાહે મોટી તેજીના કોઇ અણસાર દેખાતા નથી. હા કંપની પરિણામને આધારે શેરલક્ષી કામકાજ જોવા મળશે અને બજારની નજર વિદેશી રોકાણકારોના વલણ અને રૂપિયાની વધઘટ પર પણ રહેશે. એફઆઇઆઇ જુલાઈમાં નેટ સેલર્સ રહ્યા અને આ વર્ગે કેશ સેગમેન્ટમાં રૂ. ૪,૫૪૬ કરોડના ઇક્વિટી શેર વેચ્યા હતા.

નબળા વૈશ્વિક સંકેતો, ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો, રૂપિયામાં તીવ્ર ઘટાડો અને વિદેશી રોકાણકારો દ્વારા સતત વેચવાલી છતા ભારતીય ઇક્વિટી બજારો સપ્તાહના અંતે સકારાત્મક નોંધ પર બંધ થયા, આઇટી શેરોમાં મજબૂત ખરીદી અને સ્થાનિક સંસ્થાકીય પ્રવાહના આધારે નિફ્ટી ૦.૫ ટકા વધીને ૨૪,૩૩૪ પોઇન્ટ પર બંધ થયો, જ્યારે સેન્સેક્સ ૦.૭ ટકા વધીને ૭૮,૧૫૧ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો છે.

જોકે, તેજી લાર્જકેપ શેરોમાં કેન્દ્રિત રહી. સપ્તાહ દરમિયાન નિફ્ટી મિડકેપ ૧૫૦ ઇન્ડેક્સ ૦.૮ ટકા ઘટ્યો હતો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ૨૫૦ ૦.૬ ટકા ઘટ્યો હતો. ક્ષેત્રીય રીતે, નિફ્ટી આઇટી ઇન્ડેક્સ સૌથી મજબૂત ક્ષેત્ર તરીકે ઉભરી આવ્યો હતો, જેમાં મોટી ટેકનોલોજી કંપનીઓની અપેક્ષા કરતાં વધુ સારી કમાણીને કારણે ૪.૩ ટકાનો વધારો થયો હતો.

કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઇન્ડેક્સ ત્રણ ટકા વધ્યો હતો અને પ્રાઇવેટ બેંક બેન્ચમાર્ક ૧.૫ ટકા વધ્યો હતો. આઇપીઓ ઇન્ડેક્સ સૌથી વધુ, લગભગ ત્રણ ટકા ગબડ્યો હતો, જ્યારે રિયલ-એસ્ટેટ અને મેટલ્સ ઇન્ડેક્સમાં લગભગ બે ટકા જેટલી પીછેહઠ જોવા મળી હતી. મેક્રો મોરચે, વિદેશી રોકાણકારો ચોખ્ખા વેચાણકર્તા રહ્યા હોવાથી રોકાણકારોનું સેન્ટિમેન્ટ સાવચેત રહ્યું હતું. નબળો રૂપિયો, મજબૂત ક્રૂડ ઓઇલના ભાવ અને અનિશ્ચિત વૈશ્વિક સંકેતોએ પણ અસ્થિરતાને વધારી રાખી હતી.

નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઇન્ડેક્સ સપ્તાહ દરમિયાન લગભગ ત્રણ ટકા વધ્યો હતો. વ્યાપક સેગમેન્ટમાં મિડકેપ અને સ્મોલકેપ બજારોમાં નબળાઈ હોવા છતાં, આઉટપર્ફોર્મન્સ જોવા મળ્યું હતું, જે ઘરગથ્થુ વિવેકાધીન ખર્ચ સાથે જોડાયેલી કંપનીઓમાં પસંદગીયુક્ત ખરીદી સૂચવે છે. માગમાં સુધારો મુખ્ય ટ્રિગર રહ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૭ના શરૂઆતના મહિનાઓ દરમિયાન એર કંડિશનર, રેફ્રિજરેટર, વસ્ત્રો અને અન્ય વિવેકાધીન ઉત્પાદનોના વેચાણમાં બે આંકડાનો વધારો નોંધાયો છે.

યુનાઇટેડ સ્ટેટ્સમાં, ૨૯ જુલાઈના રોજ ફેડરલ રિઝર્વના નીતિ નિર્ણય પહેલા ગુરુવાર અને શુક્રવારે જૂનના નવા ઘરના વેચાણ પર સાપ્તાહિક બેરોજગારીના દાવાઓ પર નજીકથી નજર રાખવામાં આવશે.

આ દરમિયાન, ભારતમાં પ્રાથમિક બજાર પણ સક્રિય રહેશે, જેમાં પાંચ આઇપીઓ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ચાર કંપનીઓ લિસ્ટ થવાની છે. લિસ્ટિંગમાં, એસબીઆઇ ફંડ્સ મેનેજમેન્ટ તેના રૂ. ૯,૮૧૩ કરોડના આઇપીઓને ચાલીસ ગણાથી વધુ સબ્સ્ક્રિપ્શન મળ્યા પછી મુખ્ય ફોકસ રહેશે. મિલવર્ક્સ ટેક્નોલોજીસ, આલ્પાઇન ટેક્સવર્લ્ડ અને સોટેફિન ભારત અન્ય શેડ્યૂલ લિસ્ટિંગ છે.

જૂન ક્વાર્ટરના પરિણામોની મોસમ વેગ પકડશે ત્યારે ભારતમાં કોર્પોરેટ કમાણી કેન્દ્ર સ્થાને રહેશે. ભારતમાં, પેટીએમ, ઇટર્નલ, નેસ્લે ઇન્ડિયા, ડૉ. રેડ્ડીઝ લેબોરેટરીઝ, ઇન્ડસઇન્ડ બેંક, અદાણી પાવર, અદાણી ગ્રીન એનર્જી, ટાટા કોમ્યુનિકેશન્સ, યુનાઇટેડ સ્પિરિટ્સ, એચપીસીએલ અને બીપીસીએલ કમાણી જાહેર કરશે. ■

# મહારાષ્ટ્રના રાજ્યપાલ જિષ્ણુ દેવ વર્માએ ઇસ્કોનની શ્રી જગન્નાથ રથયાત્રા ૨૦૨૬નું ઉદ્ઘાટન કર્યું

મુંબઈઃ ઇસ્કોન જુહૂની ૪૫મી શ્રી જગન્નાથ રથયાત્રાનું ભવ્ય ઉદ્ઘાટન મહારાષ્ટ્રના રાજ્યપાલ જિષ્ણુ દેવ વર્માએ બપોરે ૧:૦૦ વાગ્યે વિધિવત્ પૂજન અને રથ પ્રસ્થાન કરાવી કર્યું હતું. આ સાથે મુંબઈના સૌથી પ્રતિષ્ઠિત અને લોકપ્રિય આધ્યાત્મિક મહોત્સવોમાંના એકનો પ્રારંભ થયો.

આ શુભ અવસરે લોકસભા સાંસદ તથા પ્રખ્યાત અભિનેત્રી હેમા માલિનીજી, મુંબઈ ભાજપ અધ્યક્ષ અમિત સાટમ, હિન્દુજા ગ્રૂપના ચેરમેન પ્રકાશ હિન્દુજા, મહારાષ્ટ્ર સરકારના માનનીય મંત્રી નિતેશ રાણે તેમ જ માનનીય રાજ્યપાલના સચિવ પ્રશાંત નારણનવરે વિશેષ ઉપસ્થિત રહ્યા. હજારો ભક્તોએ ભગવાન શ્રી જગન્નાથ, ભગવાન બલભદ્ર અને માતા સુભદ્રાના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

આ પ્રસંગે ઇસ્કોનના વરિષ્ઠ સંતો અને આગેવાનોમાં પરમ પૂજ્ય એચ.જી. ડૉ. સુરદાસ પ્રભુ, ચેરમેન અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી જગન્નાથ રથયાત્રા, શ્રી મહેશ શર્મા, ચેરમેન રથયાત્રા સમિતિ, પરમ પૂજ્ય એચ.જી. દેવકી નંદન પ્રભુ, ઝોનલ સેક્રેટરી, ઇસ્કોન, પરમ પૂજ્ય એચ.જી. બ્રજ હરિ પ્રભુ, પ્રમુખ ઇસ્કોન જુહૂ તથા પરમ પૂજ્ય એચ.જી. મુકુંદ માધવ પ્રભુ, ઉપપ્રમુખ ઇસ્કોન જુહૂ ઉપસ્થિત રહ્યા



હતા. તમામ સંતો અને આગેવાનોએ મહાનુભાવો તથા ઉપસ્થિત ભક્તોનું હાર્દિક સ્વાગત કર્યું અને આ ભવ્ય આધ્યાત્મિક મહોત્સવમાં સહભાગી બનવા બદલ આભાર વ્યક્ત કર્યો.

ઉદ્ઘાટન બાદ બપોરે ૧:૦૦ વાગ્યે ભવ્ય રથયાત્રા ભક્તિ વેદાંત સ્વામી મિશન સ્કૂલથી પ્રસ્થાન કરી. ભગવાન શ્રી જગન્નાથ, ભગવાન બલભદ્ર અને માતા સુભદ્રાના સુંદર રીતે શણગારેલા રથોની સાથે હજારો ભક્તોએ "હરે કૃષ્ણ, હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ, હરે હરે; હરે રામ, હરે રામ, રામ રામ, હરે હરે" મહામંત્રના સંકીર્તન સાથે નૃત્ય અને ભજન કરતાં રથયાત્રામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

આ પવિત્ર રથયાત્રા ન્યૂ લિંક રોડ, લોખંડવાલા માર્કેટ, લોખંડવાલા સર્કલ, કોકિલાબેન અંબાણી હોસ્પિટલ અને જુહૂ સર્કલ થઈને અંતે શ્રી શ્રી રાધા રસબિહારી મંદિર (ઇસ્કોન જુહૂ) ખાતે પહોંચી, જ્યાં ભગવાનનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ■

# પ્રાઇમરી માર્કેટમાં આ સપ્તાહે ચાર જાહેર ભરણાં ખૂલશે

મુંબઈઃ પ્રાથમિક બજાર આ અઠવાડિયે સક્રિય રહેશે, જેમાં ક્યુબ હાઇવેઝ ટ્રસ્ટના ઇન્વિટ અને ઇન્ડો એમઆઇએમ, લોહિયા કોર્પ અને એક્સ્ટ્રાનેટ ટેક્નોલોજીસના પ્રારંભિક જાહેર ઓફર (આઇપીઓ) સહિત ચાર જાહેર ઇશ્યૂ સબસ્ક્રિપ્શન માટે ખુલશે, જ્યારે કેલિબર માઇનિંગ અને લોજિસ્ટિક્સનો આઇપીઓ હાલમાં સબ્સ્ક્રિપ્શન માટે ખુલ્લા છે. ક્યુબ હાઇવેઝ ટ્રસ્ટનો રૂ. ૫,૦૦૦ કરોડનો ઇનવિટ પબ્લિક ઇશ્યૂ ૨૨ જુલાઈએ ખુલશે. ઇન્ડો એમઆઇએમ, લોહિયા કોર્પ અને એક્સ્ટ્રાનેટ ટેક્નોલોજીસના આઇપીઓ ૨૩ જુલાઈએ ખુલશે અને ૨૭ જુલાઈએ બંધ થશે. ત્રણ મુખ્ય બોર્ડ ઇશ્યૂ માટે એન્કર ઇન્વેસ્ટર બિડિંગ ૨૨ જુલાઈએ થવાની છે.આરએચપી અનુસાર આઇટી સર્વિસિસ અને સોલ્યુશન્સ પ્રોવાઇડર એક્સ્ટ્રાનેટ ટેક્નોલોજી કોઈ ઓફર ફોર સેલ ઘટક વિના રૂ. ૧૭૦ કરોડનો નવો ઇશ્યૂ ૨૩મીએ લોન્ચ કરી રહી છે. ■

# ઈમરજન્સી ક્રેડિટ લાઇન ગેરન્ટી સ્કીમનો ૧.૧૦ કરોડ એમએસએમઇ ખાતાને લાભ

મુંબઈ : નવી જાહેર થયેલી ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરન્ટી સ્કીમ-૫.૦થી દેશના અંદાજે ૧.૧૦ કરોડ માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝિસ ખાતાને લાભ થશે. આ સ્કીમ હેઠળ એવા વેપારગૃહોને વધારાનો ધિરાણ ટેકો પૂરો પાડવામાં આવશે, જેમને પશ્ચિમ એશિયાના સંઘર્ષથી અસર થઈ છે, એમ એસબીઆઈના એક રિપોર્ટમાં જણાવાયું છે. દેશના એમએસએમઈ તથા કેટલાક નોન-એમએસએમઈ ક્ષેત્રોને વધારાની વર્કિંગ કેપિટલ પૂરી પાડવા કેન્દ્રીય કેબિનેટે ઈમરજંસી ક્રેડિટ લાઈન ગેરન્ટી સ્કીમ-૫.૦ મંજુરી આપી છે. રિપોર્ટ પ્રમાણે સદર સ્કીમ હેઠળ અંદાજે ૧.૧૦ કરોડ એમએસએમઈ ખાતા લાભ લેવાને પાત્ર છે.આ એમએસએમઈને સરેરાશ રૂપિયા બેથી રૂપિયા ૨.૩૦ લાખ સુધીની વધારાની ક્રેડિટ ઉપલબ્ધ થવા ધારણાં છે. સદર સ્કીમ હેઠળ સરકારે રૂપિયા ૨.૫૫ લાખ કરોડ વધારાનો ધિરાણ પ્રવાહ અંદાજ્યો છે. સ્કીમના ટેકા સાથે નાના એકમો તથા એરલાઈન્સોને લિક્વિડિટીનો ટેકો ઉપરાંત અર્થતંત્રમાં રોજગાર ટકાવી રાખવામાં મદદ મળશે.

# એફઆઈઆઈની રૂ.૬,૫૧૬.૦૪ કરોડની નેટ વેચવાલી

મુંબઇઃ શેરબજાર અફડાતફડીમાંથી પસાર થયા બાદ રોકાણકારોને રાહત આપી સાપ્તાહિક ધોરણે પોઝિટીવ નોટ પર બંધ થયું છે. પાછલા સપ્તાહ દરમિયાન આઈટી, કંઝ્યુમર ડ્યુરેબલ્સ અને ટેક શેરો સૌથી અધિક વધ્યા હતા, જ્યારે રિયલ્ટી અને મેટલ શેરોમાં સૌથી વધુ ઘટાડો નોંધાયો હતો. એસએમઈ આઈપીઓ ૨.૧૨ ટકા વધ્યો હતો, જ્યારે બીએસઈ આઈપીઓ ૧.૧૭ ટકા ઘટ્યો હતો.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૬,૫૧૬.૦૪ કરોડની નેટ વેચવાલી કરી હતી. શુક્રવાર, ૧૭ જુલાઈ, ૨૦૨૬એ સમાપ્ત થયેલા કારોબારી સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ આગલા સપ્તાહના ૭૭,૫૬૯.૩૯ના બંધથી ૫૮૨.૦૬ પોઈન્ટ્સ (૦.૭૫ ટકા) વધ્યો હતો.

એક્સચેન્જ પર સપ્તાહના અંતે માર્કેટ કેપિટલાઇઝેશન રૂ. ૪૮૦.૯૨ લાખ કરોડ રહ્યું, જે અગાઉના સપ્તાહે રૂ. ૪૮૦.૧૯ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ. ૭૩,૦૦૦ કરોડનો વધારો નોંધાયો હતો.

સોમવાર, ૧૩ જુલાઈના રોજ સેન્સેક્સ ૭૬,૯૬૩.૩૫ ખૂલ્યો, શુક્રવાર, ૧૭ જુલાઈના રોજ ઊંચામાં ૭૮,૨૮૨.૫૫ સુધી ગયો, જ્યારે સોમવાર, ૧૩ જુલાઈના રોજ નીચામાં ૭૬,૮૫૭.૪૩ સુધી જઈ શુક્રવાર, ૧૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ ૭૮,૧૫૧.૪૫ બંધ રહ્યો હતો.

સેક્ટરલ ઈન્ડેક્સમાં સપ્તાહ દરમિયાન આઈટી ૩.૭૩ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૨૩ ટકા, ટેક ૨.૨૦ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૮૧ ટકા, બેન્કેક્સ ૦.૭૭ ટકા, ઓટો ૦.૫૧ ટકા અને ટોપ ૧૦ બેન્ક ૦.૯૦ ટકા વધ્યા હતા, જ્યારે રિયલ્ટી ૨.૦૯ ટકા, મેટલ ૧.૭૧ ટકા, ઈન્ફ્રા ૧.૨૪ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૨૪ ટકા, એફએમસીજી ૧.૧૦ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧ ટકા, પાવર ૦.૫૮ ટકા, હેલ્થકેર ૦.૩૦ ટકા અને પીએસયુ ૦.૨૭ ટકા ઘટ્યા હતા. ■

# આ અઠવાડિયે ૨૫૬ કંપની પરિણામો જાહેર કરશે

મુંબઇઃ ભારતીય શેરબજારો એક વ્યસ્ત સપ્તાહ માટે તૈયાર છે, જેમાં ૨૫૦થી વધુ કંપનીઓ ૨૦૨૬-૨૭ નાણાકીય વર્ષના એપ્રિલ-જૂનના પ્રથમ ક્વાર્ટર માટે તેમની કમાણી જાહેર કરી રહી છે. આમાં ઇન્ફોસિસ, ઇન્ટરગ્લોબ એવિએશન, સિપ્લા, મીશો, એનટીપીસી, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, અલ્ટ્રાટેક સિમેન્ટ, વન ૯૭ કોમ્યુનિકેશન્સ, બજાજ ઓટો, ટીવીએસ મોટર કંપની, અદાણી પાવર, એટરનલ, જેએસડબલ્યુ એનર્જી અને અન્ય કંપનીઓનો સમાવેશ થાય છે.

આ સપ્તાહ દરમિયાન ટાટા કોમ્યુનિકેશન્સ, રેલિસ ઈન્ડિયા, જેએસડબલ્યુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અદાણી ટોટલ ગેસ, ઇન્ડિયન હોટેલ્સ કંપની, બંધન બેંક, નેસ્લે ઈન્ડિયા, હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન, વિશાલ મેગા માર્ટ અને વેલ્સ્પન કોર્પ સહિત અન્ય કંપનીઓ પણ તેમના પ્રથમ ક્વાર્ટરના પરિણામો જાહેર કરશે.

પરિણામોની સાથે, ક્રિસિલ, ગંધાર ઓઈલ રિફાઈનરી, સેન્ટ્રલ માઈન પ્લાનિંગ એન્ડ ડિઝાઇન ઇન્સ્ટિટ્યૂટ, ઈજીસ ટેક્નોલોજીસ, એસઆરએફ, કન્ટેનર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, જીપી પેટ્રોલિયમ, ડૉ. લાલ પાથ લેબ્સ, ઓમેક્સ ઓટોસ અને અન્ય કંપનીઓના બોર્ડ પણ ડિવિડન્ડ જાહેર કરે તેવી શક્યતા છે. અલ્ટ્રાટેક સિમેન્ટ, વન ૯૭ કોમ્યુનિકેશન્સ, ઈન્ડિયન ઓવરસીઝ બેંક, કરૂર વૈશ્ય બેંક, શોભા, કેનેરા એસબીઆઇ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની, રેલિસ ઈન્ડિયા, સેન્ટ્રલ માઈન પ્લાનિંગ એન્ડ ડિઝાઇન ઇન્સ્ટિટ્યૂટ, જયપ્રકાશ પાવર વેન્ચર્સ, ટ્રાન્સફોર્મર્સ અને રેક્ટિફાયર ઈન્ડિયા સહિત લગભગ ૪૫ કંપનીઓ સોમવારે તેમના જૂન ક્વાર્ટરના પરિણામો જાહેર કરશે. મંગળવારે, બજાજ ઓટો, અદાણી એનર્જી સોલ્યુશન્સ, ટીવીએસ મોટર કંપની, ઇન્ડિયન હોટેલ્સ કંપની, જેએસડબલ્યુ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, અદાણી ટોટલ ગેસ, મહિન્દ્રા અને મહિન્દ્રા ફાઇનાન્શિયલ સર્વિસિસ, બંધન બેંક સહિત ૪૨ કંપનીઓ તેમના ત્રિમાસિક પરિણામો જાહેર કરશે. ■

# ફ્લેક્સિકેપ કેટેગરીમાં આઇપ્રુનો સીએજીઆર ૧૪.૫૫ ટકા

મુંબઈઃ ભારતના મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગે પાંચ વર્ષમાં અનેક ઉતાર-ચઢાવ જોયા. આ સમયગાળામાં ડાયનેમિક, ઓલ-કેપ રોકાણ કરતા ફ્લેક્સિકેપ ફંડ્સ રોકાણકારો માટે મહત્વના વિકલ્પ તરીકે ઉભરી આવ્યા છે. આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિઅલ ફ્લેક્સી ફંડે ૧૭ જુલાઈએ પોતાના પાંચ વર્ષ પૂર્ણ કર્યા. ૨૦૨૧થી અત્યાર સુધીના વ્યાજદરમાં વધારા, બજારમાં ઘટાડા અને તેજીના તમામ તબક્કામાં આ ફંડની કામગીરી પ્રોત્સાહક રહી છે. આ ઓપન-એન્ડેડ સ્કીમ લાર્જકેપ, મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં બોટમ-અપ અને ગ્રોથ આધારિત શેર પસંદગી દ્વારા રોકાણ કરે છે.

ડેટા અનુસાર આ સ્થિતિસ્થાપકતાથી લાભ મળ્યો છે. ૧૭ જુલાઈ ૨૦૨૧ના રોજ થયેલું રૂ. ૧૦ લાખનું રોકાણ ૩૦ જૂન ૨૦૨૬ સુધીમાં આશરે રૂ. ૧૯.૬૧ લાખ નોંધાયુ છે, જે ૧૪.૫૫ ટકાનો સીએજીઆર છે, જ્યારે એનએસઇ-૫૦૦ ટીઆરઆઇ બેન્ચમાર્કમાં આ જ રોકાણ રૂ. ૧૭.૪૪ લાખ થયું હોત, એટલે કે ૧૧.૮૮ ટકા દર્શાવે છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મુંદરાના ટુંડા ગામમાં સરકારી જમીન પરનાં કમર્શિયલ દબાણો પર બુલડોઝર ફર્યું ₹ ૩.૭૬ કરોડની જમીન મુક્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સરકારી જમીનો પરથી ગેરકાયદે દબાણો હટાવવાની ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત બંદરીય મુંદરા તાલુકાના ટુંડા-કાંડાગરા વિસ્તારમાં વહીવટી તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ૧૭ દુકાનો અને બે ઓફિસોના ગેરકાયદે કોમર્શિયલ દબાણો જમીનદોસ્ત કરી દેવામાં આવ્યાં હતા.

આ કાર્યવાહીથી અંદાજે ૨,૫૧૨ ચોરસ મીટર સરકારી જમીન દબાણમુક્ત બની છે, જેની બજાર કિંમત રૂા. ૩,૭૬,૮૦,૦૦૦ આંકવામાં આવી રહી છે. મળતી વિગતો મુજબ, ટુંડા ગામની સરકારી ટ્રાવર્સ નંબર ૧૮૦ પૈકીની કિંમતી જમીન પર વાણિજ્ય હેતુ માટે આડેધડ બાંધકામો ખડકી દેવાયા હતા. આ અંગે કાયદેસરની નોટિસ અને હુકમ બાદ તંત્રએ કડક વલણ અપનાવ્યું હતું.

જેમાં આદમ બોટી, સાહીદ આદમ અને સાલેમામદ કુંભારની બે દુકાનો (૪૦૦ ચો.મી., કિંમત રૂા. ૬૦ લાખ), કિશોર મહેશ્વરીની એક દુકાન (૧૦૦ ચો.મી., કિંમત રૂા. ૧૫ લાખ), વિમલ મહેશ્વરીની એક દુકાન (૨૧૦ ચો.મી., કિંમત રૂા. ૩૧.૫૦ લાખ) તેમજ અબ્દુલ ચાકીની એક દુકાન (૧૦૦ ચો.મી., કિંમત રૂા. ૧૫ લાખ) તોડી પાડવામાં આવી હતી.

આ ઉપરાંત વંકાભાઇ રબારીની બે ઓફિસો (૧૮૪ ચો.મી., કિંમત રૂા. ૨૭.૬૦ લાખ), ઇશાક અબડા અને જાબી અબડાની ચાર દુકાનો (૭૦૮ ચો.મી., કિંમત રૂા. ૧.૦૬ કરોડ), કુલદીપસિંહ જાડેજા અને મોહનસિંહ રાઠોડની સાત ગેરકાયેદેસર દુકાનો (૭૦૦ ચો.મી., કિંમત રૂા. ૧.૦૫ કરોડ) તેમજ ગુલામહુસેન ચાકીની એક દુકાન (૧૧૦ ચો.મી., કિંમત રૂા. ૧૬.૫૦ લાખ) પર બુલડોઝર ફેરવી દેવાયું હતું. મુંદરા પ્રાંત અધિકારીના માર્ગદર્શન હેઠળ મામલતદાર, મુંદરા પોલીસ ટીમ, મહેસૂલ વિભાગના કર્મચારીઓ અને પીજીવીસીએલના સ્ટાફના સંકલન સાથે આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું.

તંત્રની આ આકરી કાર્યવાહીથી સ્થાનિક ભૂમાફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ■

# જામનગરમાં ચાંદીપુરા વાઇરસથી બે વર્ષના બાળકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર: ગુજરાતમાં ચાંદીપુરા વાયરસનો કહેર સતત વધી રહ્યો છે. જામનગરમાં ૨ વર્ષના બાળકનું ચાંદીપુરા વાયરસને કારણે મોત થતા ખળભળાટ મચી ગયો હતો. બાળકનું મૃત્યુ નિપજતાં આરોગ્ય તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું છે.

માસૂમ બાળકનું શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના કારણે સારવાર દરમિયાન મોત નીપજતાં સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. આ ઘટનાને પગલે સ્થાનિક આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું છે અને લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મળતી માહિતી અનુસાર, જામનગરના રવિ પાર્ક વિસ્તારમાં રહેતા આ બે વર્ષના બાળકની તબિયત અચાનક લથડી હતી. અત્યંત ગંભીર હાલતમાં બાળકને તાત્કાલિક સારવાર માટે જામનગરની પ્રખ્યાત જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બાળકની નાજુક સ્થિતિને જોતા તેને બાળરોગ વિભાગના આઈસીયુ (આઈસીયુ) વોર્ડમાં દાખલ કરીને ડોક્ટરોની ટીમ દ્વારા સઘન સારવાર શરૂ કરવામાં આવી હતી. જોકે, તમામ પ્રયાસો છતાં બાળકની સ્થિતિમાં સુધારો થયો ન હતો અને સાંજે અંદાજે ૬ ૩૦ વાગ્યે બાળકે હોસ્પિટલના બિછાને અંતિમ શ્વાસ લીધા હતા. ■

# કચ્છમાં પ્રતિબંધિત ‘ગ્લુ ટ્રેપ’ના ગેરકાયદે વેચાણ સામે તંત્રની લાલ આંખ, પશુપાલન અને પોલીસ વિભાગનું સઘન ચેકિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સમગ્ર ગુજરાતમાં પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા અટકાવવા માટે ગ્લુ ટ્રેપના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ પર કાયદાકીય પ્રતિબંધ લાદવામાં આવેલો છે. આ પ્રતિબંધનો કડક અમલ કરાવવા માટે હવે સરહદી કચ્છ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કમર કસવામાં આવી છે. જિલ્લા કલેકટર અનીલ રાણાવસીયાના માર્ગદર્શન હેઠળ પશુપાલન અને પોલીસ વિભાગ દ્વારા સંયુક્ત રીતે જિલ્લાભરમાં એક સઘન તપાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

આ ઝુંબેશ અંતર્ગત જિલ્લાના મુખ્ય મથક ભુજ, ગાંધીધામ, અંજાર, મુંદરા, રાપર, નખત્રાણા અને ભચાઉ સહિતના તાલુકાઓમાં આવેલી મેડિકલ સ્ટોર્સ, જંતુનાશક દવાઓની દુકાનો તેમજ જથ્થાબંધ કરિયાણાની દુકાનોમાં આકસ્મિક ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

આ અંગે જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. રાજેશ પટેલે જણાવ્યું હતું કે, ગ્લુ ટ્રેપના કારણે મૂંગા પ્રાણીઓ અને પક્ષીઓ અત્યંત દર્દનાક રીતે તરફડીને મૃત્યુ પામે છે, જે પ્રાણી ક્રૂરતા નિવારણ કાયદા હેઠળ ગંભીર ગુનો બને છે. તંત્ર દ્વારા તપાસ દરમિયાન વેપારીઓ અને નાગરિકોમાં આ અંગે કાનૂની જાગૃતિ પણ ફેલાવવામાં આવી રહી છે.

જો કોઈ પણ વેપારી પ્રતિબંધનો ભંગ કરીને ગ્લુ ટ્રેપનું વેચાણ કરતા પકડાશે, તો તેની સામે કાયદાના કડક પ્રાવધાનો હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. રાજેશ પટેલે જણાવ્યું હતું.

આગામી દિવસોમાં આ સંયુક્ત તપાસ અભિયાન વધુ વેગવંતું બનાવવામાં આવશે. તંત્રની આ કાર્યવાહીના પગલે જિલ્લામાં પ્રતિબંધિત ચીજવસ્તુઓનું વેચાણ કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ■

# ગોંડલ કોટડા સાંગાણી રોડ પર અકસ્માત, બેનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: ગોંડલ-કોટડાસાંગાણી રોડ પર આવેલા ખરેડા ગામ નજીક મોડી સાંજે સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં બે કિશોરોના કરુણ મોત થતાં સમગ્ર પંથકમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

પ્રાથમિક માહિતી મુજબ, ગોંડલથી કોટડાસાંગાણી તરફ સ્કૂટર પર જઈ રહેલા હેમેન્દ્ર ઈન્દ્રજીતભાઈ પરમાર (ઉંમર ૧૨ વર્ષ) અને દર્શિત રાજેશભાઈ ચૌહાણ (ઉંમર ૧૫ વર્ષ) સામેથી આવી રહેલી બ્રેઝા કાર સાથે ધડાકાભેર અથડાયા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે બંને કિશોરોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. ટક્કરની તીવ્રતા એટલી હતી કે કારનો આગળનો ભાગ ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો અને એરબેગ પણ ખુલી ગઈ હતી, જ્યારે એક્ટિવાનો કચ્ચરઘાણ નિકળી ગયો હતો.

મૃતક હેમેન્દ્ર ગોંડલના સહજાનંદ નગરનો રહેવાસી અને ધોરણ-૬માં અભ્યાસ કરતો હતો, જ્યારે દર્શિત કોટડાસાંગાણીનો રહેવાસી અને ધોરણ-૧૦નો વિદ્યાર્થી હતો. બંને મામા-ફોઈના દીકરા હતા અને પરિવારમાં મોટા પુત્ર હતા. અકસ્માતના સમાચાર મળતા જ બંને પરિવારો પર દુ:ખનો પહાડ તૂટી પડ્યો હતો. ■

# ભાવનગરમાં સ્પાની આડમાં સેક્સ રેકેટ ચલાવતી મહિલા પાસા હેઠળ જેલભેગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાં સ્પા સેન્ટરની આડમાં ગેરકાયદે અને અનૈતિક દેહ વ્યાપારની પ્રવૃત્તિઓ ચલાવતા તત્વો સામે ભાવનગર જિલ્લા પોલીસે લાલ આંખ કરી છે. શહેરના નિલમબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્પાની આડમાં સેક્સ રેકેટ ચલાવતી એક મહિલા વિરૂદ્ધ ભાવનગર જિલ્લા કલેક્ટર અને મેજિસ્ટ્રેટ દ્વારા પાસા નું વોરંટ ઈસ્યુ કરવામાં આવતાં, પોલીસે ત્વરિત કાર્યવાહી કરી મહિલાની અટકાયત કરીને તેને ભુજની ખાસ જેલ ખાતે મોકલી આપી હતી.

મળતી વિગતો અનુસાર ભાવનગર શહેરના નિલમબાગ પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા ભાવનગર શહેરમાં સ્પાની આડમાં અનૈતિક દેહ વ્યાપાર ચલાવતી શબાનાબેન ફારૂકભાઇ થીમ( ઉ.વ. ૩૭, રહે. મફતનગર, મહંમદી મસ્જીદની પાસે, કુંભારવાડા, ભાવનગર; હાલ- શ્રીજી પાર્ટી પ્લોટ સામેના ખાંચામાં, પ્રદિપસિંહ જાડેજાના મકાનમાં ભાડેથી, શિવધારા સોસાયટી, ભાવનગર) વિરૂદ્ધ પાસા હેઠળ અટકાયત કરવા માટેની એક



વિસ્તૃત દરખાસ્ત તૈયાર કરીને જિલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલવામાં આવી હતી.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આ પાસા દરખાસ્તને ગંભીરતાથી લઈ તેને મંજૂરી આપી મહિલા વિરૂદ્ધ પાસા વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. વોરંટ મળતાં જ નિલમબાગ પોલીસે કાયદાકીય જોગવાઈઓ હેઠળ વોરંટની બજવણી કરી, આરોપી મહિલા શબાનાબેન થીમને કસ્ટડીમાં લઈ ગુજરાતની અલગ જેલ પૈકીની ’ખાસ જેલ, ભુજ’ ખાતે ધકેલી દીધી છે. પોલીસની આ કડક કાર્યવાહીથી સ્પાની આડમાં અનૈતિક ધંધા કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. ■

# ગાંધીધામમાં પ્રેમલગ્ન કરનાર પરિણીતાને પતિએ ઢોર માર મારી મોતને ઘાટ ઉતારી: ખેંચની બીમારીનું નાટક ખુલ્લું પડ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પરિવારની મરજી વિરુદ્ધ પ્રેમલગ્ન કરનારી એક યુવતીના કરુણ અંતની હૃદયકંપાવનારી ઘટના કચ્છના ગાંધીધામ શહેરના ભારતનગર વિસ્તારમાં બની હતી.

મૂળ નેપાળી પરિવારની સોનમ સુનાર નામની ૩૩ વર્ષીય પરિણીતાને તેના પતિ સુલતાન જુસબ સુમરાએ ઢોર માર મારી મોતને ઘાટ ઉતારી દીધી હોવાની ફરિયાદ ગાંધીધામ એ-ડિવિઝન પોલીસ મથકે નોંધાતા પોલીસે હત્યારા પતિને રાઉન્ડઅપ કર્યો હતો. વર્ષ ૨૦૧૧માં સોનમ સુનાર પોતાના પરિવારની મરજી વિરુદ્ધ ભારતનગરના સુલતાન સુમરા સાથે ભાગીને પરણી ગઈ હતી. દીકરીના આ પગલાથી આઘાતમાં આવી ગયેલો મહેનતકશ નેપાળી પરિવાર ગાંધીધામ છોડીને નેપાળ પરત જતો રહ્યો હતો. શરૂઆતના થોડા વર્ષો બાદ સુલતાને પોતાનું અસલી સ્વરૂપ બતાવવાનું શરૂ કર્યું હતું. તે સોનમ પર પરિવાર સાથે વાત કરવા અંગે પ્રતિબંધ મૂકી નાની-નાની વાતોમાં મારઝૂડ કરતો હતો.

શુક્રવારે સવારે ગાંધીધામ એ-ડિવિઝન પોલીસને ગુપ્ત બાતમી મળી હતી કે ભારતનગરમાં એક પરિણીતાનું શંકાસ્પદ સંજોગોમાં મોત થયું છે અને પરિવાર તેની અંતિમવિધિની તૈયારી કરી રહ્યો છે. પોલીસે તુરંત ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. હત્યારા પતિ સુલતાને પોલીસને ગેરમાર્ગે દોરવા માટે એવું બહાનું બનાવ્યું હતું કે સોનમને ખેંચની બીમારી હતી અને તે પડી જવાથી મૃત્યુ પામી છે.

સોનમના શરીર પર ચામડી ઉતરી ગઈ હોય તેવા ઢોર મારના અસંખ્ય નિશાન અને માથાના પાછળના ભાગેથી લોહી નીકળેલું હોવાથી પોલીસનો શંકા વધુ દ્રઢ બની હતી.

લાશને જામનગર મેડિકલ કોલેજ ખાતે ફોરેન્સિક ઓટોપ્સી માટે મોકલવામાં આવતા રિપોર્ટમાં સ્પષ્ટ થયું હતું કે, સોનમનું મોત ’મલ્ટિપલ ઈન્જરીઝ’ના કારણે થયું છે.

પોતાની લાડકી બહેનના મોતના સમાચાર મળતા જ દુબઈમાં લોન્ડ્રી વર્કર તરીકે કામ કરતો સોનમનો નાનો ભાઈ રાહુલ તાત્કાલિક ગાંધીધામ દોડી આવ્યો હતો. રાહુલે જણાવ્યું હતું કે પતિના ત્રાસના કારણે છેલ્લા ચાર વર્ષથી તેની બહેન સાથે કોઈ વાત થઈ શકી નહોતી.

રાહુલે પોતાની બહેનને ક્રૂરતાપૂર્વક માર મારી મોત નીપજાવવા બદલ સુલતાન જુસબ સુમરા વિરુદ્ધ ગુનો નોંધાવ્યો છે.પોલીસે આ મામલે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે. ■

# ભાવનગરમાં ₹ ૧૩.૦૬ લાખના મુદ્દામાલ સાથે બે બુટલેગર ઝડપાયા, બે લિટરની ૧૦૨ બ્રાન્ડેડ બોટલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે મોતી તળાવ વિસ્તારમાં વોચ ગોઠવીને સ્વીફ્ટ કાર અને અશોક લેલન ટ્રકમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૨ લીટરની કંપની સીલપેક કુલ ૧૦૨ બોટલો સહિત કુલ રૂપિયા ૧૩,૦૬,૫૪૫/- નો મુદ્દામાલ જપ્ત કરી બે શખ્સો ને ઝડપી લીધા હતા.

પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, અગાઉ દારૂના ગુનાઓમાં પકડાયેલો લિસ્ટેડ બુટલેગર કિશન મકવાણા (રહે. ખારી, તા. શિહોર) પોતાની સફેદ કલરની કાર દ્વારા પાયલોટિંગ કરી રહ્યો છે, અને તેની પાછળ ‘‘જય ભવાની‘‘ લખેલી અશોક લેલન ટ્રકમાં પરપ્રાંતિય ઇંગ્લીશ દારૂનો મોટો જથ્થો ભરીને વી.આઈ.પી. રોડ પર ભુરાણી પેટ્રોલ પંપ વાળા ખાંચા તરફ આવી રહ્યો છે.

આ બાતમીના આધારે એલ.સી.બી.ની ટીમે તુરંત વોચ ગોઠવી શંકાસ્પદ કાર અને ટ્રકને આંતરી લીધી હતી. વાહનોની તલાશી લેતા તેમાંથી મોંઘીદાટ બ્રાન્ડનો દારૂ મળી આવ્યો હતો, જેમાં સીગ્રામસ ઈમ્પીરીયલ બ્લ્યુની ૨ લીટરની ૩૧ બોટલ (કિંમત રૂ. ૪૬,૬૮૬/-), રોયલ ચેલેન્જ ફાયનેસ્ટ પ્રીમીયમ વ્હીસ્કીની ૪૪ બોટલ (કિંમત રૂ. ૮૦,૪૭૬/-) અને સીગ્રામસ રોયલ સ્ટેગ કલાસીક વ્હીસ્કીની ૨ લીટરની ૨૭ બોટલ (કિંમત રૂ. ૪૯,૩૮૩/-) મળી આવી હતી. પોલીસે રૂ. ૧.૭૬ લાખની કિંમતનો દારૂ, ૩ મોબાઈલ ફોન (કિંમત રૂ. ૩૦,૦૦૦/-), રૂ. ૮ લાખની ટ્રક અને રૂ. ૩ લાખની સ્વીફ્ટ કાર મળી કુલ રૂ. ૧૩,૦૬,૫૪૫/- નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

સ્થળ પરથી પોલીસે આરોપી કિશનભાઈ માડણભાઈ મકવાણા (ઉંમર ૨૮, રહે. ખારી ગામ, તા. શિહોર) અને સુનીલ લાભુભાઈ મકવાણા (ઉંમર ૨૫, રહે. ટાણા ગામ, તા. શિહોર)ની અટકાયત કરી છે.

પોલીસ રેકોર્ડ મુજબ, મુખ્ય આરોપી કિશન મકવાણા અગાઉ પણ શિહોર પોલીસ સ્ટેશન તેમજ અમદાવાદ ગ્રામ્યના ધોલેરા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળના ગુનાઓમાં ઝડપાઈ ચૂક્યો છે. આ મામલે ભાવનગરના બોરતળાવ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશનની અલગ-અલગ કલમો હેઠળ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ■

# ચોટિલામાં ખનન માફિયાઓ પર તવાઈ, બે લોડર અને ત્રણ ટ્રેક્ટર સહિત ₹ ૪૮ લાખનો મુદ્દામાલ જપ્ત

## ઝીરો ટોલરન્સ નીતિ હેઠળ ગેરકાયદે ખનન સામે અભિયાન સતત ચાલુ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલામાં ગેરકાયદેસર ખનન સામે તંત્રએ કડક કાર્યવાહી હાથ ધરી છે. તા. ૧૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ તંત્રએ ચોટીલા તાલુકાના નાવા ગામના કાળી ધાર વિસ્તારમાં આવેલા તળાવ તેમજ થાનગઢ તાલુકાના ગુગલીયાણા ગામના સરકારી વીડ વિસ્તારમાં ગેરકાયદેસર ખનન કરતા ઇસમો પર દરોડા પાડી કુલ રૂ. ૪૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

નાવા ગામ ખાતેની કાર્યવાહીમાં એક લોડર મશીન અને એક ટ્રેક્ટર સહિત રૂ. ૨૧ લાખનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો હતો. આ કેસમાં ખનન કરનાર તરીકે નાવા ગામના સરપંચ લાભુભાઈ દેવાભાઈ અઘારાનું નામ સામે આવ્યું છે. ઉપરાંત વાહન માલિકો તરીકે કનુભાઈ ખીમાભાઈ વાઘરોડિયા અને દેવાભાઈ ગાંડાભાઈ અઘારાના નામ નોંધાયા હતા.

જ્યારે થાનગઢ તાલુકાના ગુગલીયાણા ગામના સરકારી વીડ વિસ્તારમાંથી એક લોડર અને બે ટ્રેક્ટર સહિત રૂ. ૨૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ કેસમાં કાનાભાઈ બાથાભાઈ રાઠોડ તથા ડ્રાઇવર રામાભાઈ ભોપભાઈ રાઠોડ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

બંને સ્થળેથી જપ્ત કરાયેલ કુલ રૂ. ૪૮ લાખનો મુદ્દામાલ મામલતદાર કચેરી, ચોટીલા ખાતે ખસેડવામાં આવ્યો હતો. સંબંધિત વાહન માલિકો અને ગેરકાયદેસર ખનનમાં સંડોવાયેલા ઇસમો સામે ખનિજ નિયમોના ભંગ બદલ દંડાત્મક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ઉપરાંત લેન્ડ ગ્રેબિંગ કાયદા હેઠળ કાર્યવાહી, ગુજરાત પોલીસ અધિનિયમ મુજબ તડીપારની કાર્યવાહી તેમજ ભવિષ્યમાં ગેરકાયદેસર ખનન ન કરવાની જામીનગીરી લેવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી રહી છે.

નાયબ કલેક્ટર એચ.ટી. મકવાણાએ જણાવ્યું હતું કે રાજ્યની ખનિજ સંપત્તિ અને સરકારી જમીનનું રક્ષણ કરવું વહીવટી તંત્રની પ્રથમ જવાબદારી છે.

ગેરકાયદેસર ખનન કે ખનિજ ચોરી કોઈપણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહીં. આવા ગુનાઓમાં સંડોવાયેલા તત્વો સામે કાયદા મુજબ કડક અને દાખલારૂપ કાર્યવાહી ચાલુ રહેશે.

તેમણે વધુમાં જણાવ્યું કે આગામી સમયમાં પણ વહેલી સવાર, મોડી રાત્રે અને અચાનક ચેકિંગ દ્વારા ઝીરો ટોલરન્સ નીતિ હેઠળ ગેરકાયદેસર ખનન સામે અભિયાન સતત ચાલુ રહેશે. ■

# ઉનામાં ચાંદીપુરાનો શંકાસ્પદ કેસ, બાળકની સર ટી. હોસ્પિટલમાં સઘન સારવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ઉના: ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના સોંદરડી ગામમાંથી ચાંદીપુરા વાયરસનો શંકાસ્પદ કેસ બહારમાં આવતાં આરોગ્ય તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. ગામના ૫ વર્ષના બાળકમાં ચાંદીપુરા વાયરસ જેવા લક્ષણો જોવા મળતાં તેને ભાવનગરની સર ટી. હોસ્પિટલના પીડિયાટ્રિક વિભાગમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. બાળકને આઇસોલેશન વોર્ડમાં રાખી નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા સઘન સારવાર આપવામાં આવી રહી છે.

મળતી માહિતી મુજબ, બાળક છેલ્લા બે દિવસથી તાવ, ઉલટી, પેટમાં અસહ્ય દુખાવો અને બેભાન જેવી ગંભીર સ્થિતિમાંથી પસાર થઈ રહ્યું હતું. પ્રાથમિક સારવાર માટે તેને મહુવા હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જોકે તબિયત વધુ બગડતાં તેને તાત્કાલિક ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો.

તબીબોની ટીમ બાળકની સતત દેખરેખ હેઠળ સારવાર કરી રહી છે. ચાંદીપુરા વાયરસની પુષ્ટિ માટે જરૂરી નમૂનાઓ લેવામાં આવ્યા છે અને લેબોરેટરી તપાસ ચાલુ છે. તબીબોના જણાવ્યા મુજબ તપાસનો રિપોર્ટ આવ્યા બાદ જ બાળકને ચાંદીપુરા વાયરસ છે કે નહીં તે અંગે સ્પષ્ટતા થશે. હાલમાં આ કેસને માત્ર શંકાસ્પદ તરીકે જ ગણવામાં આવી રહ્યો છે.

આ અંગે ઉના તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. વિપુલ દુમાતરે જણાવ્યું હતું કે જિલ્લા આરોગ્ય કચેરી તરફથી માહિતી મળતાં જ બાળકના પરિવારનો સંપર્ક શરૂ કરવામાં આવ્યો છે. આવતી કાલે આરોગ્ય વિભાગની સર્વેલન્સ ટીમ સોંદરડી ગામે પહોંચશે. ટીમ દ્વારા ગામમાં આરોગ્ય સર્વે, જરૂરી નમૂનાઓ એકત્ર કરવાની કામગીરી, દવાનો છંટકાવ તેમજ ચાંદીપુરા વાયરસ અંગે જરૂરી સાવચેતીના પગલાં લેવામાં આવશે.

જિલ્લા આરોગ્ય વિભાગે લોકોને અફવાઓથી દૂર રહી સત્તાવાર માહિતી પર વિશ્વાસ રાખવા અને બાળકોમાં તાવ, ઉલટી, બેભાન થવું અથવા અન્ય ગંભીર લક્ષણો જણાય તો તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા અપીલ કરી હતી. ■

# ભચાઉમાં ઘરવખરીની આડમાં છુપાવીને લઈ જવાતો ₹ ૫.૭૬ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં બુટલેગરો દ્વારા દારૂ ઘુસાડવા માટે અવનવા કીમિયા અજમાવવામાં આવતા હોય છે, ત્યારે ભચાઉ પોલીસે આવા જ એક મુંબઈ કનેક્શન ધરાવતા કીમિયાને નાકામ કરી દીધો છે. પોલીસે સામખિયાળી હાઈવે પર ઘરવખરીના સામાનની આડમાં છુપાવીને લઈ જવાતો રૂા. ૫,૭૬,૬૦૦ની કિંમતનો વિદેશી શરાબનો જથ્થો પકડી પાડ્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, ભચાઉ સ્થાનિક પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે ખાનગી બાતમીદાર દ્વારા માહિતી મળી હતી કે, સામખિયાળી તરફથી આવી રહેલી એક જીપકારમાં ઘરવખરીના સામાન સાથે દારૂનો જથ્થો લઈ જવાઈ રહ્યો છે. બાતમીના આધારે પોલીસે રામદેવપીર હાઈવે પુલિયા પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ બંધ બોડીની પીકઅપ વાન આવતાં પોલીસે તેને અટકાવી હતી. વાહનની પાછળના ભાગે મારેલું તાળું ખોલાવી તપાસ કરતાં પ્રથમ દ્રષ્ટિએ સોફા, વોશિંગ મશીન, ફ્રિઝ, કુલર અને ગેસનો ખાલી સિલિન્ડર જેવો ઘરવખરીનો સામાન જોવા મળ્યો હતો. જો કે, પોલીસે ઊંડાણપૂર્વક તપાસ કરતાં આ સામાનની પાછળ છુપાવેલા ખાખી રંગના ૧૩ બોક્સ મળી આવ્યા હતા, ■

# દુષ્કાળની આહટ વચ્ચે કચ્છમાં પશુપાલકો માટે મોટી રાહત, માત્ર ₹ બે પ્રતિકિલોના દરે ઘાસનું વિતરણ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લામાં ચાલુ વર્ષે ઓછા વરસાદની ચિંતાજનક સ્થિતિને પગલે પશુપાલકોની મુશ્કેલીઓ નિવારવા ગુજરાત સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લાના નાના, સીમાંત અને જરૂરિયાતમંદ પશુપાલકોનું પશુધન સચવાઈ રહે તે માટે સરકારે રાહત દરે ઘાસચારો પૂરો પાડવાની વિશેષ યોજના મંજૂર કરી છે. આ વ્યવસ્થા હેઠળ પશુપાલકોને પશુ દીઠ દૈનિક ૪ કિલોગ્રામ ઘાસ માત્ર રૂા. ૨ પ્રતિ કિલોના રાહત દરે આપવામાં આવશે, જેનાથી પશુપાલકોના આર્થિક બોજમાં મોટો ઘટાડો થશે.

સરકારના આદેશ અનુસાર, આ યોજનાનો લાભ પશુપાલકો સુધી સમયસર અને કોઈપણ ક્ષતિ વિના પહોંચે તે સુનિશ્ચિત કરવા સ્થાનિક વહીવટી તંત્રને કડક સૂચના આપવામાં આવી છે. જિલ્લા કલેક્ટર અને પશુપાલન વિભાગને વિતરણ કેન્દ્રો પર પારદર્શક વ્યવસ્થા ગોઠવવા તાકીદ કરાઈ છે.

કચ્છ જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયાએ આ અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા વહીવટી તંત્રની દરખાસ્તને ગ્રાહ્ય રાખીને આ મંજૂરી આપી છે. હાલમાં વન વિભાગના વિવિધ ગોડાઉનો ખાતે ૨૮ લાખ કિલોગ્રામ ઘાસનો જથ્થો ઉપલબ્ધ છે, જેના વિતરણ માટે સુવ્યવસ્થિત આયોજન કરી લેવાયું છે. પશુપાલકોએ ઘાસ મેળવવા માટે જરૂરી આધાર-પુરાવા સાથે પોતાના ગામના તલાટીને અરજી કરવાની રહેશે. આ અરજીના આધારે સંબંધિત મામલતદાર દ્વારા પશુપાલકોને ’ઘાસકાર્ડ’ ઈસ્યૂ કરવામાં આવશે, જે દર્શાવીને પશુપાલકો નજીકના ગોડાઉન પરથી રાહતદરનું ઘાસ મેળવી શકશે. વહીવટી તંત્રના આ નિર્ણયથી વરસાદની ખેંચના કારણે ઘાસચારાની અછતનો સામનો કરી રહેલા પશુપાલકોને મોટી ચિંતામાંથી મુક્તિ મળી છે. ■

# ભુજ એરપોર્ટ રોડ પર અકસ્માતમાં મહિલાનું મોત, તંત્રની બેદરકારી સામે રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ : શહેરના એરપોર્ટ રોડ પર મોડી રાત્રે ભૂતનાથ મહાદેવ મંદિર સામે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. માર્ગ અને મકાન વિભાગ દ્વારા બનાવાયેલા નવા સ્પીડબ્રેકર પર સફેદ પટ્ટા ન હોવાથી મોટરસાઇકલ ઉછળીને સ્લીપ થઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં ૩૪ વર્ષીય મહિલા ફિરોઝા સમીર પીરાનીનું ગંભીર ઈજા થતાં મોત નીપજ્યું હતું, જ્યારે જય શૈલેશ જોષીને માથામાં ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે જી.કે. જનરલ હોસ્પિટલ ખસેડાયા હતા,જયારે મોટરસાઇકલ પર સવાર ૬ થી ૭ વર્ષના બાળકનો ચમત્કારિક બચાવ થયો હતો.

સ્થાનિકો અને અગ્રણીઓના આક્ષેપ અનુસાર, એરપોર્ટ રોડનું કામ શરૂ થયું છે ત્યારથી અત્યાર સુધીમાં અકસ્માતોને કારણે પાંચથી વધારે નિર્દોષ લોકો જીવ ગુમાવી ચૂક્યા છે. કોન્ટ્રાક્ટર દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરીને, સુપરવાઈઝરની ગેરહાજરીમાં અને કોઈપણ જાતના બેરિકેડ કે યોગ્ય ડાયવર્ઝન દર્શાવ્યા વિના આડેધડ કામ કરવામાં આવી રહ્યું છે. ટ્રાફિક પોલીસ અને એસ.પી. દ્વારા પણ અગાઉ કલેક્ટર સાથેની બેઠકમાં તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું હોવા છતાં કોઈ સુધારો કરાયો નથી. દુર્ઘટના બાદ તંત્રે પોતાની ભૂલ છુપાવવા માટે રાતોરાત સ્પીડબ્રેકર પર કલરના ડબ્બાથી નબળી ગુણવત્તાના પટ્ટા ચીતરી દીધા હતા, જેનો પણ ઉગ્ર વિરોધ કરાયો છે. હાલમાં ચાલતા કામની નબળી ગુણવત્તાને કારણે ચોમાસામાં રોડ બેસી જવાની ભીતિ સેવાઈ રહી છે. આ અંગે માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ પાસે લેખિત જવાબ માંગી તપાસ કરવાની માંગ કરાતા, કાર્યપાલક ઈજનેર અને સ્થાનિકો વચ્ચે બેઠક યોજવાની ખાતરી આપવામાં આવી છે. ■

# જામનગરમાં બસની અડફેટે ગૌવંશનું મોત, બસ ચાલક સામે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર: શહેરના વિક્ટોરિયા પુલ પર એક દુ:ખદ અકસ્માતમાં બસની અડફેટે આવતા ગૌવંશનું કરુણ મોત નીપજ્યું હતું. ગૌવંશના મોતથી પંથકમાં શોકની લાગણી વ્યાપી ગઇ છે.

અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા. બનાવને પગલે થોડા સમય માટે ટ્રાફિક પણ પ્રભાવિત થયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને પરિસ્થિતિને કાબૂમાં લઈને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસ બાદ પોલીસે બસ ચાલક સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હોવાનું જાણવા મળ્યું હતું. સમગ્ર ઘટનાને અંગે વધુ તપાસ ચાલી રહી છે. ■